





**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

## पूज्य पं लीलापत शर्मा



गुरु के सेनानी! तुमको निज सुख का कभी न मान हुआ,
गुरु से ऐसे जुड़े कि सारा जीवन ज्योर्तिमान हुआ।
हमको है विश्वास, कि तुम केवल विदेह, अशरीर हुए,
हिमगिरि–से निःसृत धारा थे, अब वाष्पीकृत नीर हुए,


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

ॐ ભૂર્ભુવઃ સ્વઃ તત્સવિતુર્વરેણ્યં ભર્ગોદેવસ્ય ધીમહિ ધિયો યોનઃ પ્રચોદયાત્

# યુગ શક્તિ ગાયત્રી

: સંસ્થાપક / સંરક્ષક :
વેદમૂર્તિ, તપોનિષ્ઠ યુગદ્દષ્ટા
પં. શ્રીરામ શર્મા આચાર્ય
અને
માતા ભગવતી દેવી શર્મા

: સંપાદક :
ડૉ. પ્રણવ પંડ્યા

: સહ સંપાદક :
ઘનશ્યામ પટેલ

: કાર્યાલય :
ગાયત્રી તપોભૂમિ,
મથુરા – ૨૮૧ ૦૦૩
: ટેલિફોન :
(૦૫૬૫) ૫૩૦૩૯૯, ૫૩૦૧૨૮

વાર્ષિક લવાજમ : ૫૫ રૂપિયા
આજીવન લવાજમ : ૭૦૦ રૂપિયા
વિદેશનું લવાજમ
વાર્ષિક ૧૦ પાઉન્ડ / ૧૫ ડૉલર
રૂા. ૬૦૦=૦૦
આજીવન : ૧૦૦ પાઉન્ડ/૧૫૦ ડૉલર
ભારતીય મુદ્રામાં રૂા. ૭૦૦૦-૦૦
વર્ષ - ૩૩ અંક - ૭
પ્રકાશન તિથિ ૨૫-૬-૨૦૦૨
જુલાઈ - ૨૦૦૨
એક અંક : રૂા. ૫-૦૦

## સમસ્યાઓનું નિરાકરણ આપણી અંદર છે

આ સંસારમાં કોઈ ખરાબી નથી, કોઈ પ્રતિકૂળતા નથી એવું કહી શકાય નહિ અને એવું પણ નથી કે બાહ્યજગતમાં જે બૂરાઈઓ તથા ત્રુટિઓ છે તેમને સુધારી કે બદલી ન શકાય. એ તો કરવું જ જોઈએ, પરંતુ સાથે સાથે એ પણ યાદ રાખવું જોઈએ કે સમગ્ર સંસારને સુધારવો કે આપણી ઈચ્છાનુકૂળ બનાવવો શક્ય નથી. આખી પૃથ્વી પર પથરાયેલા કાંટાને વીણી શકાય નહીં, પરંતુ પોતાના પગમાં જોડા પહેરી શકાય છે, જેથી કાંટાના પ્રભાવથી બચી શકાય. પોતે સુધરવું, પોતાના દૃષ્ટિકોણને શુદ્ધ કરવો તે જોડા પહેરીને કાંટાથી નિશ્ચિંત થવા બરાબર છે. બાહ્યજગતની બૂરાઈઓને સુધારવા માટે પોતાની ઉત્કૃષ્ટતા આવશ્યક છે. કીચડને કીચડથી નહીં, શુદ્ધ જળથી જ ધોઈ શકાય છે. ક્રોધને ક્રોધથી નહીં, શાંતિથી પરાસ્ત કરી શકાય છે. જો આપણે સ્વયં મલિન હોઈશું, બૂરાઈઓથી ખરડાયેલા હોઈશું તો બીજાઓને કેવી રીતે સુધારી શકીશું? જો અંતઃકરણમાં સમસ્યાઓનાં જાળાં ગૂંથાયેલાં હોય તો બહારની મૂંઝવણોનો ઉકેલ લાવવો કઈ રીતે શક્ય બનશે?

આ કોયડાઓને ઉકેલતાં આપણે એ ન ભૂલીએ કે મોટા ભાગની સમસ્યાઓનું સમાધાન આપણી અંદર જ રહેલું છે. પોતે સુધરવું, પોતાનું ઘડતર કરવું, પોતાની ઉન્નતિ કરવી એ જ એવો ઉપાય છે કે જેનાથી દુનિયા સુધરી શકે છે.

-ઋષિચિંતનના સાનિધ્યમાં ગ્રંથમાંથી



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# યોગ અંતર્યાત્રાનું જ્ઞાન-વિજ્ઞાન

યોગસાધકો માટે સૌથી પહેલાં સાધનાનાં પ્રવેશદ્વારની ઓળખાણ જરૂરી છે, કારણ કે આ જ મહત્ત્વપૂર્ણ સ્થળ છે, જ્યાંથી યોગ સાધનાની અંતર્યાત્રા શરૂ થાય છે. મહર્ષિ પતંજલિએ યોગસૂત્રમાં આ જ બાબતમાં ગૂઢ સંકેત આપ્યો છે. આ પ્રથમ સૂત્રમાં તેમણે યોગસાધનાની પૂર્વ તૈયારીઓ, સાધનામાં પ્રવેશ માટે આવશ્યક જરૂરિયાતો અને અનિવાર્ય બાબતોનું સૂત્રબદ્ધ વર્ણન કર્યું છે. સમાધિવાદ, સાધનાવાદ, વિભૂતિવાદ અને કૈવલ્યવાદ તથા ૧૯૪ સૂત્રોવાળા યોગદર્શનની આધારશિલાનું આ પહેલું સૂત્ર છે.

'અથ યોગાનુશાસનમ્' અર્થાત્ હવે યોગનું અનુશાસન. યોગ સૂત્રકાર મહર્ષિના એક-એક શબ્દને બરાબર રીતે સમજવાની જરૂર છે, કારણ કે મહાવૈજ્ઞાનિક પતંજલિ એક પણ શબ્દનો નિરર્થક ઉપયોગ કરતા નથી. આ સૂત્રમાં પહેલો શબ્દ છે 'અથ'. યોગસૂત્રની જ માફક અથ શબ્દ બ્રહ્મસૂત્રમાં પણ આવેલો છે. 'અથાતો બ્રહ્મજિજ્ઞાસા' આ જ પહેલું સૂત્ર છે, મહર્ષિ બાદરાયણ વ્યાસનું. આમાંથી 'અથ' શબ્દની સમજૂતી માટે આચાર્ય શંકર અને આચાર્ય રામાનુજે તેની લંબાણપૂર્વક સમજૂતીઓ આપી છે. બંનેની ખૂબ જ મતભિન્નતા છતાં, બંને આચાર્યો 'અથ'ના મહત્ત્વની બાબતમાં એકમત છે. જેઓએ સાચે જ સાધનામાં પ્રવેશ કરવો છે, તેઓએ સારી રીતે જાણી લેવું જોઈએ કે 'અથ'ને સમજ્યા પછી સાધકનું જીવન અર્થપૂર્ણ બને છે. 'અથ'ને સમજ્યા વગર તે પૂરી રીતે અર્થહીન રહી જાય છે.

'અથ' એટલે કે 'હવે'. હવે સાધકના જીવનમાં એવી પુણ્યદાયક ક્ષણ છે જે સમયે તેના હૃદયમાં ઉદ્ભવતી યોગસાધના માટે સાચી ચાહત તેના પોતાના ચરમ તત્ત્વને સ્પર્શી જાય છે. તેને મેળવવા માટેની ઈચ્છાઓની જવાળાઓનું તેજ તીવ્રમાં તીવ્ર થઈ ગયું હોય. તેની પાત્રતાની પરિપક્વતા દરેક કસોટીમાં સાચી સાબિત થઈ ચૂકી હોય. તેનું શિષ્યત્વ પૂર્ણપણે જાગૃત થઈ ગયું હોય. તેના પોકારમાં એવી તીવ્રતા અને ઉત્કંઠા આવી ગઈ હોય કે તેને મળવા માટે સદ્ગુરુ આકુળ-વ્યાકુળ, બેચેન બની જાય.

પરમપૂજ્ય ગુરુદેવના જીવનમાં 'અથ'ની પુણ્ય ક્ષણ ૧૫ વર્ષની ઉંમરમાં જ આવી ગઈ હતી. તેઓ પાછલા જન્મોથી જ પાત્રતા અને પવિત્રતાની દરેક કસોટીમાં સફળ હતા. શ્રીરામકૃષ્ણ પરમહંસ, સમર્થ સ્વામી રામદાસ, સંત કબીરના રૂપમાં તેમણે યોગસાધનાના સત્યને પૂરી રીતે આચરણમાં મૂકીને દર્શન કરાવ્યું હતું. પોતાના જીવનને અનુભૂતિઓના રસમાં ડૂબાડ્યું હતું, તેમ છતાં આ જન્મમાં પણ તેમને પોતાની પાત્રતા સાબિત કરવી પડી. એમની ભાષામાં આ વાત તેઓએ 'પીસેલા અનાજને પીસવાનું હતું', કહીને વ્યક્ત કરી હતી. એમની જાગૃત ચેતનાનો પોકાર એટલો બધો તીવ્ર થઈ ગયો હતો કે તેમના સદ્ગુરુ હિમાલયના અભેદ્ય ક્ષેત્રમાંથી દોડતા આવી પહોંચ્યા.

આ સત્ય જણાવતાં તેમણે પોતાની આત્મકથા ''અમારું વીલ અને વારસો''માં લખ્યું છે કે, ''અમારે ગુરુ માટે દોડાદોડી ન કરવી પડી. અમારા ગુરુદેવ તો જાતે જ અમારા સુધી દોડીને આવી ગયા.'' આ જ છે મહર્ષિ પતંજલિના યોગસૂત્રના પ્રથમ સૂત્રના પ્રથમ શબ્દને સમજી લેવાનો ચમત્કાર, 'અથ'ના રહસ્યને જાણી લેવાની અનુભૂતિ, એના પ્રયોગને સિદ્ધ કરી લેવાનું સત્ય. ગુરુદેવે પોતાના સાહિત્યમાં અનેક જગ્યાએ લખ્યું છે ઘણાં બધાં સ્થાનોએ પ્રવચનોમાં કહ્યું છે કે અમારી ઈચ્છા અમારા ગુરુનું ખિસ્સું કાપવાની નહોતી. અમે તો તેમને અમારું શિષ્યત્વ સમર્પિત કરવા માંગતા હતા. અમારી અંદર તો સાચા શિષ્ય બનવાની એક જ મનોકામના હતી. એક જ આકાંક્ષા હતી. અમે તો બસ અમારા ગુરુના જ બની જવા માંગતા હતા. અમારી તો બસ એક જ ઈચ્છા હતી, બસ એક જ



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

સંબંધ રહે, એક જ સંબંધ બચે - ગુરુ અને શિષ્યનો.

જો સાધક આશારહિત બની શકે, જો જીવન ભ્રમણાઓમાંથી છૂટી શકે, જો દેહના સ્થાને આત્માની તરસ જાગે, જેને પશ્ચિમના મેધાવાન દાર્શનિક કીર્કેગાર્દએ તીવ્ર વ્યથા કહી છે તે પેદા થઈ શકે, જો બધાં જ સ્વપ્ન ઓગળી ચૂક્યાં હોય અને ઊંઘ સારી રીતે ઊડી ગઈ હોય અને જો એવી ક્ષણ આવી હોય તો પતંજલિ કહે છે, ''હવે યોગનું અનુશાસન, ફક્ત હવે, તમે યોગના વિજ્ઞાનને, યોગના અનુશાસનને સમજી શકો છો.''

જો આવી ક્ષણ ન આવી હોય, તો તમે યોગશાસ્ત્રનો ગમે તેટલો અભ્યાસ કરો, મહાવિદ્યાલય-વિશ્વવિદ્યાલયના પ્રોફેસર બની જાઓ, લાંબા પ્રવચનો આપીને સાંભળનારાઓની તાળીઓનો આનંદ ઉઠાવતા રહો, પરંતુ યોગી નહીં બની શકો. યોગશાસ્ત્ર પર પી.એચ.ડી. કરી શકો છો, કરાવી શકો છો, પરંતુ ક્યારેય યોગી નહીં બની શકો. અથની પુણ્ય ક્ષણ હજુ તમારા માટે આવી નથી, કારણ કે આ રુચિ સાધકના પ્રાણમાંથી પેદા થયેલી ઈચ્છાના પ્રકાશથી ઘણી બધી દૂર એવા બૌદ્ધિક સ્તરની છે. ધ્યાન રાખો, જો અનુશાસન ન હોય, તો યોગ કશું જ નથી. યોગ કોઈ શાસ્ત્ર નથી, યોગ અનુશાસન છે. આ કાંઈક એવું છે, જે તમારે કરવાનું છે. આ કોઈ જિજ્ઞાસા નથી, આ દાર્શનિક ચિંતન પણ નથી. આ તે બધા કરતાં પણ કાંઈક ઊંડું છે. આ તો જીવન અને મૃત્યુનો સવાલ છે.

'અથ'ની પુણ્ય ક્ષણ એવા લોકોના જીવનમાં પણ આવતી નથી જેઓ યોગને સત્ય નહીં સિદ્ધિ સમજે છે. આવા લોકો એમ ઈચ્છતા હોય છે કે લૌકિક બાબતો ન મેળવી શક્યા તો અલૌકિક મેળવી લઈએ અથવા તો લૌકિક વૈભવ તો એકઠો કરી જ લીધો, હવે અલૌકિક પણ ભેગો કરી લઈએ. ધ્યાન રાખો, ચમત્કારોની ઈચ્છા રાખનારાઓ, ચમત્કારી બનવાની મહત્ત્વાકાંક્ષામાં રાચનારાઓ જાદુગર બની શકે છે, પરંતુ અથની પુણ્યદાયક પળ તો ત્યારે જ આવે છે, જ્યારે બધી જ દિશાઓ અસ્ત-વ્યસ્ત થઈ ગઈ હોય, બધા જ માર્ગો બંધ થઈ ગયા હોય. ભવિષ્યની કલ્પનાઓ, કામનાઓ બચી જ નથી. એની સારી રીતે પ્રતીતિ કરી શકાય. જ્યારે ઈચ્છાઓ, આશાઓ અને સ્વપ્નાંઓની બધી જ ગતિઓ સમાપ્ત થઈ ચૂકી હોય ત્યારે જો યોગનું અનુશાસન હવે ન આવે તો યોગનાં ગમે તેટલાં રહસ્ય લખવામાં આવે, છતાં તે વાંચીને પણ સમજી શકાય નહીં. 'અથ'નો એક જ અર્થ છે સાચું શિષ્યત્વ, સાચી પાત્રતા.

સાધકના જીવનમાં જો આવું 'અથ' આવી ચૂક્યું હોય, તો તેને યોગનું અનુશાસન બતાવનાર સદ્‌ગુરુ પણ મળશે. આધ્યાત્મિક જગતનું આ વૈજ્ઞાનિક સત્ય છે, સો ટકા સાચું અને કસોટી પર કસેલું સત્ય છે કે જે વ્યક્તિમાં શિષ્યત્વએ જન્મ લઈ લીધો છે, તેને સદ્‌ગુરુ મળ્યા વગર નહીં રહે અને શિષ્યત્વનું સમર્પણ કર્યા વગર જો સદ્‌ગુરુ મળી પણ ગયા હશે તો પણ કોઈ લાભ મળવાનો નથી. ઉજ્જડ જમીનમાં નાંખવામાં આવેલાં બીજ નકામાં જાય છે, તેથી કોઈપણ સમજદાર વ્યક્તિ બીજને આવી ઉજ્જડ જમીનમાં વાવતા પણ નથી. સાધકની આંતરિક સ્થિતિ ફળદ્રુપ છે, અંતર્ચેતના ગ્રહણ કરી શકે તેવી સ્થિતિમાં અને ઉપજાઉ બની ચૂકી છે, તો તેમાં યોગના બીજ વાવનારા સદ્‌ગુરુ પોતાની મેળે જ આવી જાય છે. તેમનો આવવાનો ઉદ્દેશ્ય એક જ છે, શિષ્યને યોગનું અનુશાસન શીખવવું.

અનુશાસનનો અર્થ છે, હોવાની ક્ષમતા, જાણવાની ક્ષમતા, શીખવાની ક્ષમતા. પરમપૂજ્ય ગુરુદેવની આ ત્રણેય ક્ષમતાઓને પારખીને જ એમના હિમાલયવાસી સદ્‌ગુરુએ એમને ૨૪ લાખના ૨૪ ગાયત્રી મહાપુરશ્ચરણોમાં પ્રવૃત્ત કર્યા હતા. ગુરુદેવના જીવનનું પહેલું સત્ય સમજવા માટે આપણે આ ત્રણેય ક્ષમતાઓનું રહસ્ય જાણવું પડશે. પતંજલિ કહે છે, જો તમે તમારું શરીર હલાવ્યા વગર મૌન રહીને થોડાક કલાક બેસી શકો, તો તમારી અંદર હોવાની ક્ષમતા વધી જાય છે. અત્યારે તો એવી સ્થિતિ છે કે એક કલાક પણ હલનચલન વગર બેસી શકાતું નથી. અત્યારે તો સમગ્ર અસ્તિત્વ એક કંપિત તાવગ્રસ્ત હલનચલન જેવું છે. હોવાનો અર્થ છે કાંઈ જ કર્યા વગર બસ


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

રોકાઈ જાઓ, કાંઈ પણ કર્યા વગર, કોઈ પણ ગતિ વગર, કોઈપણ હલનચલન વગર. એ હોવાની સ્થિતિ, જાણવાની ક્ષમતા વિકસિત કરે છે.

પંદર વર્ષની ઉંમરે કિશોરવયમાં દરરોજ છ કલાક એક આસન પર બેસીને નિયમિત ગાયત્રી જપ કરવાની પ્રવૃત્તિ, ગુરુદેવની 'હોવાની' ક્ષમતાનો પરિચય કરાવતી હતી. જ્યારે મન ગતિહીન બની જાય છે ત્યારે જાણવાની ક્ષમતા પેદા થાય છે. સાધક જ્યારે કેન્દ્રમાં સ્થિર થાય છે, ત્યારે જ તે જાણી શકે છે. અત્યારે તો મનોદશા એક ભીડ જેવી હોય છે. તેથી ગુર્જિએફે કહ્યું છે કે સામાન્ય વ્યક્તિ વાયદો કરી શકતી નથી, સંકલ્પ કરી શકતી નથી, કારણ કે આ બધા તો સાધકોના ગુણ છે, શિષ્યત્વનાં લક્ષણ છે.

ગુર્જિએફની પાસે લોકો આવતા અને કહેતા, કે હવે હું વ્રત લઈશ. તેમના શિષ્ય ઓસ્પેન્સકીએ લખ્યું છે કે આ સાંભળીને તેઓ જોરથી હસતા અને કહેતા, ''તમે કોઈ પ્રતિજ્ઞા લો તે પહેલાં બે વખત વિચારી લો, કે શું તમને પૂરેપૂરો વિશ્વાસ છે કે જે વાયદો કર્યો છે તે પછીની ક્ષણે પણ ટકી રહેશે ? તમે કાલથી સવારે ત્રણ વાગ્યે ઊઠવાનો નિર્ણય કરી લો છો અને ત્રણ વાગ્યે તમારી અંદર કોઈ કહે છે, ઝંઝટ ન કરશો, બહાર એટલી ઠંડી પડી રહી છે અને એવી ઉતાવળ પણ ક્યાં છે ? હું આ કાલે પણ કરી શકું છું એમ કહીને તમે પાછા સૂઈ જાવ છો. બીજા દિવસે બધો જ પસ્તાવો હોવા છતાં આ જ સ્થિતિનું પુનરાવર્તન થાય છે કારણ કે જેણે પ્રતિજ્ઞા કરી છે તે સવારે ત્રણ વાગ્યે ત્યાં હોતો જ નથી, તેની જગ્યાએ કોઈ બીજો જ આવીને બેસે છે. અનુશાસનનો અર્થ છે ભીડની આ અરાજક અવ્યવસ્થાને ખતમ કરીને કેન્દ્રીયકરણની લયબદ્ધતા ઉત્પન્ન કરવી અને ત્યારે જ જાણવાની ક્ષમતા આવે છે.''

સંકલ્પવાન વ્યક્તિ જ આત્મતત્ત્વને જાણી શકે છે. ગુરુદેવનું સમગ્ર જીવન આ જ સંકલ્પનું બીજું સ્વરૂપ હતું. તેમના સમગ્ર જીવન દરમિયાન અંતર્ચેતનામાં અતૂટ લયબદ્ધતા હતી. આ કારણે જ એમના ગુરુએ એમને જે અનુશાસન આપ્યું, તેનું ખૂબ પ્રસન્નતાપૂર્વક તેઓ પાલન કરતા રહ્યા. અનુશાસનને મળતો આવતો અંગ્રેજી શબ્દ છે, ડિસિપ્લિન. આ ડિસિપ્લિન શબ્દ ખૂબ સુંદર છે. તે મૂળ શબ્દ,'ડિસાઈપલ'માંથી આવ્યો છે. ડિસાઈપલ શબ્દ એ જ વ્યક્ત કરે છે કે અનુશાસન શિષ્યનો સાહજિક ધર્મ છે. કેન્દ્રસ્થ, લયબદ્ધ, સંકલ્પવાન વ્યક્તિ જ ગુરુએ આપેલ અનુશાસનને સ્વીકારી, શિરોધાર્ય કરી શકે છે. આવી જ વ્યક્તિની અંદર જાણવાની ક્ષમતા વિકસિત થાય છે.

સત્ય અને તત્ત્વથી અજાણ લોકો સંકલ્પવાન હોવાનો અર્થ હઠાગ્રહી હોવાનું સમજી લે છે, પરંતુ ના, અંતસ્‌માં, પોતાનામાં કેન્દ્રિત થવાની સાથે વિનમ્રતા, ગ્રહણશીલતા અને સદ્‌ગુરુની ચેતના તરફ ખુલ્લા થવાનું જરૂરી છે. જેઓ તૈયાર છે, સચેત છે, પ્રતીક્ષારત છે અને પ્રાર્થનામય છે તેઓમાં જ શીખવાની ક્ષમતા આવે છે. આ શીખવાનું ગુરુના સાંનિધ્યમાં થાય છે. સદ્‌ગુરુના હૃદયમાં પ્રગટેલી સત્યની જ્યોતિના સુંદર સ્પર્શથી જ શિષ્યના હૃદયની જ્યોતિ પ્રગટે છે. આ જ સત્સંગનો મતલબ છે. આમ તો સત્સંગ શબ્દ બહુ જ પ્રચલિત છે, પરંતુ તેનો અર્થ ઘણાં ઓછાં લોકોને ખબર છે. આ શબ્દનો પ્રયોગ લગભગ ખોટો જ કરવામાં આવે છે.

સત્સંગનો અર્થ છે - સત્યનું ગહન સાંન્નિધ્ય. એનો અર્થ છે, સત્યની નજીક હોવું, એ સદ્‌ગુરુના અનુશાસનમાં રહેવું જે સત્ય સાથે એકાત્મ છે. નિષ્કપટ બનીને, સ્વીકારવૃત્તિના ભાવથી અને પ્રતીક્ષારત બનીને સદ્‌ગુરુની નજીક રહેવું. જો સાધકની આ પ્રતીક્ષા ઊંડી અને સઘન બની જાય છે ત્યારે એક ઊંડું આત્મમિલન શક્ય બને છે. આ માટે જરૂરી નથી કે હંમેશાં જ ગુરુ સાથે શારીરિક નિકટતા હોય. પ.પૂ.ગુરુદેવના શબ્દોમાં, તેમને જીવનકાળ દરમિયાન ફક્ત ત્રણ વખત જ પોતાની ગુરુસત્તાને મળવાનું સૌભાગ્ય પ્રાપ્ત થયું, પરંતુ આત્મમિલન સતત, અવિરામ અને સતત હતું. વાસ્તવમાં ગુરુએ બતાવેલ અનુશાસનોમાં પોતાની ચેતના તરંગિત થાય છે. તે અનુશાસનોને સ્વીકારવા અને અપનાવવાનો અર્થ છે, તેમની ચેતનાને સ્વીકારવી અને અપનાવવી. 'અથ'ની ઘટના બનતાં જ, શિષ્યત્વ પ્રગટ થતાં જ સાધકને એક અલગ જ ભાષા સમજાવા માંડે છે. ત્યારે શારીરિક નિકટતા


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

પણ જરૂરી નથી કારણ કે નવી ભાષા છે જ અશારીરિક. શિષ્ય અને ગુરુનો સંપર્ક સ્થપાઈ જાય છે પછી બે વચ્ચેના અંતરથી ફરક પડતો નથી. ફક્ત સ્થાનનું અંતર જ નહીં, સમયના કારણે પણ ફરક પડતો નથી. ગુરુનું શરીર ન રહે છતાં પણ શિષ્યનો સંપર્ક ત્યારે પણ યથાવત્ રહે છે. ભૌતિક શરીરને ત્યાગી દેવા છતાં પણ ગુરુ-શિષ્ય ખૂબ આનંદથી મળતા રહે છે. એમના ભાવો અને વિચારોનું આદાન-પ્રદાન કોઈપણ પ્રકારની તકલીફ કે અવરોધ વગર ચાલ્યા કરે છે.

આ ચમત્કાર છે યોગના અનુશાસનનો. ગુરુ દ્વારા આપવામાં આવેલ વ્રતબંધનને શ્રદ્ધાપૂર્વક સ્વીકારવાથી શિષ્યના જીવનમાં અનેક ચમત્કારો બને છે. પ.પૂ.ગુરુદેવનું જીવન પોતે જ આ બાબતનું જીવતુજાગતું પ્રમાણ છે. કોઈ ગુરુ ક્યારેય પણ પોતાના શિષ્યથી દૂર થતા નથી કે મૃત્યુ પામતા નથી. જેઓ શ્રદ્ધાસહિત એમના અનુશાસનનો સ્વીકાર કરી શકે છે, તેમને તેઓ મદદ કરતા રહે છે. તે હંમેશાં અહીં જ શિષ્યની પાસે જ હોય છે. તેમનું સાચું નિવાસસ્થાન તો પોતાના શિષ્યનું હૃદય હોય છે. પ્રેમ, શ્રદ્ધા અને આસ્થા સ્થળ અને કાળ બંનેનું અસ્તિત્વ મિટાવી દે છે. અનુશાસન આપનાર ગુરુ અને પ્રાણની બાજી લગાવીને પણ ગુરુનું અનુશાસન માનનાર શિષ્ય બંને એકદમ પાસેપાસે હોય છે. તેઓની વચ્ચે હંમેશાં સત્સંગ ચાલતો જ રહે છે.

'અથ યોગાનુશાસનમ્'ના સૂત્રનો સાર એ જ છે કે શિષ્યત્વનો જન્મ અને સદ્ગુરુની પ્રાપ્તિ. શિષ્યત્વ અને સદ્ગુરુ જયારે મળે છે, ત્યારે યોગસાધનાનો પ્રારંભ થાય છે. અંતર્યાત્રાનું વિજ્ઞાન જન્મ લે છે. અસ્તિત્વમાં અનોખા પ્રયોગ શરૂ થાય છે. મહર્ષિ પતંજલિના આ પ્રથમ સૂત્રને જેઓ સમજી શકતા નથી તેઓ માટે યોગસાધનાનું પ્રવેશદ્વાર ક્યારેય ખૂલતું નથી. પ.પૂ. ગુરુદેવના જીવનમાં પણ આ દ્વાર આ જ રીતે ખૂલ્યું હતું. 'અથ' શબ્દની સમજણ અને યોગ અનુશાસનની સ્વીકાર્યતાએ જ તેમને મહાયોગી બનાવ્યા. પોતાના ખૂબ લાંબા સાધનામય જીવનનો નિષ્કર્ષ બતાવતાં એમણે લખ્યું છે કે, ''અધ્યાત્મ એક ઉચ્ચસ્તરીય વિજ્ઞાન છે, તેના પ્રયોગો માટે આપણે એક સાચા વૈજ્ઞાનિકની જેમ સત્યશોધક બનવું પડશે. અધ્યાત્મની ભાષામાં શિષ્યત્વ જ એનો પર્યાય અને કસોટી છે.''

આ પંક્તિઓ વાંચીને પોતાની યોગસાધનાનો પ્રારંભ કરવા માંગતા સાધકો માટે આ સૂત્રની યોગસાધનાના વ્યવહારુ મુદ્દાઓ નીચે પ્રમાણે છે. (૧) યોગ સિદ્ધિની પ્રાપ્તિ માટે નહીં પરંતુ સત્યની પ્રાપ્તિ માટે છે એ સમજણને આત્મસાત્ કરવી જોઈએ. (૨) 'અથની પુણ્યદાયક ક્ષણ' લાવવા માટે ગુરુદેવને હૃદયપૂર્વક સાદ પાડવો અને તેમની કૃપા માટે આહ્વાન કરવું. (૩) યોગના પ્રાથમિક અનુશાસનના રૂપમાં કોઈ સુખપ્રદ આસન (સુખાસન, પદ્માસન વગેરે) પર લાંબો સમય બેસીને ગાયત્રી મહામંત્રના જપનો અભ્યાસ કરવો. (૪) આ વિવેકભર્યા માર્ગનું અનુશાસનપૂર્વક પાલન કરવા છતાં પણ જો અત્યાર સુધી આપણને યોગની અનુભૂતિ ન થઈ શકી હોય, તો એનું એકમાત્ર કારણ એ છે કે પોતાની પાત્રતા હજુ પરિપક્વ થઈ નથી. તેને પરિપક્વ કરવાના પ્રયાસમાં પ્રાણની પરવા કર્યા વગર લાગી જવું જોઈએ.

આ બાબતમાં બીજું વધારે વ્યાવહારિક જ્ઞાન મેળવવા માટે શાંતિકુંજ પત્ર લખીને માર્ગદર્શન મેળવી શકાય છે. આ લેખમાળાનાં ભાવિ પાનાંઓમાં પણ જિજ્ઞાસુ સાધકો માટે સમાધાનદાયક સામગ્રી પ્રસ્તુત કરતા રહીશું. યોગ પોતે શું છે તે સારી રીતે જાણી લેવાથી તેની સાચી સાધના સાહજિક રીતે સંભવ છે. મહર્ષિ પતંજલિ પોતાના આગળના સૂત્રમાં યોગનું સત્ય બતાવે છે અને પ.પૂ.ગુરુદેવ તેને પોતાના જીવનમાં પ્રયોગ દ્વારા સિદ્ધ કરે છે. યોગ શું છે ? પોતાના જીવનમાં ગુરુદેવે તેનો કેવો અનુભવ કર્યો ? સાધનાના પ્રવેશદ્વાર પછી સાધકને પહેલી અનુભૂતિ શું થાય છે? આ બધા પ્રશ્નોના સચોટ ઉત્તર અખંડજ્યોતિના આગામી અંકોમાં પ્રસ્તુત થશે. તે વાંચીને 'યોગના સ્વરૂપનો બોધ' થવો નિશ્ચિત છે.



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

મંત્ર વિજ્ઞાન

# ગાયત્રી મહાશક્તિનો પ્રતાપ

ગામથી દૂર એકાંત વનમાં ગાયત્રીનું પ્રાચીન મંદિર હતું. ઘણું જૂનું હોવાના કારણે મંદિરની ભવ્યતા હવે પહેલાં જેવી રહી નહોતી. પરંતુ ગામના લોકોની ગાઢ શ્રદ્ધા તેની દિવ્યતાને દિવસે-દિવસે વધારી રહી હતી. ગામલોકોની આસ્થા હતી કે પોતાના આ મંદિરમાં ગાયત્રીમાતા એક અંશ રૂપે નહીં, પરંતુ સંપૂર્ણ રૂપે નિવાસ કરે છે અને ખરેખર એમ હતું પણ ખરું. મંદિરની આસપાસ એવી એક અલૌકિક શાંતિ ફેલાયેલી રહેતી હતી જેનો જરાક પણ સ્પર્શ ઉદ્વિગ્ન મનવાળી કોઈપણ વ્યક્તિને શાંત બનાવી દેતો હતો. અહીંના સૂક્ષ્મ વાતાવરણમાં ગાયત્રી મહામંત્ર હંમેશાં સ્પંદિત થતો રહેતો હતો. નવરાત્રિમાં તો અહીં જાણે કોઈક અલૌકિક જગત ઊતરી આવતું હતું. ગામના લોકો અહીં સવાર-સાંજ પોતાનું અનુષ્ઠાન સામૂહિક રીતે સંપન્ન કરતા હતા. તો વળી રાત્રે માનો મહિમા ગાતા હતા.

ગીતો ગાવાની જવાબદારી કીર્તનલાલ પર હતી. કીર્તનલાલ અત્યંજ જાતિનો હતો, પરંતુ પોતાની શ્રદ્ધા અને સાધનાના પ્રતાપે તે સંગીતમાં કુશળ હતો. આજુબાજુના ગામમાં રહેતા રૂઢિવાદી બ્રાહ્મણોનો વિરોધ હોવા છતાં પણ પંડિત ગાયત્રીશરણે તેને ગાયત્રી મહામંત્રની દીક્ષા આપી હતી. ત્યારથી જ નિયમિત ગાયત્રી જપ તથા નવરાત્રિના નવ દિવસોમાં ૨૪,૦૦૦ ગાયત્રી મહામંત્રના જપનું લઘુ અનુષ્ઠાન કરવાનો તેનો નિયમ બની ગયો હતો. વર્ષમાં બંને નવરાત્રિના દિવસો તેના વિશેષ તપના દિવસો હતા. તે દરમિયાન તે એક સમય અસ્વાદ ભોજન કરીને દિવસ દરમિયાન જપ કરતો તથા રાત્રે માના મહિમાનું ગાન કરતો હતો. પોતાના અને કુટુંબીજનોના ભરણપોષણ માટે તેની પાસે થોડીક જમીન હતી, તેનાથી સરેરાશ ભારતીય સ્તરનો જીવનનિર્વાહ થઈ જતો હતો.

મા ગાયત્રીના મહિમા સંબંધી અનેક ગીતો તેની સ્વરલહરીમાં ગાંધાર, ષડજ, ધૈવત સ્વરમાં ગૂંજતાં હતાં. નવરાત્રિમાં થોડીક ઊંઘ પૂરતી થઈ જતી હતી. જાતજાતનાં ભક્તિગીતો ગાવામાં તેને એટલો આનંદ આવતો હતો કે તન અને મન બંનેનો થાક ઘણો દૂર જ રહેતો. બસ, આ પ્રમાણેની તેની જીવનયાત્રા લાંબા સમયથી ચાલી રહી હતી.

તે દિવસે ચૈત્ર માસના શુકલપક્ષની નવમી તિથિ હતી, આજે રાત્રે તેને માના મહિમાની સાથે મર્યાદા પુરુષોત્તમ રામનાં પણ ભક્તિગીત ગાવાં હતાં. એક સાથે બેવડી ખુશી હતી. સમસ્ત જડચેતનને જન્મ આપનારી આદ્યશક્તિ મા ગાયત્રી અને તેના જેવા શુદ્રો કેવટ અને શબરીને અપનાવનારા પ્રભુ શ્રીરામ. કલ્પનામાં જ તેનું મન ભાવ-વિભોર થઈ ગયું. તે સંગીતકાર ભક્તિભાવથી પ્રેરાઈને ગામથી દૂર આવેલા મહાવનમાં ફૂલો ચૂંટવા માટે પહોંચી ગયો. રાત્રિનો અંધકાર છવાઈ રહ્યો હતો. આ અંધકારમાં એક મહારાક્ષસ તેનો રસ્તો રોકીને ઊભો રહી ગયો અને તેને ખાવા માટે આતુર થઈ ગયો.

અટ્ટહાસ્ય કરીને પકડી લેતાં રાક્ષસે કહ્યું કે આજે તું જ મારો ખોરાક બનીશ. તે એકદમ કંપી ઊઠ્યો. ગભરાતા હૃદયે તેણે રાક્ષસને કહ્યું કે ભગવાન ! આજે તમે મને ન ખાશો, કાલે સવારે મને ખાઈને આપની ભૂખ શાંત કરજો. કીર્તનલાલે વિચાર્યું કે આની પાસેથી છૂટવું સહેલું નથી, પરંતુ અનુષ્ઠાન પૂરું થયા પછી પ્રાણ જાય તે બરાબર રહેશે. આ ચિંતામાં મગ્ન હોવાથી તેણે ફરી એક વખત બ્રહ્મરાક્ષસને કહ્યું કે તમે મારા ઉપર વિશ્વાસ રાખો. હું માતા ગાયત્રીનો ભક્ત છું, પ્રભુ શ્રીરામ પ્રત્યે મારી શ્રદ્ધા છે. હું સાચું કહું છું મારું સમગ્ર અસ્તિત્વ સત્ય પર આધારિત છે. એ જ સત્યના આધારે હું ફરીથી આવવાના શપથ લઉં છું. જો હું તમારી પાસે ન આવું, તો મારું અનુષ્ઠાન નિષ્ફળ જાય. સૂર્ય, ચંદ્રમા, પાંચ તત્ત્વો, દિવસ-રાત, યમ તથા બંને સંધ્યાઓ ક્ષણે ક્ષણ મનુષ્યોની ક્રિયાઓને જાણતા હોય છે. હે બ્રહ્મરાક્ષસ ! આથી વધુ કેવા શપથ હું લઉં? મારી સાધનાની અંતિમ રાત્રિમાં તું વિઘ્ન ન નાંખ. માની મહિમાનું ગાન કરીને હું મંદિરમાં જ હવન કરીશ અને પછી ઘેર ન જતાં તારી પાસે જ આહાર બનવા આવી


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

જઈશ.

તેની વાતોથી બ્રહ્મરાક્ષસને ભારે આશ્ચર્ય થયું. આ ગાયત્રીભક્તની આગ્રહ ભરેલી વિશ્વસનીય વાત સાંભળીને તે દ્રવિત થઈ ગયો.

જા, સત્યની પ્રતિજ્ઞાનું ધ્યાન રાખજે. હું આખી રાત તારી પ્રતીક્ષા કરીશ.

બ્રહ્મરાક્ષસની પકડમાંથી છૂટતાં જ તે મંદિર તરફ ભાગ્યો અને પૂજારીને ફૂલ આપ્યાં. પૂજારીએ પૂજન કર્યું પછી કીર્તનલાલ ફરી એક વખત સંગીતમય સંસારમાં ડૂબી ગયો. માનો મહિમા અને શ્રીરામ ભક્તિના મધુર ગીતોનું ગાન કરતાં કરતાં એણે સંપૂર્ણ રાત્રિ પસાર કરી. ભક્તિસંગીતની સ્વર-લહેરીઓથી આખો વનપ્રદેશ, અતીંદ્રિય લોકમાં જઈ પહોંચ્યો. બ્રહ્મમુહૂર્તનો સ્પર્શ થતાં જ તેણે મા ગાયત્રીને સાષ્ટાંગ પ્રણામ કર્યાં. નિત્યક્રિયાઓ પરવારીને પોતાના અનુષ્ઠાનની પૂર્ણાહુતિનો હવન કર્યો અને પછી પોતે આપેલું વચન પાળવા માટે, જયાં બહેડાના વૃક્ષમાં બ્રહ્મરાક્ષસ છુપાઈને બેઠો હતો એ દિશામાં ચાલી નીકળ્યો.

રાત્રિ જાગરણની ભક્તિમય સ્મૃતિઓને વાગોળતો વાગોળતો તે અત્યારે પણ મંદ સ્વરોમાં ગાયત્રી મહામંત્ર જ ગણગણતો આગળ વધી રહ્યો હતો. વચ્ચે વચ્ચે તે રામધુન પણ ગણગણી લેતો હતો. સમગ્ર વાયુમંડળમાં એકાંત સંગીતની મધુર લહેરો અત્યારે પણ છવાયેલી હતી, તેમાં જ તેનો માર્ગ રોકીને કોઈક અપરિચિત વ્યક્તિએ તેને પૂછ્યું કે ભદ્ર ! તું ગામના માર્ગથી દૂર આ ભયાનક જંગલમાં કોની પાસે જઈ રહ્યો છે ?

હું સત્યની પ્રતિજ્ઞા પૂર્ણ કરીને પોતાના દેહદાન માટે બ્રહ્મરાક્ષસ પાસે જઈ રહ્યો છું.

કેવું મૂર્ખતાભર્યું કૃત્ય કરવા તું જઈ રહયો છે? તે અપરિચિત વ્યક્તિએ તેને સમજાવવાનો પ્રયત્ન કર્યો.

શું તને એટલી પણ ખબર નથી કે પ્રાણસંકટ અને સર્વસ્વ અપહરણ સમયે ખોટું બોલવામાં પાપ નથી લાગતું ? તું શા માટે તારો પ્રાણ ગુમાવવા માંગે છે. અરે ! જયારે આ શરીર જ નહીં રહે, તો પોતાના જીવનની બાકી ધર્મ-સાધનાઓ કેવી રીતે પૂરી કરીશ ? રસ્તામાં મળેલ પેલી વ્યક્તિએ ફરીથી કહ્યું.

આવી સલાહ બદલ તમારું કલ્યાણ થાઓ, પરંતુ તમારે એ ન ભૂલવું જોઈએ કે ત્રણેય લોકોમાં હંમેશાં સત્યનો જ જય થાય છે. સૃષ્ટિમાં જે કાંઈ સુખ છે, તે સત્યથી જ પ્રાપ્ત થાય છે. સત્યથી જ સૂર્ય પ્રકાશવાન છે, સત્યથી જ જળ રસરૂપ બને છે. સત્યથી જ ધર્મ, અર્થ, કામ અને મોક્ષની પણ પ્રાપ્તિ થાય છે. માતા ગાયત્રી સત્યસ્વરૂપ છે, જેનાં ભક્તિગીતોનું રાત્રે મેં કીર્તન કર્યું છે. તે ભગવાન શ્રીરામ પણ સત્યની પ્રતિજ્ઞા પાલન કરનારા હતા. બધા જ લોકોમાં સત્ય જ પરબ્રહ્મ છે. આથી કોઈપણ રીતે સત્યનો ત્યાગ કરવો ઉચિત નથી. આમ કહીને કીર્તનલાલ બ્રહ્મરાક્ષસના નિવાસની દિશામાં ચાલી નીકળ્યો.

અરે ! તું સામે ચાલીને મૃત્યુના બારણે આવી પહોંચ્યો. બ્રહ્મરાક્ષસ વિસ્મયથી કંપી ઊઠ્યો. રૂંધાઈ ગયેલા કંઠે અસ્પષ્ટ શબ્દોમાં તે જેમતેમ કરીને પોતાની વાત કહેવાનો પ્રયત્ન કરી રહ્યો હતો. મહાભાગ ! મને વિશ્વાસ નથી આવતો કે સત્ય વચનને પૂર્ણ કરવામાં સમર્થ એવો તું આટલો મહાન સત્યપૂર્ણ આત્મા છે. બ્રહ્મતેજથી પ્રકાશિત વ્યક્તિ સિવાય બીજા કોઈમાં આટલું સાહસ ન હોઈ શકે. કલ્યાણમય, મહેરબાની કરીને તું મને એ તો બતાવ કે તું કોણ છે અને રાત્રે મંદિરે જઈને તે શું કર્યું ? શા માટે તું રાત્રે રોકાઈ શક્યો નહોતો ?

સાંભળ ભાઈ, જાતિથી હું શુદ્ર છું, શૂદ્રોમાં પણ અતિશય હલકી કક્ષાનો હરિજન છું, પરંતુ ગાયત્રી મહામંત્રના જપ-અનુષ્ઠાનના પ્રભાવથી મારી અંતર્ચેતના બ્રહ્મતેજથી પ્રકાશમાન થઈ શકી છે. ગઈરાત્રે હું મંદિરમાં માતા ગાયત્રીનો મહિમા ગાતો હતો. ગઈકાલે શ્રી રામનવમી પણ હતી તેથી મેં પ્રભુનાં ગીતો પણ ગાયાં. તત્ત્વની દૃષ્ટિથી મને એ જ્ઞાન છે કે આદ્યશક્તિ ગાયત્રી માતા જ પોતાના અંશ વડે શ્રીરામ પ્રભુમાં અવતરિત થઈ અને તેમણે પોતાની અવતાર લીલા પૂરી કરી.

કીર્તનલાલની આ વાતોથી બ્રહ્મરાક્ષસ વિચારમાં પડી ગયો. તેણે વિચાર્યું. નક્કી આ વ્યક્તિની સાધનામાં કોઈ રહસ્યપૂર્ણ ચમત્કાર છે. પોતાના મનમાં આવો વિચાર કરતાં તેણે તે ગાયત્રીભક્તને કહ્યું,



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

કલ્યાણમય ! તું પોતાની નવરાત્રિ સાધનાના માત્ર એક દિવસ અને એક રાતનું પુણ્ય મને આપી દે, તો હું તને છોડી દઇશ, નહીં તો તને ખાઇને જ સંતોષ લઇશ.

અરે રાક્ષસ ! કેવી મૂર્ખતાભરેલી વાતો કરી રહ્યો છે? અત્યારે હું જાતે જ તારા માટે ભોજનપદાર્થ બનીને આવી ગયો છું. તું મને સ્વેચ્છાથી કેમ ખાતો નથી ?

બ્રહ્મરાક્ષસનું આશ્ચર્ય વધી ગયું. તે વિચારવા લાગ્યો કે નક્કી આ પુણ્યાત્મા છે. આ વ્યક્તિને જીવન આપવામાં મને પણ પુણ્ય મળશે. આમ વિચારી તે બોલ્યો, કેવી વાત કરે છે ભદ્ર ? કોણ મૂર્ખ, દુષ્ટ બુદ્ધિવાળો તને દુઃખ આપવા માટે તારી તરફ નજર પણ નાંખી શકે છે ? તું તો પોતાની સાધના દ્વારા જાતે જ સુરક્ષિત છે. હે મહાભાગ ! જો તું તારી સાધનાના એક દિવસ અને એક રાતનું પુણ્ય આપવા ન માંગતો હોય તો કાંઈ નહિ. રાત્રિના અંતિમ પ્રહરમાં માતા ગાયત્રીના મહિમાનું તેં જે અંતિમ ગીત ગાયું હોય, ફક્ત તેનું જ પુણ્ય આપીને મને પાપમાંથી બચાવ. બ્રહ્મરાક્ષસ ફરીથી કાકલૂદીભર્યા સ્વરમાં કહેવા લાગ્યો.

કેવાં પાપ ? કેવાં દુષ્કર્મ ? કયા કારણથી તું બ્રહ્મરાક્ષસ થયો છે ? ગાયત્રીભક્ત કીર્તનલાલે પૂછ્યું.

હું આગલા જન્મમાં બ્રાહ્મણ હતો. પરંતુ ફક્ત જાતિથી મારાં કર્મ તો ક્યારેય બ્રાહ્મણનાં ન હતાં. ફક્ત બ્રાહ્મણ જાતિના દંભને કારણે હું ફૂલાઈને, અક્કડ થઈને, ઘમંડમાં ફરતો હતો. મને પોતાને ગાયત્રી સાધનામાં કોઈ રુચિ ન હતી, પરંતુ પોતાની જાતિના અંહકારમાં હું બીજા ગાયત્રી સાધકોની નિંદા કરતો ફરતો હતો. મારા જ ગામમાં એક બીજા તપસ્વી રહેતા હતા, જે જાતિ અને કર્મ બંનેય રીતે બ્રાહ્મણ હતા. તેમનામાં પોતે ઉચ્ચકોટિના ભાવના પણ હતી. તેઓ તો બરાબર જ કહેતા હતા કે માતા ગાયત્રી તો આદિ જનની છે, સમસ્ત સૃષ્ટિ તેમનું સંતાન છે. ગાયત્રી મહામંત્ર પર દરેક મનુષ્યનો અધિકાર છે. આ સત્ય તેમની વાતમાં જ નહીં, આચરણમાં પણ દેખાતું હતું. તેમણે શુદ્રો હરિજનોને પણ ગાયત્રી દીક્ષા આપી.

તેઓના તપના પ્રભાવથી શૂદ્રો અને હરિજનો પણ ગાયત્રી સાધક અને તપસ્વી બની ગયા. પરંતુ હું પોતાના અહંકારને વશીભૂત થઇને હંમેશાં તેમની નિંદા કર્યા કરતો હતો. તેઓને અપમાનિત કરવાની એક પણ તક ચૂકતો ન હતો. તેમનો તિરસ્કાર કરવો એ જ મારા પોતાના જીવનનું લક્ષ્ય બની ગયું. જો કે તે હંમેશાં પોતાનો પ્રેમ મને આપતા રહ્યા. પરંતુ વિધાતા તો ન્યાયકારક છે. સૃષ્ટિ તો નિયંતાના કર્મફળ વિધાનથી સંચાલિત છે. મને મારા કર્મનું ફળ તો મળવાનું જ હતું. મારા જ કર્મદોષને કારણે મારે બ્રહ્મરાક્ષસ બનવું પડ્યું. આ યોનિમાં મને ખૂબ પીડા થઈ રહી છે. બ્રહ્મરાક્ષસની પીડા સાચે જ તેના પૂરેપૂરા અસ્તિત્વમાં છલકાઈ ગઈ.

કીર્તનલાલ તેનાથી દુઃખી થયા વગર ન રહી શક્યા. તેણે દ્રવિત હૃદયે કહ્યું કે હું તને ભક્તિગીતનું પુણ્ય આપી શકું છું, પરંતુ તારે પણ તારા સત્યવચનનું પાલન કરવું પડશે. બ્રહ્મરાક્ષસને ઉતાવળ હતી. તેણે કહ્યું કે, કહો જલદી કહો, એવું કયું કાર્ય છે જેને પૂર્ણ કરીને હું આ યોનિમાંથી મુક્તિ મેળવી શકીશ. વ્યાકુળ બ્રહ્મરાક્ષસ ભક્ત કીર્તનલાલની નજીક પ્રણામના ભાવથી ઊભો હતો.

જો તું પ્રાણીઓને આ રીતે મારીને ખાવાનું બંધ કરી દે તો હું તને મારા ગાયત્રીગાનનું પુણ્ય આપી શકું છું. કીર્તનલાલે કહ્યું.

''તારા આચરણે, તારી સત્યનિષ્ઠાએ તો મારી આંખો ખોલી નાંખી છે. આ સંસારમાં મનુષ્ય દુષ્ટ પ્રવૃત્તિનો ત્યાગ કરીને જ મનુષ્યજીવનનું શ્રેષ્ઠતમ સ્વરૂપ મેળવી શકે છે. હવેથી હું પ્રાણી હિંસા ક્યારેય નહીં કરું.'' બ્રહ્મરાક્ષસે કહ્યું.

તથાસ્તુ કહીને તે પરમભક્તે પોતાના રાત્રિભજનના અંતિમ ભક્તિસંગીતનું પુણ્ય તેને આપવાનો સંકલ્પ કર્યો અને આદ્યશક્તિ માતા ગાયત્રીને તેના કલ્યાણ માટે પ્રાર્થના કરી.

તે હિંસક બ્રહ્મરાક્ષસ તો કીર્તનલાલના ચરણોમાં નમી પડ્યો. ભક્તિગીતનું પુણ્યગ્રહણ કરીને તે માતા ગાયત્રીના મંદિરમાં જઈ પહોંચ્યો. આ મંદિર તો જાગૃત તીર્થ હતું. તેણે આ મંદિરમાં ગાયત્રી માતાની સામે જ અન્નજળનો ત્યાગ કરીને શરીર છોડી દીધું. ભક્તિગીત અને મા ગાયત્રીના પ્રભાવથી તેણે બ્રહ્મલોકમાં સ્થાન મેળવ્યું.


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# સત્કાર્યોને વધાવવામાં આવે

જે કાર્ય કરવાથી પ્રતિષ્ઠા મળે છે, પ્રશંસા થાય છે, તે કામ કરવા માટે, તે માર્ગ પર ચાલવા માટે લોકોને પ્રોત્સાહન મળે છે. આપણે પ્રશંસા અને નિંદા કરવામાં, સમ્માન અને તિરસ્કાર કરવામાં, થોડી સાવધાની રાખીએ તો લોકોને કુમાર્ગ પર ન ચાલવાની અને સન્માર્ગ અપનાવવાની પ્રેરણા કંઈક અંશે આપી શકીએ. જેમણે વિશેષ સફળતા, યોગ્યતા, સંપત્તિ અને વિભૂતિ એકત્રિત કર્યાં હોય ઘણું કરીને તેમની જ પ્રશંસા કરવામાં આવે છે. 'ચમત્કારને નમસ્કાર' કરવાની ખોટી પરંપરા આપણા સમાજમાં પ્રચલિત છે. વિભૂતિને લોકો સુખ-સુવિધા માટે જ એકત્રિત કરતા નથી, પરંતુ પ્રતિષ્ઠા પ્રાપ્ત કરવી એ પણ તેનો એક ઉદ્દેશ છે.

ધનવૈભવશાળીઓને સમાજમાં પ્રતિષ્ઠા મળે છે, તો માન-સન્માનનો ભૂખ્યો મનુષ્ય કોઈપણ કિંમતે તે પ્રાપ્ત કરવા તડપે છે. અનીતિ અને અપરાધો વધવાનું એક મુખ્ય કારણ એ છે કે અંધ જનતા દરેક નિષ્ફળતાને તિરસ્કારની દૃષ્ટિએ જુએ છે અને સફળતાની પ્રશંસા કરે છે. ધન પ્રત્યે, ધનવાન પ્રત્યે આદર-બુદ્ધિ ત્યારે જ રહેવાં જોઈએ, જ્યારે તે નીતિ અને સદાચારપૂર્વક કમાયેલાં હોય. જો આપણે અધર્મ અને અનીતિથી પેદા કરેલા ધન દ્વારા, ધનવાન બનેલ વ્યક્તિ પ્રત્યે આદર-બુદ્ધિ ધરાવીએ, તો તેનાથી તે પ્રકારના અપરાધો કરવાની પ્રવૃત્તિને પ્રોત્સાહન મળે છે અને આ દૃષ્ટિએ તે અપરાધની વૃદ્ધિમાં આદર કરનાર માણસો પણ ભાગીદાર બને છે.

લોકોની દૃષ્ટિમાં તો સફળતાનું મૂલ્ય જ વધારે છે. જે સફળ નીવડ્યો તેની જ પ્રશંસા કરવામાં આવે છે. જોનાર વ્યક્તિ એ નથી જોતી કે સફળતા નીતિપૂર્વક મેળવવામાં આવી છે કે અનીતિપૂર્વક. ધન કમાવામાં અમુક વ્યક્તિ કેટલું અસત્ય બોલી, તેણે કેટલી ભેળસેળ કરી, કેટલા ગરીબોના પેટ પર પાટુ માર્યું, ઓછી મજૂરી આપી, ઓછો તોલ કર્યો, દૂધમાં પાણી અને ઘીમાં વેજીટેબલ ભેળવ્યું, આ બધું કોઈ જોતું નથી. પરંતુ આજે તેણે પૈસા ભેગા કરી લીધા છે એટલે આજ લોકો તેની સફળતાને માથું નમાવે છે અને તેની પ્રશંસા કરે છે. સમાજની આ અંધ પ્રવૃત્તિ જ બુરાઈઓને પ્રોત્સાહિત કરે છે અને તેનાથી અનૈતિક તત્ત્વોની અભિવૃદ્ધિ, વિકાસ અને પ્રસાર થાય છે. બૂરાઈઓ દ્વારા મેળવવામાં આવેલી સફળતાના પ્રશંસકોએ એ જાણવું જોઈએ કે તેઓ પોતે પણ કાં તો તેના શિકાર છે કે પછી શિકાર બની શકે છે. પછી શું કામ સફળતાને બદલે નીતિની પ્રશંસા ન કરવી. જેથી યોગ્યતાની તુલનામાં સદાચારની પ્રતિષ્ઠા થાય. સફળતાની તુલનામાં નીતિ શ્રેષ્ઠ છે. પોતાની જાતને પણ જો નીતિને માર્ગે ચાલતાં ચાલતાં પરિસ્થિતિને વશ નિષ્ફળતા મળે તો તે પણ ઓછા ગૌરવની વાત નથી. સફળતા ન મળવાથી ભૌતિક જીવનના ઉત્કર્ષમાં થોડી અસુવિધા ઊભી થઈ શકે છે, પરંતુ નીતિનો ત્યાગ કરી દેવાથી તો લોક-પરલોક, આત્મસંતોષ, ચરિત્ર, ધર્મ-કર્તવ્ય અને લોકહિત બધું જ નાશ પામે છે. અનીતિથી પ્રાપ્ત સફળતા અંતે મનુષ્યના પતનનું જ કારણ બને છે. કુકર્મીનાં કુકર્મોનો જ્યારે ભાંડો ફૂટે છે તો કોઈ સાથ આપતું નથી. રાવણ, કંસ અને દુર્યોધને અધર્મપૂર્વક મોટી મોટી સફળતાઓ મેળવી હતી, પરંતુ તે બધી અંતે તેમના સર્વનાશનું કારણ સિદ્ધ થઈ.

શિવાજી, રાણા પ્રતાપ, બંદા વૈરાગી, ગુરુ ગોવિંદસિંહ, લક્ષ્મીબાઈ, સુભાષચન્દ્ર બોઝ વગેરેને પરાજય જ ચાખવો પડ્યો, પરંતુ તેમનો એ પરાજય પણ વિજયથી વધુ મહત્ત્વપૂર્ણ હતો. ધર્મ અને સદાચાર પર દૃઢ રહેનાર વ્યક્તિ સફળતામાં નહીં, કર્તવ્યપાલનમાં પ્રસન્નતા અનુભવે છે અને આ જ દૃઢતાને સ્થિર રાખવામાં ખૂબ મોટી સફળતા માને છે. આપણી સંસ્કૃતિનો આધાર જ આ પ્રકારની નિષ્ઠા છે.

અનીતિ અને અસફળતામાંથી જો એકને પસંદ કરવી પડે, તો નિષ્ફળતાને પસંદ કરવી જોઈએ. જલદી સફળતા મેળવવાના લોભમાં અનીતિના માર્ગ પર ચાલવું એ હંમેશાં પસ્તાવું પડે એવી મોટી ભૂલ છે.

મનુષ્ય દાનવ નથી કે દેવ નથી. તે બન્નેના વચ્ચેની સ્થિતિ છે. મનુષ્ય જો સાચી દિશામાં ચાલે તો તેનું દેવત્વ વિકસિત થવા લાગે છે અને તે ખોટા માર્ગ

**જે પોતાની સાથે અન્ય ઘણા બધાનું પાલન-પોષણ કરે છે. તેને જ જીવિત પુરુષ ગણવામાં આવે છે.**



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

પર ચાલે તો દિવસે દિવસે દાનવ બનતો જાય છે. આવી સ્થિતિમાં તેની માણસાઈ પર આવરણ ભલે પડી જાય, પરંતુ તે મરતી નથી અને સમય જતાં જ્યારે આવરણ ઉઠાવી લેવામાં આવે તો તે તેને દેવત્વના માર્ગ પર, માનવતાના પથ પર ઘસડી લાવે છે. મનુષ્યમાં ખોવાયેલા દેવત્વને જગાડવામાં આવ્યું હોય તેવાં, વાલ્મીકિ, અંગુલિમાલ, આમ્રપાલી વગેરે જેવાં કેટલાંય દૃષ્ટાન્તો ઈતિહાસનાં પૃષ્ઠોમાં ભરેલાં છે.

ધન, સંપત્તિ, મકાન, મોટર, બંગલા વગેરે હોવા છતાં જ્યારે કોઈ વ્યક્તિ આત્મસંતોષ મેળવી શકતી નથી તો તે કંગાળ જ રહે છે. બીજાઓને સન્માર્ગ પર ચાલવાનો અને કુમાર્ગથી અળગા કરવાનું એક બહુ મોટું સાધન આપણી પાસે હાજર છે - આદર અને અનાદર. સત્પ્રવૃત્તિઓને પ્રોત્સાહન મળતું નથી તો તેના ઊગતા અંકુરો પ્રારંભમાં જ નાશ પામે છે. કેટલાક લોકો જીવનભર સેવા, પરોપકારનાં કાર્યો પ્રમાણિકતાથી કરતા રહે છે, તો પણ કોઈ તેમને સમ્માન આપતું નથી. બુરાઈઓમાં સહમતિ, પ્રત્યક્ષ અથવા પરોક્ષ સહયોગ બુરાઈઓમાં વધારો કરે છે. ત્યાં એક બાબત એ છે કે સત્પ્રવૃત્તિઓને ઉચિત પ્રોત્સાહન મળતું નથી. પરિણામે સામાજિક જીવનમાં તેમનો વિકાસ પણ અવરોધાઈ જાય છે. જે લોકોએ વિઘ્નોને સહન કરતાં કરતાં જીવનમાં કેટલાક આદર્શો ઊભા કર્યા છે, તેમનું સાર્વજનિક સમ્માન થવું જોઈએ. તેમની મુક્ત કંઠે પ્રશંસા થવી જોઈએ. જે લોકો નિંદનીય માર્ગો દ્વારા ઉન્નતિ કરી રહ્યા છે, તેમની કોઈપણ રૂપે પ્રશંસા ન કરવી કે સહયોગ ન આપવો જોઈએ. અનિચ્છનીય કાર્યોમાં સામેલ થવું તે પણ એક રીતે તેને પ્રોત્સાહન આપવા જેવું જ છે. ભલાં કાર્યોને ભલા લોકોને પ્રતિષ્ઠા અને પ્રશંસા મળે તો લોકો ભલાઈની દિશામાં જ ઝડપથી આગળ આવશે, તેમાં શંકાને કોઈ સ્થાન નથી.

આપણને ભલે નિષ્ફળતા મળે, પરંતુ નીતિનો ત્યાગ ન કરીએ અર્થાત્ સારાપણા પ્રત્યે આપણી ઊંડી નિષ્ઠા હોય, વિચાર અને આચરણથી પણ પ્રામાણિક બનવું એ આપણો ઉદ્દેશ હોય, પછી ભલે તેમાં લૌકિક દૃષ્ટિએ થોડી અસફળતા મળે. પ્રશંસા, પ્રતિષ્ઠા અને પ્રોત્સાહન કેવળ સત્કાર્યો અને સત્પ્રવૃત્તિઓને જ આપીએ. આ બન્ને બાબતોથી સારા વાતાવરણનું નિર્માણ થાય છે. આને માટે દરેક મનુષ્યનું મૂલ્યાંકન તેની સફળતાઓ અને વિભૂતિના આધારે નહીં પરંતુ જેના આધારે તે સફળતા પ્રાપ્ત કરવામાં આવી હોય તે નીતિ અને ગતિવિધિના આધારે કરવું જોઈએ. અપ્રમાણિકતાથી કરોડપતિ બનેલ વ્યક્તિ પણ આપણી દૃષ્ટિએ તિરસ્કૃત બની રહેવી જોઈએ અને જેણે વિષમ સંજોગોમાં જીવનના ઉચ્ચ આદર્શોની રક્ષા કરી તે નિષ્ફળ અને ગરીબ વ્યક્તિને પ્રશંસા, પ્રતિષ્ઠા, શ્રદ્ધા, સમ્માન અને સહકાર બધું જ પ્રદાન કરવું જોઈએ. કોઈપણ યુગમાં ખરાબ માણસોની ખોટ રહેતી નથી, પરંતુ તેઓ આજની તુલનામાં બહુ શક્તિશાળી પણ બન્યા, પરંતુ પ્રાચીનકાળમાં લોકમત સારાં કર્મ અને સારી પ્રવૃત્તિઓનો સમર્થક તથા દુષ્પ્રવૃત્તિઓનો ઘોર વિરોધી રહ્યો છે. આજની સ્થિતિ આનાથી તદ્દન વિપરીત છે. હવે લોકમત બુરાઈઓની પ્રશંસા અને પ્રતિષ્ઠા વધુ કરે છે, તેથી તેમનું સંરક્ષણ અને વિકાસ થઈ રહ્યાં છે, જ્યારે આજે પણ આ પૃથ્વી પર સત્પ્રવૃત્તિઓનો અભાવ નથી. ભલાઈનો આત્મા અત્યારે પણ જીવિત છે. તેને પ્રતિષ્ઠા અને પ્રશંસાના ખાતર પાણી આપીને હરિયાળા પાક રૂપે વિકસિત કરી શકાય છે.

જે રીતે આજે લોકો વિભૂતિઓને પ્રણામ કરે છે અને સફળતાને મસ્તક નમાવે છે તેની આગળ તેમણે સદ્‌વિચારો અને સદ્‌કાર્યોનું અભિવાદન કરવું પડશે, જેથી સામાજિક જીવનમાં એક નવી લહેર, નવી જાગૃતિ અને અભિનવ ચેતનાનો વિકાસ થઈ શકે. જ્યાં સત્પ્રવૃત્તિઓના અંકુરો જામી રહ્યા છે, તેમને સિંચવા, ખાતર નાખવા અને તેનું રક્ષણ કરવાનો પ્રયત્ન કરવો જોઈએ. આજે બુરાઈઓ વધી રહી છે અને સારપ મુરઝાઈ-વિલાઈ રહી છે, તેથી બધી બાજુ નાટકીય વાતાવરણ નિર્માણ થઈ રહ્યું છે. આ (વાતાવરણને) બદલવાનો પ્રયત્ન કરવામાં આવે, વધતી જતી અસુરતા-દાનવતાને મિટાવી દેવાનું કાર્ય તો આરંભી દેવામાં આવે પરંતુ બીજ રૂપે સર્વત્ર વ્યાપ્ત સારપને સિંચવાનો પ્રયાસ થશે તો જ યુગ બદલાઈ શકે છે. નવા યુગના અવતરણને માટે સત્કાર્યોનું અભિનંદન એ આજની સૌથી મુખ્ય આવશ્યકતા છે.

ઉચ્ચ પદ, પ્રતિષ્ઠિત વ્યક્તિ, ધનવાન અથવા કોઈ આતંકવાદી વ્યક્તિની પ્રશંસા, પ્રતિષ્ઠા કરીશું, તો તેનાથી લાભ થશે, આવી પૂર્વધારણા સંપૂર્ણતઃ ભ્રામક


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

છે. તેનાથી સમાજમાં નૈતિક તત્ત્વોનું સમતોલન બગડે છે. આ મિથ્યા ભ્રમણાથી આજે સમગ્ર સમાજ ગંઠાયેલો છે. આ જ કારણે સામાજિક જીવનમાં ધાર્મિક અને નૈતિક તત્ત્વોનો અભાવ સર્જાતો જાય છે. આ વિકૃતિને રોકવા માટે આપણે આપણો દૃષ્ટિકોણ નિશ્ચિતરૂપે બદલવાની આવશ્યકતા રહેશે.

સારા કામોમાં લોકોને સન્માન મળે છે, તો બીજાઓને પણ તેવું જ કરવાની પ્રેરણા સાંપડે છે. આ ધારણાને હવે વ્યાપક બનાવવાની જરૂર છે. સામાજિક જીવનમાં સારાપણાના અભિવર્ધન માટે જ્યાં પણ પ્રામાણિક, ઈમાનદાર, સદાચારી, સાહસિક, સેવાભાવી, પુરુષાર્થી અને રુઢિવાદનો પ્રતિકાર કરનાર વ્યક્તિઓ મળે, તેમનું સાર્વજનિક સન્માન કરાવું જોઈએ. આનાથી સત્પ્રવૃત્તિઓનો વિકાસ થશે અને યુગનિર્માણની સફળતાની સંભાવનાઓ વધશે. પોતાના મહોલ્લા-પોળ, નગર, ગામ અથવા ક્ષેત્રમાં એવી વ્યક્તિઓની ખોજ કરવામાં આવે, જેમનું જીવન ત્યાગમય રહ્યું હોય, જેમણે કષ્ટ-પીડા સહ્યાં હોય પરંતુ ઈમાનદારી-નીતિનો ત્યાગ ન કર્યો હોય. આજે સમાજમાં ભ્રષ્ટાચાર, અપ્રામાણિકતા-અનીતિ અને રુશ્વતખોરીને સામાજિક માન્યતા-સમર્થન મળી ગયાં છે. આ દૂષિત વાતાવરણમાં રહેવા છતાં પણ આપની જાણમાં જે વ્યક્તિ પ્રામાણિક હોય, લાંચરુશ્વત ન લેતી હોય, રુશ્વત લેવાની તકો-અવસરો તેની સામે ઉપસ્થિત હોય તેમ છતાં રુશ્વત ન લે તેમનાં નામો અંકિત કરવાં જોઈએ. આવી વ્યક્તિ જ્યાં પણ હોય-પછી ભલે તે ગમે તે વર્ગ કે જાતિની કેમ ન હોય, તો પણ અભિનંદનીય છે. તેની સેવાઓ, સાહસ અને પુરુષાર્થ પ્રત્યે આદર ભાવના પ્રગટ કરવા માટે એ આવશ્યક છે કે તેમનું સાર્વજનિક અભિનંદન અભિવાદન કરવામાં આવે. યુગનિર્માણની શાખાઓ અથવા અન્ય સામાજિક સંસ્થાઓ આવા સમારંભોનું સંચાલન કરી શકે છે. તેમને માટે એવો સમય ફાળવવો જોઈએ, જે સ્થાનિક લોકોને અનુકૂળ હોય. નવરાશનો કોઈ દિવસ અથવા કોઈ તહેવારનો દિવસ તે માટે યોગ્ય બની રહેશે. તે માટેનું સ્થળ શક્યતઃ એ પ્રકારનું રાખવામાં આવે, જ્યાં આમંત્રિત વ્યક્તિઓ સારી રીતે બેસી શકે. સાર્વજનિક સ્થાન હોય તો ઘણું સારું, નહીં તો કોઈ પણ સગવડભર્યું દેવસ્થાન, ધર્મશાળા, સ્કૂલ વગેરેમાં આવો સમારંભ આયોજિત કરી શકાય. પ્રેરણા ઝીલવા માટે વધુમાં વધુ સંખ્યામાં વ્યક્તિઓ એકત્રિત થાય, તે માટે પહેલેથી જ સામૂહિક રૂપમાં જાહેરાત થવી જોઈએ. સમારંભમાં વિચારશીલ લોકો વધુ સંખ્યામાં આવે, તે માટે તે ક્ષેત્રની એવી વ્યક્તિઓને વિશેષ રૂપે આમંત્રિત કરવામાં આવે. જ્યાં વર્તમાનપત્રો-પ્રેસ સુલભ હોય, ત્યાં અભિનંદન પત્ર સરસ કાગળ પર છપાવીને તેને ફ્રેઈમમાં મઢી દેવામાં આવે. અભિનંદન પત્રમાં (જે તે વ્યક્તિઓના) તેમનાં કાર્યોનું વિશ્લેષણાત્મક વિવરણ હોય અને સમીક્ષામાં તેમના ગુણોને પ્રાધાન્ય આપવામાં આવે. એવા પ્રેરણાદાયી શબ્દોનો ઉપયોગ કરવામાં આવે, જેથી અતિથિનું સન્માન પણ થાય અને બીજા લોકોને તેમાંથી પ્રેરણા પણ મળે. વધારે પડતી પ્રશંસા ન કરવામાં આવે. મઢેલા અભિનંદન પત્ર ઉપરાંત કેટલાંક માનપત્રો-અભિવાદનપત્રો વધારે સંખ્યામાં છપાવીને તૈયાર રાખવામાં આવે.

સભાની કાર્યવાહી શરૂ કરતાં પહેલાં એક વ્યક્તિ સમારંભના ઉદ્દેશથી લોકોને માહિતગાર કરે. ત્યારબાદ અભિનંદનપત્રનું વાચન કરવામાં આવે અને તે પૂરેપૂરો વાંચીને સંબંધિત વ્યક્તિને સમર્પિત કરવામાં આવે. છપાવી રાખેલા બાકીના માનપત્રો - સન્માનપત્રો ત્યાં ઉપસ્થિત લોકોમાં વહેંચવામાં આવે. સન્માનપત્ર સમર્પિત કરવા સાથે આંટી, તિલક, ખેસ-શાલ, પુષ્પમાળાથી તેમનો સત્કાર કરવામાં આવે. ત્યારબાદ થોડીક વિશિષ્ટ વ્યક્તિઓ તેમના કાર્ય વિશે ઉદ્‌બોધન કરે અને શ્રોતાઓને તે ગુણોથી પ્રભાવિત અને પ્રેરિત કરવાનો પ્રયાસ કરે કે જેમને માટે સમારંભનું આયોજન કરવામાં આવ્યું હોય. તેમને માટે આશીર્વાદ-અભિનંદન, શુભેચ્છાઓ અને દીર્ઘજીવનની પ્રાર્થના પણ કરવામાં આવે. જલપાનની વ્યવસ્થા પણ ગોઠવી શકાય. આ પ્રકારના નાના-મોટા અભિનંદન આયોજન સમારંભો આપણે વ્યાપક સંખ્યામાં પ્રચલિત કરવા જોઈએ. જ્યાં આ પ્રકારના સમારંભો યોજાયા હોય તેની નોંધ, તેનો હેવાલ અમને મોકલવાં જોઈએ. સન્માનિત વ્યક્તિનું પૂરું નામ, સરનામું પણ મોકલો, જેથી અમે પણ તેમને પત્ર દ્વારા પ્રોત્સાહિત અને સન્માનિત કરી શકીએ.


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# વ્યક્તિ અને સમાજનિર્માણ એક-બીજા પર આધારિત

વ્યક્તિ સુખી થાય તે માટે સમુન્નત સમાજની આવશ્યકતા છે. સમુન્નત સમાજ પણ સ્વયંભૂ નથી બનતો, તેને ઉત્કૃષ્ટ નેતૃત્વમાં અગ્રગણ્ય સજ્જનોનો સમૂહ નિર્મિત કરે છે. જ્યારે શ્રેષ્ઠ વ્યક્તિઓ ઘટી જાય છે અને સામાજિક વાતાવરણમાં ઉત્કૃષ્ટતા જાળવી રાખવાના રચનાત્મક પ્રયાસો કમજોર બની જાય છે, તો સમાજનું સ્તર નીચે ઊતરે છે. સમાજ પડશે, તો તે સમય-કાળની વ્યક્તિઓ પણ નિમ્ન કોટિની, અધઃપતિત અને દીન-દુર્બળ બનતી જશે. સારો સમાજ સારી વ્યક્તિઓ ઉત્પન્ન કરે છે અને સારી વ્યક્તિઓ સારો સમાજ રચે છે. બન્ને પરસ્પર આધારિત છે. મરઘીમાંથી ઈંડું કે ઈંડામાંથી મરઘી? બીજમાંથી વૃક્ષ કે વૃક્ષમાંથી બીજની જેમ જ આ પણ છે. આ પ્રશ્ન પણ છે કે વ્યક્તિઓથી સમાજ અથવા *સમાજથી વ્યક્તિ ? હકીકતમાં તો બન્ને એટલા* અભિન્ન છે કે તેમને અલગ પાડી જ ન શકાય. સારી વ્યક્તિઓની જરૂરત હોય તો સારા સમાજનું નિર્માણ કરવાના કાર્યમાં લાગી જવું જોઈએ. સારો સમાજ બનાવતાં જ શ્રેષ્ઠ વ્યક્તિત્વની આવશ્યકતા પરિપૂર્ણ થશે. સુખ આપનારાં સાધનોની અભિવૃદ્ધિ અને સમુન્નત લોક વ્યવહારની પ્રથા જ સર્વતોમુખી સુખ-શાંતિની આવશ્યકતા પૂરી કરે છે અને આ પ્રકારનું ઉત્પાદન પ્રખર પ્રતિભાસંપન્ન સુસંસ્કૃત વ્યક્તિ જ કરી શકવા સક્ષમ બને છે.

## સારા સમાજમાં જ પરિવારનું હિત

અંગત સ્વાર્થ-સિદ્ધિની દૃષ્ટિએ વિચાર કરીએ અથવા પરિવારના હિત સાધનની દૃષ્ટિએ જોઈએ, બન્ને રીતે એ આવશ્યક બની જાય છે કે સુસંસ્કૃત સમાજમાં રહીને જ નિર્વાહ કરવાનો અવસર મળે. ખરાબ માણસોની વચ્ચે, ખરાબ વાતાવરણમાં, પોતાની તથા પરિવારની પ્રગતિ માટે કરવામાં આવતા બધા પ્રયાસો નિષ્ફળ નીવડે છે. જે મહોલ્લામાં આગ લાગી હોય, કોલેરા ફેલાયેલ હોય, તેમાં વસનાર સ્વચ્છતાપ્રિય અથવા જાગૃત લોકોની પણ સુરક્ષા થઈ શકતી નથી. સૂકાની સાથે લીલું પણ બળે તે કહેવત અહીં ચરિતાર્થ થાય છે. ચોરો અને દુષ્ટોના પડોશમાં રહીને કોઈ સજ્જન પણ નિરાંતજીવે બેસી શકતો નથી. બેસવા ઈચ્છે તો પણ દુષ્ટ લોકો શાંત રહેવા દેતા નથી. ઉપદ્રવ કરીને સંતુલન બગાડશે. પોતાના પરિવારને સંસ્કારી બનાવવા માટે ગમે તે કેમ ન કરવામાં આવે, પડોશની ગંદી હવા પોતાનો પ્રભાવ પાડશે અને અધમતાનું આકર્ષણ કુટુંબીઓમાં પણ તે જ પ્રકારે દુર્બુદ્ધિના સંસ્કારો પેદા કરશે. *વેશ્યાઓના પડોશમાં રહીને, તેમની પ્રવૃત્તિ જોતા* રહીએ તો સદાચારની માનસિક મર્યાદાઓ તૂટ્યા વિના રહેશે નહિ.

સમાજમાં જો અનૈતિક, અનિચ્છનીય, અપરાધી તત્ત્વો ભર્યા પડ્યા હોય તો તેમની હિલચાલ, હરકતો કોઈ સંત, સજ્જનની ઉત્કૃષ્ટતાને સુરક્ષિત રહેવા દેતી નથી. વિકૃત સમાજમાં અમર્યાદિત વિકૃતિઓ ઉત્પન્ન થાય છે અને અનેક પ્રકારના વિગ્રહો ઉત્પન્ન કરે છે. તેની ઝપટમાં આવ્યા વિના કોઈ નીતિમાન વ્યક્તિ પણ રહી શકતી નથી. તેને પ્રત્યક્ષ અને પરોક્ષ આક્રમણોનો શિકાર બનવું પડશે. જ્યાં ખાદ્ય પદાર્થોમાં ભેળસેળની બોલબાલા છે, ત્યાં સ્વાસ્થ્ય રક્ષા પર ધ્યાન કેન્દ્રિત કરનાર વ્યક્તિ પણ બીમાર પડ્યા વિના રહેતી નથી.

કુરિવાજો અને કુરૂઢિઓથી ભરેલા સમાજમાં

**ઉત્સાહથી વધારે દુનિયામાં બીજું કોઈ પણ બળ નથી.**



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

સામાન્ય મનોબળવાળો સુધારાવાદી હારી જશે અને તેણે સિદ્ધાંતવાદ અભરાઈ પર ચડાવીને સમૂહગત પ્રવાહમાં વહેવા માટે મજબૂર બનવું પડશે. દહેજના વિરોધી અને આદર્શ વિવાહના સમર્થકને પણ જ્યારે પોતાની યુવાન કન્યા માટે વિવાહનો કોઈ અવસર રચાતો જોવા મળતો નથી તો નાતજાતના કોમના લોકો અને દહેજના લોભીઓને શરણે જવું પડે છે અને તેમના ઈશારા પર ચાલવા લાચાર બનવું પડે છે. વિશાળ સમાજની વિરુદ્ધમાં એકલવાયો ઊભો રહેનાર તો કોઈ વિરલ જ દુઃસાહસ કરે છે, સામાન્ય મનોબળવાળા લોકો તો હચમચી જ જાય છે.

## પરિવાર પણ શિક્ષણ પદ્ધતિથી પ્રભાવિત

શિક્ષણમાં ઉદ્દંડતાની ભરતી ચાલી આવે તો ન તો પોતાની પુત્રીના ગૃહસ્થ શાંતિથી બેસશે ન દીકરાની વહુ ઘરમાં શાંતિ સ્થપાવા દેશે. શું જમાઈ કે શું પુત્રવધૂ ? આ બધા એ જ શિક્ષણ સંસ્થામાંથી બહાર પડ્યાં છે જ્યાં ઉચ્છૃંખલતાની હંમેશાં બોલબાલા છે. આ બાળકો જે પ્રકારનું શિક્ષણ પામતાં રહ્યાં છે તેનો પ્રભાવ તેમના ગૃહસ્થ જીવન પર ન પડે, એવું તો બની જ ન શકે. 'દેશની શિક્ષણ-પદ્ધતિથી આપણે શી લેવા દેવા' એમ કહી દેવાથી કામ ચાલવાનું નથી. તેની અસર આપણાં બાળકોના ગૃહસ્થ જીવન પર પડશે જ અને તેના ફળસ્વરૂપે આપણી બેચેની પણ વધશે જ.

## દેશકાળથી આપણે બધા પ્રભાવિત

આ જ પ્રકારે શાસનની સ્થિતિ, વેપારીઓની રીતિ-નીતિ, અપરાધો અને અનૈતિકતાની વૃદ્ધિ, સાહિત્ય અને કલા-સંગીતનો પ્રભાવ, મૂર્ધન્ય વ્યક્તિઓનું કર્તૃત્વ, વર્ગસંઘર્ષ વગેરેની વિષમથતા કોઈ સજ્જન સદ્‌ગૃહસ્થને શાંતિપૂર્વક જીવન પસાર કરવા દેતી નથી. વાસ્તવિકતા તો એ છે કે વ્યક્તિ એકાકી રહીને જીવનનિર્વાહ કરી શકતી નથી. તેણે સમાજના પ્રભાવમાં આવવું જ પડે છે. એટલું જ નહીં, તે પ્રવાહમાં જનસાધારણની પેઢીઓનું માનસિક સ્તર અનાયાસે જ ઢળતું ચાલ્યું આવે છે. ખરાબ વાતાવરણમાં કેવળ બુરાઈ જ પાંગરે છે. ખરાબ માણસો વધે છે અને તેમના ઉપદ્રવોથી ખરાબ પરિસ્થિતિઓ જ ફૂલે ફાલે છે. આવી સ્થિતિમાં વ્યક્તિગત રૂપે કરવામાં આવતો સ્વાધ્યાય, ચિંતન, મનન, પૂજા પાઠ અથવા સજ્જનને ઉચિત નિર્વાહમાં કોઈ સાર રહેતો નથી.

## સમાજસેવા પરમાર્થ જ નહીં, સ્વાર્થ પણ

વ્યક્તિનિર્માણ અને પરિવારનિર્માણની જેમ જ સમાજનિર્માણને પણ આપણા અત્યંત આવશ્યક દૈનિક કાર્યક્રમોનો એક અંગ માનવું જોઈએ. આપણા પોતાના માટે આપણે જેટલો શ્રમ, સમય, મનોયોગ અને ધન ખર્ચ કરીએ છીએ, તેટલો જ સમાજને સમુન્નત, સુસંસ્કૃત, બનાવવા માટે ફાળવવાં જોઈએ. આ પરોપકાર પરમાર્થની દૃષ્ટિએ જ નહીં, વિશુદ્ધ સ્વાર્થ, સાધન અને સુરક્ષાની દૃષ્ટિએ પણ પરમ આવશ્યક છે.

**રાજા શતાયુધ પ્રજાનું નિરીક્ષણ કરવા નીકળ્યા. એક ઝુંપડીમાં વયોવૃદ્ધ જોયો. રાજા રોકાઈ ગયા. કુતૂહલવશ પૂછ્યું, "આપની ઉંમર શું છે ?" દેખાવમાં તેઓ સોની આસપાસ પહોંચી ગયેલા લાગતા હતા. વૃદ્ધએ ગરદન ઉઠાવી અને કહ્યું, "માત્ર પાંચ વર્ષ" રાજાને વિશ્વાસ ન થયો. ફરીથી પૂછયું તો એ જ ઉત્તર મળ્યો. વૃદ્ધએ કહ્યું, "પાછલું જીવન તો પશુપ્રયોજનોમાં નિરર્થક ચાલ્યું ગયું. પાંચ વર્ષ પૂર્વે જ્ઞાન ઉપજ્યું અને ત્યારથી જ હું પરમાર્થ પ્રયોજનમાં લાગી ગયો. સાર્થક ઉંમર તો ત્યારથી જ ગણું છું."**


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

## પરમાર્થની ભાવના જગાવવી એ જ અધ્યાત્મનું પ્રયોજન

આપણી ક્ષુદ્રતાની સંકીર્ણતાને વ્યાપક આત્મીયતામાં વિકસિત કરવી એ જ અધ્યાત્મ તત્ત્વદર્શનનું મૂળભૂત પ્રયોજન છે. આ દૃષ્ટિકોણ અપનાવતાં સંયમ, સદાચાર, સેવા અને લોકમંગલ માટે સંકલ્પ અને ઉત્સાહ ઉત્પન્ન થાય છે અને તેને અવિરત નિભાવવા માટે સાહસ, વિશ્વાસ વધે છે. ઈશ્વરભક્તિ આ તાત્ત્વિક દૃષ્ટિનું જ નામ છે. આ જ તત્ત્વદર્શનનું પ્રતિપાદન કરવા માટે ધર્મ, અધ્યાત્મ અને ઈશ્વરવાદનું વિશાળ માળખું ઊભું કરવામાં આવ્યું છે. સ્વર્ગ અને મુક્તિ જેવાં અમરફળ આત્મવિસ્તારના કલ્પવૃક્ષ પર જ લાગે છે. સાધના, ઉપાસના, તપશ્ચર્યા, યોગ-પરાયણતા, વૈરાગ્ય, સંન્યાસ, દાન-પુણ્ય, સ્વાધ્યાય, સત્સંગ અને વિવિધ વિધિ ધર્મ-કૃત્યોનું એકમાત્ર પ્રયોજન આ જ છે કે આત્મા પર ચડેલા સંકીર્ણ સ્વાર્થ પરાયણતાના દોષ-દુર્ગુણો ટળી જાય, જે વાસના-તૃષ્ણાના, લોભ-મોહના ભવબંધનોમાં જકડાયેલ રહ્યા છે. નરક એ કોઈ સ્થળ વિશેષ નથી, સંકીર્ણ સ્વાર્થ પરાયણતાની, નિમ્ન કક્ષાના દૃષ્ટિકોણની પ્રતિક્રિયા માત્ર છે. ઉદારતા અને સેવા-સાધનાના જળ કે સાબુથી જ મનઃક્ષેત્ર પર છવાયેલી મલિનતાઓ ધોવાઈ શકે છે. આ સમસ્ત પ્રયોજન સમાજસેવાનું વ્રત ધારણ કર્યા વિના સંભવી શકતું નથી. સેવા-ધર્મ અપનાવ્યા વિના કોઈ વ્યક્તિ માત્ર પૂજાપાઠની રીત-રસમ અપનાવતી રહીને સાચી અધ્યાત્મવાદી નથી બની શકતી કે તેને આત્મિક પ્રગતિનો લાભ મળી શકતો નથી.

## ભારતીય સંસ્કૃતિની સુનિશ્ચિત વાનપ્રસ્થ પરંપરા

પ્રાચીનકાળમાં સાધુ અને બ્રાહ્મણ વર્ગ પોતાનું સમગ્ર જીવન લોકમાંગલ્ય માટે સમર્પિત કરતા હતા. વાનપ્રસ્થ આશ્રમ સ્વાર્થના પરિધથી બહાર આવીને પરમાર્થની કક્ષામાં પ્રવેશ કરવાની સંધિવેળા જ તો છે. ક્ષુદ્રતાની, સંકીર્ણતાની, આત્મવત્ સર્વભૂતેષુ, વસુધૈવ કુટુંબકમ્‌ના દેવત્વમાં વિકસિત પરિણત કરવાનો વ્યાવહારિક કાર્યક્રમ વાનપ્રસ્થના રૂપમાં આપ્ત-પુરુષોએ નિર્ધારિત કરેલો છે. ભારતીય સંસ્કૃતિની એ સુનિશ્ચિત પરંપરા છે કે વૈયક્તિક અને પારિવારિક પ્રયોજનો માટે કોઈએ પણ અડધાથી વધારે સમય અને મનોયોગ લગાવવો જોઈએ નહીં.

જીવનનો પૂર્વાર્ધ બ્રહ્મચર્ય અને ગૃહસ્થની ભૌતિક પ્રગતિ માટે પર્યાપ્ત છે. ઉત્તરાર્ધને, વાનપ્રસ્થ અને સંન્યાસના રૂપમાં સમાજ માટે સમર્પિત કરવો જોઈએ. આ વિધાન એટલા માટે કરવામાં આવ્યું છે કે વ્યક્તિએ પોતાનું મહત્ત્વપૂર્ણ અનુદાન સમાજનિર્માણ માટે આપવું જોઈએ. દાન-પુણ્યનું જે માહાત્મ્ય દર્શાવવામાં આવ્યું છે તેની પાછળ પણ આ જ પ્રયોજન છે.

## સાધુ-બ્રાહ્મણોની જવાબદારી

પ્રાચીનકાળમાં સાધુ-બ્રાહ્મણો તેમને કહેવામાં આવતા, જેઓ લોકમંગલ માટે 'સર્વતોભાવેન' (સર્વભાવથી) આત્મદાન કરીને તેમાં જ તન્મય થઈ જાય. તે દિવસોમાં દેવાલયો અને તીર્થસ્થાનોનું નિર્માણ જનકલ્યાણ માટે સંચાલિત પ્રવૃત્તિઓના કેન્દ્ર સ્થાન રૂપે થતું હતું. તેમનું સંચાલન ઋષિકલ્પ, દેવપુરુષોના હાથમાં રહેતું હતું. જનતા પણ એવી ઝંઝટમાં નહોતી પડતી કે આ દિવસોમાં કઈ સત્પ્રવૃત્તિઓના અભિવર્ધનને પ્રાથમિકતા આપી શકાય ? આ નિર્ણય સાધુ-બ્રાહ્મણોની પરિષદ જ કરતી હતી.

ધાર્મિક જનતા, સાધુ-બ્રાહ્મણોને, તીર્થ, દેવાલયોને દાન એ માટે જ આપતી હતી કે તેના દ્વારા સમાજમાં સત્પ્રવૃત્તિઓનું અભિવર્ધન પૂરું થતું રહે. આ લોકસેવાના નિમિત્ત બનેલાં ધર્મકેન્દ્રોને ભગવાનનું નિવાસગૃહ માનવામાં આવતાં અને ત્યાં જઈને લોકો શ્રદ્ધાથી મસ્તક


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

બનાવતા હતા અને સંચાલિત સત્પ્રવૃત્તિઓમાં યોગદાન આપવાની પ્રેરણા પ્રાપ્ત કરતા હતા. તીર્થમાં વિશેષ સમારંભો પણ સમય સમયે આ જ આહ્વાન માટે થતા હતા કે આ અવસરો ઉપર વધારે સંખ્યામાં, અધિક ભાવનાસંપન્ન લોકો એકઠા થાય અને સમાજનિર્માણ માટે તત્કાલીન યોજનાઓને અગ્રેસર બનાવવા માટે વ્યાવહારિક માર્ગદર્શન અને અપેક્ષિત ઉત્સાહ પ્રાપ્ત કરે. સમયદાન, શ્રમદાન, ધનદાનનો એકમાત્ર ઉદ્દેશ સમાજના પછાતપણાને દૂર કરવું, સમાજના પછાત વર્ગોને ઊંચા લાવવા તે હતો. આ પ્રયોજનને પૂરાં કરનારી વ્યક્તિઓ તથા સંગઠનોનું પોષણ કરવું તે ઉદ્દેશ હતો.

## અન્ન-વસ્ત્ર દાનથી પણ કલ્યાણકારી જ્ઞાનદાન

પછાત વર્ગોમાં અંધ, કોઢિયા, અપંગ, દીન, દુર્બળ જ આવતા નથી, પરંતુ એવા અજ્ઞાની, કુમાર્ગે વળેલા, ઉદ્ધત અને દુરાગ્રહીઓ પણ આવે છે, જેઓ ઔચિત્ય અને વિવેકનો તિરસ્કાર કરીને અનિચ્છનીય લોકપ્રવાહમાં વહી રહ્યા છે. અન્ન, વસ્ત્ર, અંધ અને અપંગોમાં વહેંચવા માત્રથી સમાજસેવાની ઈતિશ્રી થઈ જતી નથી, પરંતુ તેમની સહાયતાનું પણ ધ્યાન રાખવું જોઈએ, જેઓ અવિવેકનો શિકાર બનીને ઘૃણિત અને દુરાગ્રહી જીવન જીવી રહ્યા છે. હકીકતમાં આ વર્ગ આથી પણ વધુ દયાને પાત્ર છે. સત્પ્રેરણાઓ આપીને જો તેમને સન્માર્ગગામી બનાવવામાં આવે તો ગંદા ખાબોચિયામાં પડીને નાશ પામનારી મહત્ત્વપૂર્ણ શક્તિને બચાવી શકાય અને ઉપયોગી હેતુમાં સંયોજી શકાય. આમાં રાહ ભૂલેલાઓનું પણ કલ્યાણ થાય છે અને સમાજને ઊંચો ઊઠાવવાનો અવસર પણ મળે છે. વિચાર ક્રાન્તિ અને જ્ઞાનયજ્ઞની પુણ્ય પ્રક્રિયા, જ્ઞાનદાનના જે મહાન ઉદ્દેશને પૂર્ણ કરે છે, તેને અન્ન-વસ્ત્ર, દાનની તુલનામાં લાખ-કરોડ ગણો વધારે કલ્યાણકારી અને સત્પરિણામ ઉત્પાદક માનવામાં આવશે.

## મૂળમાં સિંચન કરવાથી છોડ લીલો બનશે

આપણા સમાજમાં આજે અગણિત દુષ્પ્રવૃત્તિઓ વ્યાપેલી છે. અસંખ્ય જટિલ સમસ્યાઓ સન્મુખ છે. કષ્ટ-કલહ અને શોક-સંતાપના અસંખ્ય કારણો મોજૂદ છે. આ વિકૃતિઓનું દુષ્પરિણામ આપણે ડગલે ને પગલે ભોગવવું પડે છે. મનુષ્ય પતિત અને દુષ્ટ બનતો જઈ રહ્યો છે. પોતાના માટે અને બીજાઓ માટે આપત્તિઓ અને સંકટો ઉત્પન્ન કરી રહ્યો છે. આ સમસ્ત વિષમતાના મૂળમાં વ્યાપક દુર્બુદ્ધિ જ ઊભરાતી દેખાઈ આવે છે. ચિંતનનું સ્તર અધમતાના કાદવમાં ફસાઈ જવાથી ઉત્પન્ન થયેલ વિગ્રહનો પોકાર જ આજે દસે દિશાઓમાં હાહાકાર મચાવી રહ્યો છે. દુનિયામાં વસ્તુઓનો અભાવ નથી કે નથી સાનુકૂળ પરિસ્થિતિની કોઈ ઊણપ. કેવળ દુર્બુદ્ધિ દ્વારા જ વિપત્તિઓ પેદા કરાઈ છે. સદ્ભાવોનું સ્થાન દુર્ભાવોએ, સદ્પ્રવૃત્તિઓનું સ્થાન દુષ્પ્રવૃત્તિઓએ લઈ લીધું છે. પરિણામે જે વસ્તુઓ સુખ-શાંતિ અને પ્રગતિની અભિવૃદ્ધિમાં લાગી શકતી હતી, તેઓ જ વિપત્તિઓ અને સમસ્યાઓ વધારવામાં પ્રયોજાઈ રહી છે. પ્રગતિના સ્થાને અધોગતિ જ આપણા ભાગે આવી રહી છે. આનું નિરાકરણ ફોલ્લા પર મલમ લગાવવાથી નહીં, રક્તશુદ્ધિનો ઉપચાર કરવાથી થશે. અમુક મુશ્કેલીઓને અમુક ઉપાયથી હલ કરવાની વાત વિચારવી એ સુકાઈ ગયેલા વૃક્ષનાં પાંદડાં ધોવા સમાન છે. આમ કરવાથી કશું ઊપજવાનું નથી. કામ તો મૂળમાં સિંચન કરવાથી જ બનશે.


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

આત્મનિર્માણ સ્તંભ

# સૌથી પહેલાં આપણે બદલાઈશું

યુગ નિર્માણ અભિયાનમાં ભાગીદારીનો શુભારંભ શ્રી ગણેશ આપણા પોતાનાથી શરૂ કરવામાં આવે. બીજાઓને ઉપદેશ અને પોતાની ઉપેક્ષા એ વાત અન્ય બાબતોમાં ચાલી શકે, પણ જ્યાં લોકમાનસના શુદ્ધીકરણનો પ્રશ્ન સામે આવશે, ત્યાં તેનું પ્રથમ ચરણ પોતે જ ઉપાડવું પડશે. ઉત્કૃષ્ટતા ઉપદેશથી નહિ, અનુકરણથી ઉત્પન્ન થાય છે. આ તથ્યને જેટલું જલદી અને જેટલા ઊંડાણથી સમજી લેવામાં આવે, તેટલું જ ઉત્તમ છે. જો યુગ સાહિત્યએ પ્રતિપાદિત કરેલા જ્ઞાનને ઉપયોગી માનવામાં આવે તો પછી તેને મગજથી આગળ વધારીને અંતઃકરણ સુધી લઈ જવામાં આવે. આને જાણકારી જ ન રહેવા દેતાં શ્રદ્ધામાં પરિણત કરવામાં આવે અને બે સાહસભર્યાં કદમો ઉઠાવવામાં જ આવે. એક તો એ કે આપણી વર્તમાન જીવનચર્યામાં જેટલું પણ શક્ય બની શકે તેટલું પરિવર્તન કરવામાં આવે, પછી ભલે તે પરિવર્તન ઓછામાં ઓછું કેમ ન હોય. પોતાના દોષ શોધવા, તેનો સ્વીકાર કરવો, તેને દૂર કરવાની આવશ્યકતાનો અનુભવ કરવો અને તેમાંના કોઈક સાથે તો સાહસપૂર્વક લડી લેવું અને તેમનો ત્યાગ કરવા માટે એવો સંકલ્પપૂર્વક નિર્ધાર કરવામાં આવે કે ભવિષ્યમાં તેને નિભાવતાં કોઈ અવરોધને તેની આડે ન આવવા દેવામાં આવે. બીજું પગલું એ છે કે આપણા પોતાનામાં જે સદ્‌ગુણોનો અભાવ છે તેમાંથી કેટલાકને અપનાવવામાં આવે અને સ્વભાવ અભ્યાસમાં લાવવાનું વ્રત ધારણ કરવામાં આવે. નિષ્કૃષ્ટતાઓને ઉત્કૃષ્ટતાઓમાં પરિણત કરવાના શૌર્ય, સાહસનું નામ જ આત્મબળ છે. તપ-તિતિક્ષા (સહનશીલતા)નું, સાધના-ઉપાસનાનું, સ્વાધ્યાય-સત્સંગનું એકમાત્ર પ્રયોજન આ આત્મબળને ઉત્પન્ન કરવાની પૃષ્ઠભૂમિ, મનઃસ્થિતિ બનાવવી તે જ છે. ઈશ્વરને ન તો કોઈની ખુશામત જોઈએ છે કે ન કોઈની લાંચરુશ્વત. તે ન તો પૂજાપાઠથી પ્રભાવિત થાય છે, ન વિવિધ વિધિ-કર્મકાંડોનો તેની પ્રસન્નતા અને અપ્રસન્નતા સાથે કોઈ સંબંધ છે. સમગ્ર ધર્મ આચરણ અને ઉપાસના પ્રકરણ તો વિશુદ્ધ રૂપથી આંતરિક પરિશોધન માટે છે. દુર્ગુણોના નિરાકરણ અને સદ્‌ગુણોના અભિવર્ધનના શૌર્ય-સાહસ પ્રદર્શન કરવાથી આત્મબળ વધે છે. વૃદ્ધિ પામેલું આત્મબળ જ તે શક્તિ છે, જેનાથી આશ્ચર્યકારક અને ચમત્કારી આધ્યાત્મિક વિભૂતિઓથી મનુષ્ય સુસંપન્ન બને છે. જ્ઞાન અને તપની સાર્થકતા તે સાહસિકતાની કસોટી પર કસવામાં આવે છે, જેના આધારે દુષ્પ્રવૃત્તિઓને ઉખાડવી અને સદ્‌પ્રવૃત્તિઓને વધારવાનો સંકલ્પ, સાહસ અને પરાક્રમ સંભવી શકે.

**એક બ્રાહ્મણ બાળક તપોધન યુવાવસ્થામાં જ ઘર-બાર છોડીને જંગલમાં તપ કરવા માટે ચાલી નીકળ્યો. તેણે ત્યાં બહુ કષ્ટો સહ્યાં, પરંતુ તે પોતાની તપ સાધનાથી ચલિત ન થયો. એક દિવસ તે નદી કિનારે સાધનામાં તલ્લીન હતો. ઈન્દ્ર એક બ્રાહ્મણનો વેશ ધારણ કરીને ત્યાં આવ્યા અને નદીમાં રેતના ઢગલા ફેંકવા લાગ્યા. તપોધને પૂછયું, 'વૃદ્ધ બ્રાહ્મણ, આપ આ શું કરી રહ્યા છો ?' ઈન્દ્રએ જવાબ આપ્યો, 'નદીમાં પુલ બાંધી રહ્યો છું.' તપોધન હસ્યો અને બોલ્યો, 'કેવળ માટી નાખવાથી જ પુલ કઈ રીતે બંધાશે'? તેને માટે પથ્થર, ચુનો, લાકડાં વગેરે પણ જોઈએ. ત્યારે ઈન્દ્રએ પ્રગટ થઈને કહ્યું, તપોધન, જ્ઞાન વિના કેવળ તપથી આત્મવિકાસ કરવાની વાત વિચારવી તે નદીમાં રેતના ઢગલાથી પુલ બાંધવા જેવું છે.' તેઓ અંતર્ધાન થઈ ગયા. તપોધનને પોતાની ભૂલ સમજાઈ અને તે જ્ઞાનપ્રાપ્તિના કાર્યમાં લાગી ગયો. જીવનક્ષેત્રમાં જ્ઞાન વિના મનુષ્યના પ્રયાસો મોટે ભાગે નિષ્ફળ બની જાય છે.**


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

ઉપર્યુક્ત બે પ્રયાસો આધ્યાત્મિક સાધનામાં એ બે ચરણ છે, જેમના સહારે જીવનલક્ષ્યની પૂર્તિ સુધી ક્રમબદ્ધ રૂપે આગળ વધી શકાય છે. તેમને સાધના અને ઉપાસનાની જોડી કહી શકાય તેમ છે. દુષ્પ્રવૃત્તિઓનું ઉન્મૂલન સાધના છે અને સદ્પ્રવૃત્તિઓનું સંસ્થાપન ઉપાસના છે. દાનવતાનું ઉન્મૂલન અને દેવત્વનું પોષણ, આ જ ધર્મધારણા છે અને એ જ ઈશ્વરની આરાધના છે. આ તથ્ય જો ઊંડાણપૂર્વક સમજી લેવામાં આવે તો તત્ત્વદર્શનના એ મૂળ પ્રયોજનને સમજી શકાય, જેના માટે આસ્તિકતા અને ધાર્મિકતાનું વિશાળ માળખું દીર્ઘદ્દષ્ટા ઋષિઓએ ઊભું કરેલું છે. આત્મિક પ્રગતિની દિશામાં આપણે આ જ બે કદમોને ક્રમબદ્ધ રૂપે આગળ ધપાવતા જઈ અપેક્ષિત લક્ષ્ય સુધી પહોંચી શકીએ છીએ. આ તો છે સનાતન અને શાશ્વત સત્ય. જો સામયિક પરિસ્થિતિઓની દૃષ્ટિએ વિચારીએ તો લોકમાનસને નિષ્કૃષ્ટતાથી ઉત્કૃષ્ટતા તરફ વાળવા માટે પણ આ જ ઉપાયનો તાત્કાલિક ઉપચારરૂપે પણ પ્રયોગ કરવો પડશે. વિચારક્રાન્તિ આ યુગની સૌથી મોટી આવશ્યકતા છે. આ વિચારક્રાન્તિ એટલી સજીવ હોવી જોઈએ કે તેની સાથે નૈતિક ક્રાન્તિ અને સામાજિક ક્રાન્તિ પણ ખેંચાઈ આવે. આ સમગ્ર વિચારક્રાન્તિનો શુભ આરંભ પોતાની જાતથી જ થઈ શકે છે. બીજાઓને શિક્ષણ આપવા માટે વાણી અને કલમ કંઈક હદ સુધી જ કારગત નીવડી શકે, સાચો પ્રભાવ તો ઉપદેશકના ચારિત્ર્યનો જ પડે છે. અનુકરણ માટે જયાં સુધી આદર્શ સામે ન હોય, ત્યાં સુધી તે કષ્ટસાધ્ય માર્ગ પર ચાલવાનું સાહસ લોકોમાં ઉત્પન્ન થતું નથી. ભૌતિક જાણકારી કલમ અને વાણીથી જ પૂરી થઈ શકે છે, પરંતુ આધ્યાત્મિક પ્રશિક્ષણ માટે તો શિક્ષકનું પરિવર્તિત જીવન જ મુખ્ય આધાર છે. આ સિવાય બીજાઓમાં તે પ્રકારનો ઉત્સાહ જ ઉત્પન્ન થઈ શકતો નથી, જેના આધારે વ્યક્તિમાં, સમાજમાં મહત્ત્વપૂર્ણ પરિવર્તન સંભવી શકે.

યુગનિર્માણનાં પગથિયાં છે (૧) આત્મનિર્માણ (૨) પરિવાર નિર્માણ (૩) સમાજ નિર્માણ. આમાંથી ક્રમશઃ એક પછી બીજાં પગથિયાં ચઢવા માટે અધિક યોગ્યતા અને સામર્થ્ય જોઈએ. સૌથી સરળ અને સૌથી આવશ્યક આત્મનિર્માણ છે. પ્રત્યેક સ્થિતિની વ્યક્તિ આ દિશામાં સતત આગળ ધપતી રહી શકે છે. અતિ વ્યસ્ત, સર્વ રીતે અયોગ્ય, અસમર્થ, એટલે સુધી કે રોગી-અપંગ વ્યક્તિ પણ આ માર્ગ પર ઉપયોગી કદમ આગળ વધારી શકે છે. આત્મનિરીક્ષણ કરીને ગુણ, કર્મ, સ્વભાવમાં ભરેલા દોષ-દુર્ગુણોને શોધી શકાય છે અને તેમને દૂર કરવાના પ્રયાસોનો આરંભ કરી શકાય છે. લોઢું લોઢાને કાપે અને વિચારોથી વિચારો કાપી શકાય છે. હીન આદતો, ઈચ્છાઓ અને માન્યતાઓ, જે આપણા મનઃક્ષેત્રમાં મૂળ નાખીને બેઠી હોય, તેને આત્મનિરીક્ષણની ટોર્ચ પ્રગટાવીને બારીકાઈથી શોધવી જોઈએ અને નિશ્ચય કરવો જોઈએ કે તેને દૂર કરીને જ જંપીશું. પ્રત્યેક અધમ વિચારના વિરોધી વિચારોની એક સુસજ્જ સેના ઊભી કરવી જોઈએ. તેમને નોંધી લેવા જોઈએ અને વારંવાર તેમના પર મનન-ચિંતન કરતા રહી મનઃક્ષેત્રમાં ઊંડાણ સુધી પ્રતિસ્થાપિત કરવા જોઈએ.

### કામુક્તાનો પણ ઉપચાર છે

આપણા અંતરમાં જો કામુક દૃષ્ટિએ મૂળિયા જમાવી દીધાં હોય, માનસિક અથવા શારીરિક વ્યભિચાર થતો રહેતો હોય, તો તે અપવ્યયથી થનાર શારીરિક, માનસિક, નૈતિક, સામાજિક નુકસાનની લાંબી યાદી નોંધી લેવી જોઈએ. જેમણે આ ખરાબ આદતોના સકંજામાં પોતાની જાતને ફસાવી રાખી, તેમણે જે દુષ્પરિણામો ભોગવવાં પડ્યાં, તેમના દૃષ્ટાંતો સામે રાખવાં જોઈએ. તેનાથી ઊલટું જેમણે સંયમ સાધ્યો તે પ્રાચીન અને અર્વાચીન વ્યક્તિઓનાં ઉદાહરણોની જીવનચર્યા નજર સામે લાવવી જોઈએ. કામુક્તાની પ્રવૃત્તિ કેટલી મૂર્ખતાપૂર્ણ અને કેટલી અહિતકારી છે, તે સંદર્ભમાં જો લાંબા સમય સુધી ચિંતન-મનન કરતા રહેવામાં આવે, તો બુદ્ધિ એટલાં તર્ક અને પ્રમાણો પ્રસ્તુત કરી દેશે કે આ દિશામાં થયેલ ઈચ્છા પ્રત્યેક દૃષ્ટિએ અનિચ્છનીય જણાઈ આવશે. મળ-મૂત્ર, અસ્થિ-માંસ જેવી ઘૃણિત વસ્તુઓની ઉપર જે મુલાયમ ચામડીનું આવરણ



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

છે, તેમાં સૌંદર્ય નિહાળવું અને તે પ્રતિ મુગ્ધ બનવું કેટલું ઉપહાસાસ્પદ છે ! કોઈ સ્વરૂપવાનના શરીરની ચામડી ઉખાડી નાખીને તેનું ચિંતન કરવામાં આવે તો પ્રતીતિ થશે કે સુંદર દેખાનારી કાયા હકીકતમાં ભયંકર ઘૃણાસ્પદ વસ્તુઓથી જ ભરેલી છે. તેનું સૌંદર્ય હંમેશાં દેખાવનું અને બનાવટી છે. તો આ દુષ્પ્રવૃત્તિને અપનાવીને આપણે પ્રાપ્ત તો કશું જ નથી કરતા, માત્ર ખોતાં જ રહીએ છીએ. આપણાં મૂલ્યવાન વસ્ત્રોમાં આગ લગાડીને થોડીવાર તાપણું કરવું બુદ્ધિમત્તાની કસોટી પર સાચું નથી ઊતરતું. આપણે આપણું પોતાનું તેજ, ઓજસ, બળ, વર્ચસ્વ જલાવીને ગાળી નાંખીને થોડીક ક્ષણોનું તુચ્છ મનોરંજન કરીએ, તેનાથી શું મળશે ? શું બનશે ? બીજા પાસેથી કંઈ મેળવવામાં લાભની વાત વિચારી શકાય તેમ છે. ચોરી-ઉઠાઉગીરી વગેરેથી કંઈક તો લાભ થાય જ છે, પરંતુ વ્યભિચારમાં તો તે બહુ મૂલ્યવાન સામર્થ્ય, જે શારીરિક અને માનસિક દૃષ્ટિએ અત્યંત ઉપયોગી હતું તેને ગંદા નાળામાં વહેવડાવી દેવાય છે. કૂતરો સૂકું હાડકું ચાવીને પોતાનાં જ જડબાં છોલી નાખે છે અને તેમાંથી વહેનાર લોહીને સૂકાં હાડકાંનો રસ સમજીને સ્વાદ લેતો રહે છે. આ મૂર્ખતામાં કૂતરો પોતાનું જ જડબું ઘાયલ કરે છે અને લાંબા સમય સુધી તેની પીડા સહન કરે છે. કામુકતાના પ્રયાસો લગભગ આ કક્ષાના છે. આ ઉપરાંત સમાજમાં જે અવ્યવસ્થા ફેલાય છે, મર્યાદાઓ તૂટવાથી પારિવારિક વિટંબણાઓ ઉત્પન્ન થાય છે, તેનાં નુકસાન તો અલગ છે. આવા અનેક આધારો કામુકતાની દુષ્પ્રવૃત્તિના વિરોધમાં વિચારી શકાય તેમ છે અને દરરોજ કેટલીય વખત ગંભીરતાપૂર્વક તેનું ચિંતન-મનન કરી શકાય તેમ છે.

## દાનવતાની સફળતાનું કારણ - આપણી કાયરતા

ઉપર આપેલ પંક્તિમાં કામ-વિકારની ચર્ચા કરવામાં આવી. અન્ય કુવિચારોના સંબંધમાં પણ આ જ વાત લાગુ પડે છે. ક્રોધ, લોભ, મોહ, મદ, મત્સર, ઈર્ષા, દ્વેષ, અહંકાર, આળસ, પ્રમાદ, દુર્વ્યય વગેરેના વિરૂદ્ધમાં પણ વિરોધી વિચારધારાની ઈંટો ખડકતાં એવી દીવાલ ઊભી કરી શકાય તેમ છે, જેની સાથે માથું પટકીને મનઃક્ષેત્ર પર આધિપત્ય જમાવનાર આસુરી વિચારોને નિરાશા અને અસફળતા સાથે પાછા હટવું પડે. આસુરીપણાનો આપણા ઉપર વિજય કેવળ એટલા માટે જ થાય છે કે આપણે તેમને સહન કરીએ છીએ અને તેને પોષણ આપીએ છીએ. હકીકતમાં તેમનામાં પોતાની અંગત એવી કોઈ ક્ષમતા નથી કે આપણી ઉપર વિજય પ્રાપ્ત કરી શકે. જ્યારે પણ અને જે પણ તેનો મક્કમતાપૂર્વક સામનો કરવા તૈયાર થશે, તેમને પોતાના શત્રુ માનશે, તિરસ્કાર કરશે, જેઓ તેમનો સાથ નભાવતાં થનાર અપાર નુકસાનનો વિચાર કરતા રહેશે, તેને આવા કોઈ પણ મનોવિકારથી કદીય પરાજિત થવું નહીં પડે. પાપ નહીં, આપણો અવસાદ જીતે છે. વિરોધ-પ્રતિરોધનો સામનો ન કરવો પડે, તો નાના નાના કીડા પણ મૂલ્યવાન વસ્તુઓને, સુદૃઢ શરીરોને ખોખલું કરી મૂકે છે. પછી મનોવિકારો હકીકતમાં કેટલાય દુર્બળ કેમ ન હોય, પ્રતિરોધ રહિત મનઃક્ષેત્ર પર કબજો જમાવી

> **વિદ્યા પ્રાપ્તિ માટે ઘણીવાર સગવડો હોતી નથી. સાધનોની ઊણપ રહે છે તથા શારીરિક, માનસિક પરિસ્થિતિઓ અવરોધ ઊભો કરે છે, પરંતુ જો જ્ઞાનપ્રાપ્તિની તીવ્ર આકાંક્ષા ઉત્પન્ન થઈ જાય તો મનુષ્ય પ્રત્યેક સ્થિતિમાં પોતાના ઉદ્દેશની પૂર્તિ માટે અવસર પ્રાપ્ત કરી શકે છે. સંત વિનોબા ભાવે સિત્તેરથી વધુ ઉંમર થઈ જવા છતાં પણ ભૂદાન આંદોલનમાં રાત દિવસ મંડ્યા રહેતા હતા, સાથોસાથ વિશ્વની સૌથી વધુ અઘરી ચીની ભાષાનું અધ્યયન પણ કરતા હતા. તેઓ પોતાના વ્યસ્ત કાર્યક્રમની વચ્ચે પણ વિશ્વની મુખ્ય દસ ભાષાઓ બહુ જ સારી રીતે શીખી ચૂક્યા હતા અને આગળ ઘણુંબધું શીખવા માટે પ્રયત્નશીલ હતા.**


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

જ દેશે. આમાં તેમની સમર્થતા અને પ્રબળતા કારણભૂત નથી પરંતુ ઉપેક્ષા, મૂર્છા, કાયરતાને જ દોષિત ગણવામાં આવશે. સતર્કતા, જાગરૂકતા અને પ્રતિરોધ કરવાની ક્ષમતા જેમણે પણ વિકસિત કરી છે, તેમણે મનોવિકારોથી પરાજિત થવાનો ખરાબ દિવસ કદી પણ જોવો નહીં પડે.

## હીન પ્રયોજનોમાં પણ સફળતાનું કારણ - સદ્‌ગુણ

સત્પ્રવૃત્તિની અભિવૃદ્ધિ આત્મનિર્માણનું, આત્મવિકાસનું બીજું ચરણ છે. સદ્‌ગુણોના અભાવમાં આપણે નિસ્તેજ જીવન જીવીએ છીએ. સમૃદ્ધિ, શક્તિ, વિભૂતિ, પ્રતિભા અને સફળતા કોઈની પાસે આકાશમાંથી આવીને ટપકતી નથી. તેને સદ્‌ગુણોની પ્રતિક્રિયા પણ કહી શકીએ. શું ભલા કે શું ખરાબ, હરેક કક્ષાના લોકો સફળતા, પોતાના સદ્‌ગુણોના આધારે જ પ્રાપ્ત કરે છે. ડાકુ સુધ્ધાં ત્યારે જ સફળ થાય છે, જ્યારે તેમનામાં શૌર્ય, સાહસ, નિર્ભયતા અને સતર્કતા જેવા ગુણો અધિક હોય. આ ગુણો જો તેનામાં ન હોય તો ડાકુગીરી તેનાથી થઈ જ નહીં શકે. ચોર અને ખિસ્સાકાતરુની ચતુરાઈ અને કુશળતા ઉચ્ચ સ્તરની હોય છે. બીજાના બેધ્યાનપણાનો લાભ ઉઠાવવો અને પોતાના દુષ્કૃત્યને છુપાવવા માટે તેણે સૂક્ષ્મ બુદ્ધિનો અસાધારણ પરિચય આપવો પડે છે. જો આ સદ્‌ગુણોનો અભાવ હોય તો ચોરી, ખિસ્સાં કાતરવાનું બની જ ન શકે. કોઈ કરશે તો નિષ્ફળ રહેશે. મધુર ભાષણ અને બીજાઓનો વિશ્વાસ પ્રાપ્ત કરવાની કલા આવડતી હોય ત્યારે જ ઠગાઈ સફળ નીવડે છે. બનાવટી રૂપથી જ ભલે, પણ છળ આચરવામાં સફળતા ત્યારે જ સાંપડશે, જ્યારે બીજાઓના ઉપર પોતાની વિશ્વસનીયતાની છાપ પાડતાં સારી રીતે આવડતું હોય. તેના વિના તો છળ-પ્રપંચનો પ્રયાસ શરૂઆતથી જ ખુલ્લો પડી જશે.

## સદ્‌ઉદ્દેશોની પૂર્તિમાં સદ્‌ગુણ જ સહાયક

આ બધી તો હલકાં પ્રયોજનો માટે સદ્‌ગુણોના ઉપયોગની વાત થઈ. સદ્‌ઉદ્દેશોની પૂર્તિ માટે સફળતા પ્રાપ્ત કરવી તે વ્યક્તિત્વમાં ઉપયોગી સદ્‌ગુણોની સ્થાપના કર્યા વિના બની જ શકતું નથી. દુર્ગુણી વ્યક્તિ તો ઉપલબ્ધ સંપત્તિની રક્ષા સુધ્ધાં કરી શકતી નથી. સહજમાં જ જે કાંઈ તેને પ્રાપ્ત થયું છે, તેનો પણ ઉચિત લાભ ઉઠાવવો તે તેના માટે સંભવ નહીં બને. કેટલાય દુર્ગુણી લોકો પોતાના બાપ-દાદાઓએ વારસામાં મૂકેલી વિપુલ સંપત્તિને થોડાક જ દિવસોમાં દારૂગોળાની જેમ ફૂંકી મારી ખતમ કરી દે છે. સગવડ અને સન્માનભરી પ્રાપ્તિઓથી જોતજોતામાં તેઓ હાથ ધોઈ બેસે છે. આનાથી ઊલટું ગરીબાઈ અને મુશ્કેલીઓની અભાવગ્રસ્ત અગવડભરી પરિસ્થિતિઓમાં જન્મેલું બાળક પોતાની ઉત્કટ ઈચ્છાશક્તિ, શ્રમસાધના, અભ્યાસ અને તક શોધવાના પ્રયાસને અપનાવીને ઉન્નતિના ઉચ્ચ શિખર પર જઈ પહોંચે છે. પોતાના હાથે પોતાની કેડી કંડારે છે અને પ્રગતિના ઉચ્ચ શિખર પર જઈ પહોંચે છે.

સદ્‌ગુણોનો અર્થ સત્ય, અહિંસા, બ્રહ્મચર્ય, ઈશ્વરભક્તિ જેવા ઉચ્ચ આદર્શો સુધી જ સીમિત ન બનાવવો જોઈએ. તેનો પરિઘ અંતરંગ અને બહિરંગ જીવનના પ્રત્યેક ક્ષેત્ર સુધી ફેલાયેલો છે. સમગ્ર વ્યક્તિત્વને પરિશુદ્ધ, સજ્જનને ઉચિત અને પ્રામાણિક બનાવનારી બધી આદતો અને વૃત્તિઓને સદ્‌ગુણોની સીમામાં સામેલ કરવામાં આવશે. કોઈ વ્યક્તિ જૂઠું નથી બોલતી, ચોરી નથી કરતી, વ્યભિચારથી બચી ગયેલ છે, આ બચાવ યોગ્ય છે અને અનુકરણીય પણ છે, પરંતુ આટલા માત્રને આત્મનિર્માણ માની બેસવું એ અપર્યાપ્ત બનશે. જીવ-જંતુ અને વૃક્ષ-વનસ્પતિ પણ અસત્ય, ચોરીથી બચતાં રહે છે. આ સ્થૂળ સદાચારનું આંશિક પાલન માત્ર જ થયું. આટલા માત્રથી આત્મવિકાસનું લક્ષ્ય પૂરું થતું નથી. મનમાં હલચલ મચાવનાર બેચેનીનો પણ અંત થવો જોઈએ. જે ઉદ્વેગો અને વિકારોએ મનઃક્ષેત્રને અસ્તવ્યસ્ત બનાવી દીધું છે, તેમનું પણ નિરાકરણ થવું જોઈએ. ગુણ, કર્મ, સ્વભાવમાં ઉત્કૃષ્ટતાનો અભાવ હોવા માટે જે સર્વતોમુખી દરિદ્રતા છવાયેલ છે, તેનો પણ અંત આવવો જોઈએ.



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

પરિવાર નિર્માણ સ્તંભ

# કુટુંબને સુવ્યવસ્થિત કરવાનું પણ આવશ્યક

યુગનિર્માણ પરિવારનું બીજું ચરણ છે - પરિવાર નિર્માણ. સામાન્ય રીતે દરેક મનુષ્ય પરિવાર રચીને રહે છે. જે લોકો લગ્ન નથી કરતા તેઓ પણ મા-બાપ, ભાઈ-બહેન વગેરેની સાથે રહે છે. આ પણ પરિવાર જ થયો. સ્ત્રીઓ અને બાળકો સુધી જ પરિવારની સીમા બાંધી શકાય નહિ. એટલું જ નહિ વૈરાગી, સંત, મહાત્મા બધા જમાત બનાવીને રહે છે. આશ્રમ, સંપ્રદાય, મંડળી બનાવે છે. ગુરુ-શિષ્યોની પરંપરા ચાલે છે અને પરિવાર બની જાય છે. કોઈ ઉદ્યોગ-વ્યવસાય જો આત્મીયતા સાથે ઉચ્ચ આદર્શોને સામે રાખીને ચલાવવામાં આવે, તો સાથે કામ કરનાર પણ પરિવાર જ બની જાય છે. વિદ્યાર્થીઓ અને અધ્યાપકોનો સંબંધ હકીકતમાં એક પરિવાર જ છે. પ્રાચીનકાળમાં ગુરુકુળ આ જ આદર્શ પર ચાલતાં હતાં. થોડી વધુ ઉદાર દૃષ્ટિનો વિકાસ થાય, તો પ્રદેશ, દેશ, ધર્મ વગેરેની સીમા ઉલ્લંઘીને વિશ્વ પરિવાર પર જઈને અટકે છે, ત્યારે 'વસુધૈવ કુટુંબકમ્' એક કલ્પના નહીં, વ્યાવહારિક સત્ય દૃષ્ટિગોચર થાય છે. પૂર્ણ એકાકી તો કોઈ જડ, મૃતક અથવા પરમહંસ જ રહી શકે છે. સામાન્ય મનુષ્યનો જ્યાં સુધી પ્રશ્ન છે, તેણે પરિવાર બનાવીને જ રહેવું પડે છે. સ્નેહ-સહયોગનું જ્યાં સુધી આદાન-પ્રદાન ન હોય, ત્યાં સુધી આત્માની તૃપ્તિને સમાધાન મળતું નથી.

### પરિવાર એક રીતે નાનું રાષ્ટ્ર છે

પરિવાર એ સુવિસ્તૃત સમાજનું એક નાનકડું સંસ્કરણ છે. યુગનિર્માણની ક્ષમતા વિકસિત કરવા માટે આપણે પરિવાર નિર્માણની પાઠશાળામાં પ્રશિક્ષણ પ્રાપ્ત કરવું જોઈએ. ભોજન-વસ્ત્રની, મોજ-શોખની, શિક્ષણ-સુવિધાની વ્યવસ્થા કરવાથી જ પરિવારની આવશ્યકતા પૂર્ણ થઈ જતી નથી, પરંતુ તે નાનકડા ક્ષેત્રમાં એવું વાતાવરણ બનાવવું પડે છે, જેમાં રહેતા જીવો દરેક દૃષ્ટિએ સમુન્નત, સુસંસ્કૃત બની શકે. વધારે ખર્ચ કરવાથી, અધિક સગવડ-સાધન રહેવાથી, નોકર-ચાકરની વ્યવસ્થા રહેવાથી, ઘર સ્વચ્છ-સુઘડ અને સજાવટભર્યું રહી શકે છે. સંપન્નતાના આધારે સુંદર ભોજન-વસ્ત્ર, એશ-આરામ, વિનોદ-મનોરંજનનાં સાધનો મળી શકે છે, પરંતુ વ્યક્તિત્વને સમગ્રરૂપે વિકસિત કરનાર સુસંસ્કાર કેવળ યોગ્ય વાતાવરણમાં જ સંભવી શકે છે. આવું વાતાવરણ ક્યાંય બનાવેલું તૈયાર મળતું નથી કે નથી તે ખરીદી શકાતું. તે વાતાવરણને તો સ્વયં બનાવવું પડે છે.

### ગુરુકુળોની ખોટ પરિવાર ભરપાઈ કરે

પ્રાચીનકાળનાં ગુરુકુળોની વાત જુદી હતી, ત્યાં ઉત્કૃષ્ટતાનું વાતાવરણ કાયમ રહેતું હતું. ઘર અને પરિવારમાં જે ઊણપ રહેતી હતી તેની પૂર્તિ ત્યાં થઈ જતી હતી. ઋષિ-તપસ્વી પોતાના જ્ઞાન, કર્મ અને પ્રભાવથી વિદ્યાર્થીઓના ચરિત્ર નિર્માણની આવશ્યકતા પરિપૂર્ણ કરતા હતા, પરંતુ હવે આવાં ગુરુકુળો, વિદ્યાલયો પણ ક્યાં છે? હવે તો આ આવશ્યકતા પ્રત્યેક સદ્ગૃહસ્થે પોતે જ પૂરી કરવી પડશે. તે જો પૂરી કરવામાં નહીં આવે, ઘરમાં સંસ્કારી વાતાવરણ બનાવી નહીં શકાય, પરિષ્કૃત પરંપરાઓનું પ્રચલન ન કરી શકાય, તો તે ઘરમાં રહેનાર, પાલન-પોષણ પામનાર લોકો ભૂત-પિશાચ જ બની રહેશે. સ્વાસ્થ્ય, શિક્ષણ, ચાતુર્યની દૃષ્ટિથી તેઓ ગમે તેટલા સારા હોય, માનવીય સદ્ગુણોથી વંચિત જ રહેશે. કોણ કેટલું કમાય છે, કેટલો મોટો ગણાય છે, એ વાત અલગ છે અને કોનું વ્યક્તિત્વ કેટલું સમુન્નત છે, આ પ્રશ્ન બિલકુલ અલગ છે. મોટો માણસ બનવાનું સરળ છે. શ્રેષ્ઠ સજ્જન બનવું કઠિન છે. સુખ-શાંતિપૂર્વક રહેવા અને પોતાના સાથીઓને પ્રસન્ન અને સંતુષ્ટ રાખવા માટે મોટપની નહિ, મહાનતાની જરૂર પડે છે. તેનું જ ઉપાર્જન માનવજીવનની સૌથી મોટી ઉપલબ્ધિ છે. કોઈ પરિવાર આ દિશામાં જેટલો સફળ થાય છે, તેટલી જ તેની સાર્થકતા માની શકાય છે.

### પરિવારમાં સારું વાતાવરણ બને

ઘરના વાતાવરણમાં જો અનિચ્છનીયતાઓ, વિકૃતિઓ ફેલાઈ પડી છે, તો તેનું એકમાત્ર કારણ સદ્પ્રવૃત્તિઓ, સદ્ભાવનાઓ ઉત્પન્ન કરી શકનાર વાતાવરણનો અભાવ છે. તે પેદા કરવાથી જ સમસ્યાઓ ઉકેલાશે. અંધકારનું પોતાનું કોઈ સ્વતંત્ર અસ્તિત્વ નથી, પ્રકાશનો અભાવ એ જ અંધકાર છે. બરાબર આ જ વાત પારિવારિક વાતાવરણને લાગુ પડે છે. જ્યાં સદ્ભાવનાઓ આરોપિત પલ્લવિત નહીં કરવામાં આવી હોય ત્યાં દુર્ભાવનાઓની, દુષ્પ્રવૃત્તિઓની, કાંટાળી ઝાડીઓ ઊગશે જ અને તેના કાંટા વાગ્યા વિના રહેશે જ નહીં. આ જ છે પારિવારિક કલેશ-કલહનું દાર્શનિક કારણ. બાહ્ય દૃષ્ટિએ લડવા-ઝઘડવાનાં અથવા જાનની મલિનતાનાં બીજાં સ્થૂળ કારણો પણ હોઈ શકે



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

છે. તેમનું નિવારણ પણ કરી શકાય છે. તો પણ આંતરિક દુર્બુદ્ધિ જ્યાં છે, ત્યાં દ્વેષ અને કલેશને માટે કોઈ ને કોઈ બહાનાં સામે આવતાં જ રહેશે અને દુર્ગંધભર્યો નારકીય સડો ઉત્પન્ન કરતાં જ રહેશે. આવા ઘર-પરિવારમાં રહીને કોઈ વ્યક્તિ ન તો સુખી-સંતુષ્ટ રહી શકે છે કે ન જીવનમાં મહત્ત્વપૂર્ણ પ્રગતિ કરી શકવા યોગ્ય ગુણ, કર્મ, સ્વભાવનો અભ્યાસી બની શકે છે.

અવાંછનીય વાતાવરણમાં પાલન-પોષણ પામતી વ્યક્તિ હલકી અને પછાત સ્થિતિમાં જ જિંદગી ગુજારતી હોય છે. અધિક પૈસા, અધિક ઠાઠમાઠ અને અધિક વૈભવ પામીને માણસ બીજાઓને આકર્ષિત કરી શકે છે, પરંતુ તેની સુખ-શાંતિમાં સહેજ પણ વૃદ્ધિ થતી નથી. આનંદ અને ઉલ્લાસ તો કેવળ સુસંસ્કારી વ્યક્તિઓના હિસ્સામાં જ આવે છે. તેઓ પોતે જ સ્વયં સંતુષ્ટ રહે છે અને સાથીઓને આનંદ આપે છે. પ્રસન્ન રહેવા અને પ્રસન્ન રાખવાની વિશેષતા જ દેવપ્રકૃતિ કહેવાય છે, હકીકતમાં આ જ સૌથી મોટી દોલત છે. અભાગી લોકો પૈસાને સર્વ કાંઈ માને છે અને તેને માટે જ મરે છે. વિવેકી લોકો જાણે છે કે પરિષ્કૃત દૃષ્ટિકોણથી સદ્‌ભાવનાઓથી વધારે આનંદદાયક વસ્તુ આ વિશ્વમાં બીજી કોઈ નથી. તેથી તેઓ તેના ઉપાર્જન-અભિવૃદ્ધિ પર ધ્યાન આપે છે. ભલે પછી પૈસાની દૃષ્ટિએ તેમને ગરીબોની શ્રેણીમાં જ કેમ ન રહેવું પડે.

## ગૃહવ્યવસ્થાની આવશ્યકતા

પરિવાર નિર્માણનું પોતાનું પ્રયોજન ગૃહ સજાવટ કહી શકાય એટલું જ માત્ર નથી, સમાજનિર્માણની દૃષ્ટિએ પણ આ પ્રારંભિક અને ઉચિત કદમ છે. જરૂરિયાત તો તેની પણ છે, પરંતુ એટલું કરી લેવાથી પણ કોઈ પ્રયોજન સિદ્ધ થઈ શકતું નથી. અમીર લોકો ગૃહ સજાવટ માટે નોકર રાખે છે. સફાઈ, સુવ્યવસ્થા અને સજાવટ માટે જો નોકર-ચાકર હાજર હોય, તો આ કાર્ય થઈને જ રહેશે. કુશળ ગૃહિણીઓ પણ જો આળસ વગરની, સ્ફૂર્તિવાન અને સુરુચિપૂર્ણ પ્રકૃતિની હોય તો, તેઓ જાગૃત રહીને હરતાં ફરતાં ગંદકી અને અવ્યવસ્થાને દૂર કરતી રહે છે. વાતવાતમાં બધું જ સુંદર સુવ્યવસ્થિત બની રહે છે.

હકીકતમાં કચરો-પૂંજો તો માનસિક ગંદકીનું જ નામ છે. ફૂવડ પ્રકૃતિ જ ઘરમાં સર્વત્ર અવ્યવસ્થા ફેલાવતી રહે છે. કામને અધૂરું છોડવાની આદતનું નામ જ ગંદકી છે. જેમની પ્રકૃતિમાં પૂરું કામ સંકેલીને જ આગળ વધવાની આદત વણાયેલી છે, તેને કશું શીખવવું પડતું નથી. આવી પ્રકૃતિ દરેક વસ્તુને સુંદર સુવ્યવસ્થિત બનાવી દે છે. ઘરનો સામાન, વાસણો, રાચરચીલું, દીવાલો, છતો, ઓરડાઓ, કોઠાર, ગટર, પાયખાનાં, કપડાં, પુસ્તકો, ખાદ્યપદાર્થો વગેરે સારી રીતે સંભાળવા-સમજાવવામાં આવે, તે વિષયક શિક્ષણનું જ્ઞાન જ આ દિવસોમાં શાળાઓમાં 'ગૃહવિજ્ઞાન'ને નામે શીખવવામાં આવે છે. આ વ્યવહાર જ્ઞાન છે. આટલું સર્વ જાણી લીધા પછી પણ જો આળસુ અને ફૂવડ પ્રકૃતિ સ્વભાવનું એક અંગ બની રહે તો પછી બધું ભણ્યું-ભણાવ્યું નિરર્થક છે.

## ધન અને શિક્ષણનો અભાવ ગૃહવ્યવસ્થામાં બાધક નથી

ગૃહવિજ્ઞાન શીખવનારી અધ્યાપિકાઓના ઘરો જ્યારે નરક જેવી ગંદકી અને અસ્તવ્યસ્તતાથી ભરેલાં દેખાય છે, ત્યારે એમ જ માનવું પડે છે કે જાણકારી પ્રાપ્ત કરી લેવાથી કશું જ નીપજતું નથી, મૂળ બાબત સ્વભાવ સુધારવાની છે. જો તે કોઈ રીતે શક્ય બની શકે તો સર્વથા નિરક્ષર હોવા છતાં પણ ગૃહ સજાવટની સમસ્ત આવશ્યકતાઓ કોઈના પણ શીખવ્યા વિના કે ભણાવ્યા વિના પણ પોતાની ભૌતિક સૂઝસમજથી શક્ય અને સંપન્ન થઈ શકે છે. નિર્ધનતા, રોગીષ્ઠતા અને વ્યસ્તતા હોવા છતાં પણ જ્યાં સુરુચિ જીવંત હશે, ત્યાં સુંદરતા અને સુસજ્જતા અનાયાસ જ આવી રહેશે. આનાથી ઉલટું આળસ, અને ફૂવડ પ્રકૃતિ, અનેક સહાયકો તથા સાધનો હોવા છતાં પણ ડગલે ને પગલે વિખરાયેલી કુરૂપતા, કુરૂચિ અને ગંદકીનો પરિચય કરાવતી રહેશે.

આ પંક્તિઓમાં અહીં એ જણાવવામાં આવ્યું નથી કે ઘરને સાફ સુઘડ રાખવા માટે કઈ રીતે અને શું શું કરવું જોઈએ. દીવાલો પર રંગ સજાવટ, ફર્નિચર પર વાર્નિશ-પોલીશ, કપડાંની ધોલાઈ, પડદાઓનું રંગકામ, ઝાડુ મારવું-લૂછવું અને ચીજવસ્તુઓને યથાસ્થાને યથાવત્ રાખવી, પુસ્તકોમાં લખેલું ભલે હોય, પરંતુ તેનું વાસ્તવિક શિક્ષણ દૈનિક અભ્યાસથી જ મળી શકે છે. જે ઘરોમાં આ પ્રમાણે બનતું રહે છે, તેમાં પાલન પોષણ પામતી છોકરીઓ જ્યાં પણ જાય છે ત્યાં સુરુચિપૂર્ણ સજાવટ-સુશોભન, વાતાવરણમાં રચી દે છે. આ પ્રકારની આદત ન હોય, સ્વભાવ ન હોય, તો પછી દરેક વાત પર કહેવા-સાંભળવાની અને ધમકાવવા-ઝઘડવાની આવશ્યકતા ઊભી થશે. આનાથી પણ કોઈ કામ સરશે નહિ, કલહ અને અસંતોષ વધતા જશે. ગૃહસજાવટ જેવો નાનકડો વિષય પણ મૂળરૂપે ઘરના સભ્યોની પ્રકૃતિ સાથે જોડાયેલ છે. તેની કક્ષા જો કદાચ સુધરેલી હોય તો કોઈ અભણ મહિલા ભાષણ આપવાનું ભલે ન જાણતી હોય, વ્યવહારરૂપે એટલું બધું કરીને



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

દેખાડી શકે છે કે ગૃહવિજ્ઞાન ભણાવનારી અધ્યાપિકા પણ માથું ઝુકાવીને રહી જશે. આપણે આ સુરુચિના વિકાસને ઘરની સુવ્યવસ્થાનું મૂળભૂત કારણ માનીને ચાલવું જોઈએ અને તેના વિકાસ માટે ઉપયોગી વાતાવરણ તૈયાર કરવું જોઈએ.

## પરિવાર નિર્માણની જવાબદારી પોતે ઉપાડવી પડશે

પરિવાર નિર્માણ વાસ્તવમાં એક દર્શન છે. ક્રિયાકાંડ સુધી જ તેને સીમિત ન રાખી શકાય. જે પ્રકારની વ્યવસ્થા અપેક્ષિત હોય, તેને માટે પરિવારના લોકોની મનઃસ્થિતિનું નિર્માણ કરવું જોઈએ. આ હેતુ ત્યારે જ સફળ થઈ શકે, જ્યારે આપણો મનોયોગ, સમય અને શ્રમ તેને માટે નિયમિતરૂપે ફાળવવામાં આવે. આ અભિરુચિ, તત્પરતા અને સંલગ્નતા ત્યારે જ ઉત્પન્ન થઈ શકે છે, જ્યારે પરિવાર નિર્માણની આવશ્યકતાને ગંભીરતાપૂર્વક સમજવામાં આવે અને એ વિચારવામાં આવે કે આ મહાન જવાબદારી નિભાવવી કેટલી બધી મહત્ત્વપૂર્ણ છે. આ કામ નોકરો પાસે કે બહારના માણસો પાસે કરાવવાનું નથી. પરસ્પર લોકો બતાવી-શીખવી શકે છે, પરંતુ પરિવારના લોકો સાથે હળીમળી જઈ શકતા નથી. ઘનિષ્ઠ આત્મીયતાભર્યું પોતાપણું જ આંતરિક આદાન-પ્રદાનનું માધ્યમ હોય છે. મનોસ્થિતિ પર પ્રભાવ પાડવાની ક્ષમતા કેવળ તેમનામાં જ હોય છે, જેઓ અંતરના ક્ષેત્રનો સ્પર્શ કરે. વિશેષતઃ સ્વભાવ અને દૃષ્ટિકોણમાં પરિષ્કૃત પરિવર્તન કરવા માટે તો આવા જ શિક્ષકની જરૂર છે. આવો શિક્ષક બહાર શોધવો નકામો છે, આ કાર્ય ખુદ આપણે જ કરવું પડશે. ભોજન, સ્નાન, નિદ્રા, વિનોદ આદિની આવશ્યકતાઓ પૂરી કરવા માટે શ્રમ આપણે પોતે જ કરવાનો હોય છે. આ ઉદ્દેશ બીજાઓ દ્વારા પૂરો કરાવી શકતો નથી. પરિવાર નિર્માણનું કાર્ય પોતાના સિવાય બહારના લોકો પાસે કરાવી શકાતું નથી. આજની સ્થિતિમાં આ તથ્યને આપણે પૂરેપૂરી રીતે ધ્યાનમાં રાખવું જોઈએ. બીજાઓ થોડો સમય પૂરતી સલાહ આપી શકે છે અથવા ક્ષણિક પ્રભાવ પાડી શકે છે. સારા સંસ્કારોનાં મૂળ જમાવવા માટે જે અભ્યાસની લાંબો સમય અને અવિરત જરૂર પડે છે, તેની પૂર્તિ કોઈ બહારની વ્યક્તિ ક્યાં સુધી અને કેટલી કરશે?

## પરિવારની પ્રયોગશાળામાં આપણું પોતાનું નિર્માણ

પ્રશ્ન એટલો જ નથી કે પરિવારનું વાતાવરણ સારું બનાવવામાં આવે અને પરિવારજનોને સુસંસ્કૃત કક્ષા સુધી પહોંચાડવામાં આવે. આ તો કેવળ એક પક્ષની વાત થઈ. પરિવાર નિર્માણનો બીજો પક્ષ આથી પણ વધુ મહત્ત્વનો છે. તે છે - પોતાની અંગત આદતો, આસ્થાઓ અને ગતિવિધિઓનું નિર્માણ-નિયંત્રણ કરવું. આ કાર્ય પરિવારની પ્રયોગશાળામાં જ શક્ય બને છે. પાણીમાં પડ્યા વિના તરવાનું ક્યાંથી આવડે ? વ્યાયામશાળામાં પ્રવેશ કર્યા વિના પહેલવાન કોણ બની શકે છે ? વ્યક્તિઓના સંપર્કમાં આવીને જ આપણા ગુણ, કર્મ, સ્વભાવની ઉત્કૃષ્ટતાનો અભ્યાસ કરવામાં આવે છે. એકાકી ચિંતન-મનન, અધ્યયન, પ્રવચન કરતા રહેવાથી કેવળ બૌદ્ધિક સમાધાન જ સાંપડે છે. સત્પ્રવૃત્તિઓ અભ્યાસથી જ પરિપક્વ બને છે. અભ્યાસ માટે સાધન જોઈએ. આ પ્રયોજન માટે પરિવારથી વધીને બીજું કોઈ ઉપયોગી માધ્યમ હોઈ જ ન શકે. જે લોકોની વચ્ચે આપણે રહેવું પડે છે, તેમને સુધારવા માટે પ્રયાસ કરવો તે વસ્તુતઃ પોતાની પ્રકૃતિને જ સુધારવા જેવું છે. વાદ-વિવાદ કરવો હોય તો વાત જુદી છે. જો સાચેસાચ કોઈના પર પણ બદલવા યોગ્ય પ્રભાવ પાડવો હોય, તો તેનો એકમાત્ર ઉપાય આપણી પોતાની સ્થિતિને પ્રભાવ પાડવા યોગ્ય બનાવવી તે જ હોઈ શકે. જે આ દિશામાં વાસ્તવમાં આગળ વધવા ઈચ્છતા હશે, તેણે પોતાની પ્રભાવશાળી ક્ષમતા વધારવી પડશે. પોતાનું અનુકરણીય ઉદાહરણ પ્રસ્તુત કરવું પડશે. પોતાના વ્યક્તિત્વને એટલું પ્રામાણિક બનાવવું પડશે કે જેના સંપર્કમાં આવે તેના પર છાપ પડે. પરિવાર નિર્માણ માટે પ્રયાસ કરવો તે વાસ્તવમાં પોતાની શ્રેષ્ઠ માન્યતાઓને મૂર્તરૂપ આપવા માટે પ્રયોગશાળામાં પ્રવેશ કરવા બરાબર છે. પરિજનોના માધ્યમથી પોતાની શાલીનતા અને ક્રિયાકુશળતાને વિકાસ ઉન્મુખ બનાવવાનો છે. આ રીતે પરિવાર નિર્માણની દિશામાં કરવામાં આવતા પ્રયાસો કેવળ કુટુંબીઓની સાર્થક સેવા જ સંપન્ન નથી કરતા, પરંતુ આપણા વ્યક્તિત્વને પણ નિખારે છે. આપણી આદતોમાં પણ ઉત્કૃષ્ટતાનો સમુચિત સમાવેશ કરે છે, આ બમણા લાભની પ્રક્રિયા સર્વથા અપનાવવા યોગ્ય છે. પરિવાર નિર્માણ બમણી સફળતા પ્રસ્તુત કરે છે - સુસંસ્કૃત પરિજન કેવળ પોતાને માટે જ નહીં, પરંતુ નિર્માણકર્તાને માટે પણ આનંદભર્યું અનુદાન પ્રસ્તુત કરે છે. 'મેંદી પીસનારના હાથ રંગાય છે' ઉક્તિ અનુસાર આ કાર્યમાં સામેલ વ્યક્તિને આત્મનિર્માણનો લાભ પણ મળે જ છે.



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# કેવળ થોડું જ

રોગગ્રસ્ત બાળક પથારીમાં પડ્યો છે. તે કહે છે - ના મા, આજે તો વૈદ્ય, મને ભોજન માટે ખાસ મનાઈ ફરમાવી ગયા છે. તેઓ કહી ગયા છે કે આજે તું કાંઈ જ ખાઈશ નહિ, કેમ કે તેનાથી તારા સ્વાસ્થ્યને નુકસાન થશે. પરંતુ પાસે ઉભેલી અમ્મા ભોજનથી ભરેલી થાળી હાથમાં રાખી કહી રહી છે 'ના બેટા, થોડું તો ખાઈ જ લે, અને જો બીજું કાંઈ ન ખાય, તો થોડી ખીર તો ખાઈ જ લે. હાય ! શું બાળક દિવસ આખો ભૂખ્યો જ રહેશે ?'

એક વિચિત્ર જેવી અવસ્થા આવી પડતાં સત્યવ્રતી કહી રહ્યો છે, 'ના ભાઈઓ, સત્યના મહાવ્રતનું પાલન કરવાનો મહિમા તમે બિલકુલ જાણતા નથી. હું બીજું શું કહું ? પરંતુ બીજા બધા લોકો કહે છે કે 'થોડુંક જ' એક વાર જૂઠું બોલવામાં ભલા શું નુકસાન છે ? એક વાર તો ધર્મરાજ યુધિષ્ઠિરે પણ અસત્ય ઉચ્ચાર્યું હતું. 'થોડું જ' જૂઠું ન બોલવાથી બન્યું બનાવેલું કામ આખેઆખું બગડી જશે.

મોટાં પ્રલોભનનો સમય છે, જ્યારે યતી કહી રહ્યા છે કે, 'ભાગી જાવ' મારી સામે તમારું કોઈ કામ નથી. શું તમને ખબર નથી કે હું કોણ છું? પરંતુ ચારે તરફ ડોલતી-ફરતી મોહિની મૂર્તિઓ પોતાની ચેષ્ટાઓ દ્વારા કહી રહી છે કે અરે 'થોડો જ' આનંદ એક વાર લઈ જો, પછી ભલે છોડી દેજે. થોડોક જ, થોડો જ !

પ્રકૃતિ દેવીની ગોદમાં ઊછરેલો એક યુવક આ બજારુ દુનિયામાં નવો નવો આવ્યો છે. સ્થળે સ્થળે તેને મિત્ર, સલાહકાર મળે છે. અરે થોડુંક માંસ તો ખાવું જ જોઈએ, તેનાથી શરીરમાં તાકાત આવે છે. નુકસાન તો વધુ ખાવાથી થાય છે. મિત્ર, શરાબનું થોડુંક સેવન તો અવશ્ય કરવું જોઈએ, તેનાથી દિલ પ્રસન્ન રહે છે. થોડો મસાલો, ચટણી, ચૂર્ણ વગેરે ખાવું આવશ્યક છે. ડોકટરો પણ આવું જ કહે છે. તેમના વિના ભોજન પચી જ નથી શકતું. ભોજન પછી ધૂમ્રપાન (સિગારેટ, તમાકુ) અત્યંત ઉપયોગી છે. આખો દિવસ પીવાનું કોણ કહે છે ? થોડુંક અમથું ભોજન પછી.

વીંછી કહે છે - મને ફક્ત 'થોડુંક' જ કેવળ મારા પોતાના પાતળા ડંખની એક અણીભર ડસવાનું સ્થાન તમારા શરીરમાં આપો, પછી બાકીના શરીરને હું કશું જ નહીં કરું.

-આગ લગાવનાર કહે છે કે થોડો એક તણખો આપના છાપરાના એક ખૂણામાં લગાવવા દો, હું અન્ય કાંઈ માગતો નથી.

- પાપભાવ કહે છે કે મને આપના હૃદયમાં થોડુંક અમથું સ્થાન આપી દો, હું ત્યાં એક ખૂણામાં ચૂપચાપ બેસી રહીશ, કશું પણ કરીશ નહીં.

- ચતુર શાસક કહે છે કે તમે ફક્ત 'થોડો અમથો' એક પૈસા ભાર આપની અમુક વસ્તુ પર કર લગાવી લેવા દો, તેથી વધારે કંઈ નહીં.

- વિદેશી વેપારી આવીને કહે છે કે તમે તમારા વિશાળ દેશના એક કિનારા પર 'થોડીક' ભૂમિ અમને આપી દો, કેવળ એક મકાન બનાવી શકાય

**એક માણસની ગાડી કાદવમાં ફસાઈ ગઈ. બાળકોએ બહુ જોર કર્યું. પરંતુ ગાડી બહાર ન નીકળી. તે માણસ ગાડીમાંથી ઊતરીને હનુમાનજીની માનતાઓ માનવા લાગ્યો. ત્યાંથી એક પંડિત આવી રહ્યા હતા. તેમણે કહ્યું, 'ભાઈ, પહેલાં પૈડાને થોડું હાથથી જોર લગાવો, ત્યારે જ હનુમાનજી પણ થોડી સહાય કરશે. પુરુષાર્થી માણસોને જ દેવતાઓ પણ સહાય કરે છે.'**



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

તેટલી જગ્યા.

- મેં આજે એવી વસ્તુઓ ન ખાવાનું વ્રત લીધું હતું, પરંતુ અમુક માણસ આ લાડુ મૂકી ગયો છે, તેને ખાઈશ નહિ. પરંતુ જ્યારે તે આપી જ ગયો છે, તો બિલકુલ ન ખાવો તે ઠીક નથી, તેથી 'થોડોક' ખાઈ લઉં. આમ થોડો થોડો કરીને તે બધા લાડુ ખાઈ ગયો.

- મેં મદ્યપાન તો ઘણા દિવસોથી છોડી દીધું છે, પરંતુ આજે આ દુકાન સામે આવી ગઈ. લાવું તો પછી, 'થોડોક' એક પ્યાલીભર લઈ લઉં. 'થોડું થોડું' કરતાં કરતાં તેણે તેનું ખિસ્સું ખાલી કરી દીધું અને ઘર ભણી ચાલી નીકળ્યો.

- મને મરડો થાય છે તેથી આમલીની ચટણી મારે ખાવી ન જોઈએ. પરંતુ 'થોડુંક' આમલીનું પાણી ભાતમાં નાખી દઉં છું. થોડીક વારમાં ચાર પાંચ ચમચી બીજી પણ નાખી દીધી. પછી ભલે હું જીવું કે મરું એમ કહીને તેણે આખું પાત્ર ઉપાડીને પી લીધું.

- રાત્રે બે વાગે ઘડિયાળનું એલાર્મ વાગી રહ્યું છે કેમ કે કોઈ માણસને ક્યાંક બહાર જવાનું છે, જ્યારે તે ઊઠ્યો તો કહેવા લાગ્યો કે, હજી તો બે જ વાગ્યા છે, મારે તો ચાર વાગે ઊઠીને જવાનું છે. થોડુંક વધારે ઊંઘી લઉં. ફક્ત દસ-પંદર મિનિટ. તે ઊંઘી જાય છે અને સાડાચાર વાગે તેની આંખો ખૂલે છે.

- જેના પર દુનિયાનો કોઈપણ માણસ વિશ્વાસ નથી કરતો અને જેને માટે જૂઠું બોલવું તે સત્યની જેમ બિલકુલ સામાન્ય બની રહ્યું છે, તે ધોખાબાજે શરૂઆતમાં તો ફક્ત એક જ વાર 'થોડુંક' જૂઠું બોલીને લોકોની સાથે દગો કર્યો હતો.

- તગડું હૃષ્ટપુષ્ટ શરીર બે જ કલાકમાં તરફડીને ઠંડું પડી ગયું, તે કોલેરાનો રોગ શરૂઆતમાં તો થોડાક નરી આંખે દેખાય પણ નહિ એવા ક્ષુદ્રમાં ક્ષુદ્ર કીટાણુ રૂપે જ હતો.

- આ પાપનું વૃક્ષ જે આજે ઊંચી અને દૂર દૂર સુધી ફેલાયેલી વિશાળ ડાળીઓમાં સુદૃઢ બનીને ઊભું છે, તે પ્રારંભમાં તો થોડાંક કેવળ એક નાના બીજરૂપે જ હતું.

-'થોડાક'ની ઉપેક્ષા કરનારને ખબર કે આ થોડામાંથી આખા જહાજમાં પાણી ભરાઈ જશે અને આટલો સામાન અને હજારો પ્રવાસીઓ જોતજોતામાં સમુદ્રમાં ગરક થઈ જશે.

- 'થોડુંક જ' ફક્ત પાંચ મિનિટ મોડું કરનાર સેનાપતિને ક્યાં ખબર હતી કે તેનાથી તેના મહારાજાનો સદા માટે પરાજય થશે અને સમગ્ર વિશ્વનો ઈતિહાસ બદલાઈ જશે.

- માતાને ક્યાં ખબર હતી કે કેવળ થોડુંક અમથું રતીભાર ઝેર પડી જવાથી સમગ્ર ભોજન ઝેરી બની જશે અને થોડુંક અમથું તે ગ્રહણ કરવા માત્રથી તેનું મૃત્યુ નીવડશે.

- આ મહાદુર્જન છે, તેને મળવા ગુરુજીએ મનાઈ કરી હતી, પરંતુ ક્યારેક ક્યારેક થોડીક વાતચીત તેની સાથે કરવામાં શું નુકસાન ? થોડાક દિવસો પછી દિલમાં થાય કે જ્યારે મિત્રતા બાંધી છે તો તેની બધી વાતોમાં 'થોડું થોડું' સમ્મિલિત થવું જોઈએ, નહીં તો એ મૈત્રી કેવી ? આમ થોડું થોડું કરીને જ તે પોતે પણ થોડા દિવસોમાં તો પાકો દુર્જન બની જાય છે.

- દરેક કાર્ય 'થોડાક' થી જ શરૂ થાય છે.

**એક સૂફી વાર્તા છે. કોઈ પ્રેમીએ તેની પ્રેયસીનો દરવાજો ખખડાવ્યો. અંદરથી પૂછયું, કોણ છે ? પ્રેમીએ ઉત્તર આપ્યો, હું છું. તારો પ્રેમી. પ્રત્યુત્તર મળ્યું, આ ઘરમાં બે માટે સ્થાન નથી. થોડાક દિવસો પછી પ્રેમી ફરી એ જ દરવાજે આવ્યો. આ વખતે "કોણ છે"ના ઉત્તરમાં તેનો જવાબ હતો "તું જ છે" અને એ બંધ દરવાજો તેના માટે ખૂલી ગયો. ઈશ્વર અને જીવના સંબંધો આવાં જ હોય છે.**


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

શરૂઆતમાં આગ 'થોડીક જ' ફક્ત એક તણખાના રૂપમાં જ હતી. જેનું ઝેર સમગ્ર શરીરમાં પ્રસરીને પ્રાણઘાતક બન્યું એ ઘા પણ શરૂઆતમાં તો નાનકડા ડંખ રૂપે જ હતો.

- અંદરોઅંદરની લડાઈ, જે મહાયુદ્ધમાં અસંખ્ય પ્રાણીઓ નાશ પામ્યાં અને સમગ્ર સંસારને આઘાત લાગ્યો તે પણ આરંભમાં તો થોડાક કટુવચન રૂપે પેદા થયું હતું.

- તે વીર્ય નાશ કરનાર, જે આજે ગળી ગયેલા - સડી ગયેલા શરીરમાં પડયું પડયું આંખો દેખાડી રહ્યું છે અને જેને થોડાક દિવસોની દુનિયામાં નિરાશા સિવાય કશું જ જોવા મળતું નથી તે શરૂઆતમાં તો ફક્ત થોડાક જ કામવિચારે માથું ઊંચક્યું હતું.

- ઊંચા પહાડ પર સુખે ઊભેલા પ્રાણીને ક્યાં ખબર હતી કે પાસે બોરથી ભરેલી ઝાડીમાં મોં નાખવા માટે કેવળ એક પગ 'થોડોક' જ નીચેની બાજુ ઉઠાવવાથી તે ખાઈમાં જઈને પડશે અને હાડકાં ભાંગીને ભૂક્કો થઈ જશે.

- આ 'થોડુંક' બહુ ભયંકર વસ્તુ છે. ક્યારેય થોડુંક સમજીને તેની ઉપેક્ષા ન કરશો. કેન્દ્રથી દૂર થતાં જ થોડુંક અથવા ઘણું સમગ્ર ભૂમંડળ સાથે સંબંધ બગાડી દે છે. ગુરુત્વકેન્દ્ર સિવાય અન્ય કોઈ પણ સ્થાને વસ્તુને સંભાળી શકાતી નથી, પછી ભલે તે સ્થાન થોડે જ દૂર હોય કે બહુ દૂર હોય. આ જ રીતે સંસારવ્યાપી નિયમોની સત્ય રેખાઓથી 'થોડુંક' પણ હટી જવાથી આપણો સંબંધ બગડી જાય છે અને આપણે તેની મહાન રક્ષા કરવાથી તત્ક્ષણ વંચિત રહી જઈએ છીએ.

- તેથી પ્રશ્ન તો કોઈ પણ કામ બિલકુલ કરી નાખવું અથવા ન કરવું તે છે, થોડુંક કે વધારે કરવું તે નહીં, અને ધારો કે સોયની અણીથી એક વખત નાનકડું છિદ્ર બનાવી પણ લીધું તો તેમાંથી નીકળનાર પ્રવાહ થોડીક જ ક્ષણોમાં વધીને એક ભયંકર પ્રવાહ વહેવડાવનાર માર્ગના રૂપમાં આવી જાય છે. થોડુંક ક્યારેય થોડું બની રહેતું નથી.

- એકાદ વખત ચસ્કો લાગી જાય તો તેને કોણ છોડી શકે છે ? એટલા માટે વિચારવાનો અને સંભાળવાનો સમય ત્યારે હોય છે, જ્યારે પ્રલોભન થોડુંક કહીને આપણને ખાડામાં ધકેલવા પાસે આવે છે. તે સમયે ઓછામાં ઓછું એટલું તો વિચારી લેવું જોઈએ કે, જ્યારે હું આ થોડાકને જ રોકી શકતો નથી તો શું તે વધી ગયા પછી તેને રોકી શકવાનો છું ?

- હવે પછી જો ફરીથી તે 'થોડુંક' આવી જાય તો કડક થઈને ગંભીર સ્વરે કહી દેવું, નહીં કદી નહિ, બિલકુલ નહીં. શું હું એટલો તુચ્છ છું કે 'થોડુંક'ના બકવાદમાં આવી જાઉં ? તે મારી નજરે પડવા માટે પણ યોગ્ય નથી. મારામાં જગતજનની, જગદગુરુ, સર્વશક્તિમાન ગાયત્રી માતાની મહાશક્તિ પ્રવાહિત થઈ રહી છે. હું અગાધ અટલ છું. શું હું આ 'થોડા'થી ડગી જઈશ ? આ 'થોડુંક' એવું કહીને તેનો અસ્વીકાર કરી દો, લાત મારો, દૂર ફગાવી દો, પરંતુ અચરજ એ છે કે આપણને પ્રલોભનના સમયે જ આ 'થોડુંક'ની યાદ આવે છે. સારાં કામોમાં આપણે 'થોડુંક' નથી કરતા. આપણે દરરોજ થોડો સત્સંગ કેમ ન કરીએ ? 'થોડુંક' ભણવામાં પ્રવૃત્ત કેમ ન થઈએ. અહીં પણ 'થોડુંક'ને તુચ્છ ન સમજવું જોઈએ. એક એક રજકણથી હિમાલય જેવા પહાડો ઊભા થયા છે. એક એક ટીપાથી મહાસાગરો ભરેલા છે. એક એક પળ મળીને આ અનંતકાળ બન્યો છે. એક એક પરમાણુ મળીને આ વિશ્વ બ્રહ્માંડ ઊભું થયું છે. એક એક સત્કર્મોના પુણ્યોથી મહાત્માઓની ચરિત્રમાળાઓ ગૂંથવામાં આવી છે. એક પગ ઉપર રાખવાથી જ્યારે ઉચ્ચમાં ઉચ્ચ ઈન્દ્રાસન સુધી પહોંચી ગયા છે. આ જ દિશા છે, જ્યાં 'થોડુંક જ' થોડું કરીને જેટલું વધારવામાં આવે, તેટલું 'થોડું' જ છે. આ જ એ 'થોડું' સિદ્ધાંતનો ઉચિત પ્રયોગ છે. જે કરવાથી સહજમાં પરમ ઈષ્ટ પ્રાપ્ત કરી શકાય છે.


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

યજ્ઞ-વિજ્ઞાન

યુગગીતા-૩૩

# જ્ઞાનથી વધુ પવિત્ર કાંઈ જ નથી

(ગીતાના ચોથા અધ્યાયની યુગાનુકૂળ વ્યાખ્યા-પંદરમી કડી)

'જ્ઞાનની નૌકા વડે ભવસાગરને પાર કરીએ' શીર્ષક હેઠળ અગાઉના અંકમાં ચોથા અધ્યાયના પાંત્રીસ, છત્રીસ અને સાડત્રીસમા શ્લોકો દ્વારા જ્ઞાન વડે પાપોનો નાશ કરતાં અને જ્ઞાની બની ગયા પછી ભવબંધનમાંથી મુક્ત થઈ જવાના મહિમાને જાણ્યો હતો. શ્રીકૃષ્ણનું કહેવું છે કે આ જ્ઞાનને મેળવીને મોહમાંથી મુક્તિ મળશે, પછી સર્વત્ર પરમાત્વ તત્ત્વ જ ફેલાયેલું દેખાશે. મોહના સંકુચિત બંધનો જ વ્યક્તિને ભવબંધનમાં ફસાવી રાખે છે. જ્યારે પોતાની અંદર અને સર્વત્ર પરમાત્મ સત્તા જ ફેલાયેલી દેખાય છે પછી વ્યક્તિ વસુધાને કુટુંબ માનીને વિશ્વ-ઉદ્યાનને સીંચવામાં લાગી જાય છે. આટલું સ્પષ્ટ આશ્વાસન ભગવાન ગીતામાં પહેલી વખત આપે છે કે પાપી કરતાં પણ અધિક પાપી જો આ જ્ઞાનનો આશ્રય લઈ લે તો તે પાપ-સમુદ્રમાંથી તરી જશે. શ્રીકૃષ્ણએ જ્યાં જ્ઞાનની વાત કહી છે ત્યાં એ વિદ્યાની વાત કરી રહ્યા છે, જે અમરત્વ અપાવે છે, મુક્તિ તરફ લઈ જાય છે. આજની ભોગવાદી બહિર્મુખી જીવનપદ્ધતિમાં જ્ઞાનની ખોજ ઓછી થઈ ગઈ છે, વિજ્ઞાનનાં સુખ-સાધનોની વધારે. આ જ કારણે તૃષ્ણા વધી રહી છે, લિપ્સા વધી રહી છે તથા વ્યક્તિ પાપકર્મોમાં વ્યસ્ત દેખાય છે. યોગેશ્વર શ્રીકૃષ્ણ ખૂબ સ્પષ્ટ શબ્દોમાં કહે છે કે, જેમ પ્રજ્વલિત અગ્નિ બળતણને બાળીને રાખ કરી દે છે એવી જ રીતે જ્ઞાનરૂપી અગ્નિ સંપૂર્ણ કર્મોને ભસ્મ કરી નાંખે છે (શ્લોક ૩૭). હવે તેની વિસ્તૃત સમજૂતી તથા આગળના શ્લોકનો મર્મ વાંચો.

''જ્ઞાનમાં કર્મોનો સંન્યાસ'' જે યોગનું ઈચ્છિત ધ્યેય હોય, તે ચોથા અધ્યાયની પરાકાષ્ઠા પર આપણે પહોંચ્યા છીએ, ત્યાં ભગવાન આપણને જણાવે છે કે આ સંસારમાં જ્ઞાનથી વધારે પવિત્ર કાંઈ જ નથી. અંતિમ પાંચ શ્લોક એવો રાજમાર્ગ કરી રહ્યા છે, જે કોઈ પણ સાધકની જીવનયાત્રા બની શકે છે. જ્ઞાનની પરિપૂર્ણતા પર પહોંચેલો સાધક અંતમાં શું પ્રાપ્ત કરે છે, તેનું પરિણામ શું હોય છે, તે આપણે આ ત્રણ શ્લોકોમાં મેળવીએ છીએ.

ન હિ જ્ઞાનેન સદૃશં પવિત્રમિહ વિદ્યતે ।
તત્સ્વયં યોગસંસિદ્ધઃ કાલેન ત્મનિ વિન્દતિ ॥ ૪/૩૮

''આ સંસારમાં જ્ઞાન જેવું પવિત્ર નિઃસંદેહ કાંઈ પણ નથી. યોગ દ્વારા સંસિદ્ધિ મેળવેલ (શુદ્ધ અંતઃકરણવાળા) મનુષ્ય તે જ્ઞાનને આપમેળે જ, યોગ્ય સમયે પોતાના આત્મામાં મેળવી લે છે.''

શ્રદ્ધાવાંલ્લભતે જ્ઞાનં તત્પરઃ સંયતેન્દ્રિયઃ ।
જ્ઞાનં લબ્ધ્વા પરાં શાંતિમચિરેણાધિગચ્છતિ ॥ ૪/૩૯

''જે શ્રદ્ધાવાન છે, તત્પર-સાધનપરાયણ છે તથા જિતેન્દ્રિય (પરિપૂર્ણ સંયમશીલ) છે, તે મનુષ્ય જ જ્ઞાનને પ્રાપ્ત કરે છે તથા જ્ઞાનપ્રાપ્તિ પછી તે વિના વિલંબે તત્કાળ જ ભગવત્ પ્રાપ્તિરૂપી પરમશાંતિને મેળવી લે છે.''

અજ્ઞશ્ચાશ્રદ્દધાનશ્ચ સંશયાત્મા વિનશ્યતિ ।
નાયં લોકોડસ્તિ ન પરો ન સુખં સંશયાત્મનઃ ॥ ૪/૪૦

''શ્રદ્ધાહીન અજ્ઞાની (વિવેકહીન) તથા સંશયવાળા મનુષ્યો પરમાર્થના માર્ગ પરથી ભટકી જાય છે, તેમનો નાશ થઈ જાય છે. આવી સંશયશીલ વ્યક્તિ માટે ન તો આ લોક છે, ન પરલોક. તેઓને ક્યાંય પણ, કોઈપણ કાળે સુખ પ્રાપ્ત થતું નથી.''

## જ્ઞાનનું પરિણામ અંતઃકરણની શુદ્ધતા

ભગવાન ખૂબ સ્પષ્ટ રીતે કહી રહ્યા છે કે આ સંસારમાં સૌથી અધિક પવિત્ર કાંઈ છે તો તે જ્ઞાન જ છે. આ જ્ઞાન અંતઃકરણને શુદ્ધ કરી નાંખે છે. ગુરુના ઉપદેશ દ્વારા જે જ્ઞાન મળે છે તેનાથી મનુષ્ય આપોઆપ શુદ્ધ થતો જાય છે. 'કાલેનાત્મનિ' શબ્દનો અર્થ છે - સમય આવ્યે પોતાની જાતે જ. આપણે નિરંતર પોતાની જાતને ગુરુચેતનાથી ઓતપ્રોત રાખવી જોઈએ, કારણ કે આ જ જ્ઞાન સૌથી વધુ પવિત્ર છે કે, સર્વશ્રેષ્ઠ નિધિ છે, પાપનાશક છે અને આપણને ખૂબ સૌભાગ્યને કારણે મળેલ છે. ગુરુ પર સંપૂર્ણ શ્રદ્ધા રાખીને એમના બતાવેલ માર્ગ પર જે ચાલે છે, તેને આત્મ તત્ત્વની પ્રાપ્તિ થાય છે, તે વિનાશના માર્ગ પર ક્યારેય જતો નથી. ગુરુ-શિષ્યોનો ઈતિહાસ આપણે જોઈએ તો એ જ મળે છે, તેઓ સતત પોતાના શિષ્યોના આત્મકલ્યાણ માટે તેમને બ્રહ્મજ્ઞાનનો ઉપદેશ આપતા રહ્યા છે. તેમને સૌથી વધુ પવિત્ર જ્ઞાનનો સંદેશ પોતાના આચરણ વડે આપતા રહ્યા. અહીં ભગવાન એ જ કહી રહ્યા છે કે, જેમ-જેમ જ્ઞાન



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

કર્મયોગમાં સિદ્ધ પુરુષની અંદર દાખલ થવા માંડે છે તેમ-તેમ તેને પોતાને તેની અનુભૂતિ થવા માંડે છે (આત્મનિ વિન્દતિ). બ્રહ્મજ્ઞાન એક અતિ દુર્લભ વસ્તુ છે. ઠાકુર શ્રી રામકૃષ્ણદેવે એક જગ્યાએ કહ્યું છે કે, "નિત્ય વસ્તુમાં પહોંચવાનું નામ બ્રહ્મજ્ઞાન છે. આ ખૂબ કઠિન છે. એકદમ વિષય-બુદ્ધિ ન છૂટવાથી એવી સ્થિતિ આવતી નથી. તે માટે તપશ્ચર્યા જોઈએ. શાસ્ત્રના શ્લોક કંઠસ્થ કરવાથી કશું જ નહીં થાય. સિદ્ધિ-સિદ્ધિ કહેવા માત્રથી નશો નહીં થાય. સિદ્ધિ તો પચાવવી જોઈએ, તેની અનુભૂતિ કણ-કણમાં થવી જોઈએ."

પરમપૂજ્ય ગુરુદેવ કહે છે, "જ્ઞાનને સત્શક્તિ કહેવાય છે. મનુષ્યની સાચી સંપત્તિ કહેવામાં આવ્યું છે. સંસારમાં દરેક વસ્તુ કાળના પ્રવાહમાં નષ્ટ થઈ જાય છે, ધન નાશ પામે છે, તન જર્જર થઈ જાય છે, સાથી અને સહયોગી છૂટી જાય છે. ફક્ત જ્ઞાન જ એક એવું અક્ષય તત્ત્વ છે જે ક્યાંય પણ, કોઈ પણ અવસ્થામાં અને કોઈપણ કાળમાં મનુષ્યનો સાથ છોડતું નથી (આત્મોકર્ષનો આધાર-જ્ઞાન, વાઙમય ભાગ-૫૮, પાન ૧૦-૧૨)". વાસ્તવમાં મુક્તિનું સાધન છે જ્ઞાન. તે મળી જાય તો આ જ જીવનમાં મુક્તિ મળી ગઈ એમ સમજવું જોઈએ. કોઈ તરસ્યો જ્યારે સુંદર-સ્વચ્છ જળાશય જોઈને પ્રસન્ન થાય છે તેવી રીતે એક વખત જ્ઞાનનું રસપાન કરવાથી મનુષ્ય તૃપ્ત થઈ જાય છે. મનુષ્યનું જીવન મેળવ્યા પછી પણ જો જ્ઞાનનાં થોડાંક ટીપાં પણ એકઠાં ન કર્યાં હોય તેણે તો જાણે રત્નને માટીને ભાવે ગુમાવી દીધું.

## સ્વયંને દેહ ન માનો, વધારે ઊંડા જાઓ

જ્ઞાન સૌથી વધુ પવિત્ર છે, આનંદનું કારણ છે તથા મુક્તિનો આધાર છે. અજ્ઞાન અથવા અવિદ્યાને તો ઘોર અશાંતિનું કારણ માનવામાં આવે છે. જો સંસારની સામાન્ય વાતોનું અજ્ઞાન આપણને ખૂબ દુઃખ આપે છે, તો જીવન, આત્મા અને પરમાત્માની બાબતમાં વ્યાપેલું અજ્ઞાન કેટલું ભયંકર હોઈ શકે છે તેની તો માત્ર કલ્પના જ કરી શકાય. પરમપૂજ્ય ગુરુદેવ કહે છે કે સૌથી મોટું અજ્ઞાન છે, પોતાને માત્ર શરીર માનીને જીવન જીવવું. આવી વ્યક્તિઓ પોતાની ઈન્દ્રિયોને વિષયોમાં તૃપ્ત કરવામાં મગ્ન રહીને પોતાના આત્માનો નાશ કર્યા કરે છે.

મનુષ્ય જ્યારે પોતાની અંદર આત્મજ્ઞાન મેળવવા માંડે છે, ત્યારે તેને સૌથી પહેલી ઉપલબ્ધિ થાય છે - અંતઃકરણની શુદ્ધિ. આ કાર્ય આપોઆપ થવા માંડે છે. પવિત્રતાનો સ્પર્શ માત્ર જ વ્યક્તિને અંદરથી શુદ્ધ બનાવવા માંડે છે. પછી તે આત્મજ્ઞાનની અનુભૂતિ પોતાની અંદર જ કરવા પણ માંડે છે. યોગ દ્વારા આ સંસિદ્ધિ તેને આપોઆપ જ મળવા માંડે છે. સકામ કર્મોની વાસનાઓ ભસ્મ થવા માંડે છે, શુદ્ધ આત્મજ્ઞાનના પ્રકાશમાં બધું જ સ્પષ્ટ દેખાવા માંડે છે. ભગવાન શ્રીકૃષ્ણ જે હમણાં ચોત્રીસમા શ્લોકમાં જ્ઞાન મેળવવાનો ઉપાય તત્ત્વદર્શનના જ્ઞાની પાસે જઈને તેમની સેવા કરીને, દીક્ષા લઈને મેળવવાનું જણાવી રહ્યા હતા (જ્ઞાનિનઃ તત્ત્વદર્શિનઃ) તે કહેવા માંડે છે કે - હે અર્જુન ! વાસ્તવિક જ્ઞાન તો આપણને અંદરથી જ મળે છે. અર્થાત્ આ જ્ઞાન સાધકમાં દિવ્યકર્મોમાં વિકસિત થતું રહે છે. જેમ જેમ તે નિષ્કામ ભાવમાં, સમતામાં અને ભગવદ્ભક્તિમાં આગળ વધતો જાય છે તેમ-તેમ તે જ્ઞાનના ઊંડાણમાં પણ ઊતરતો જાય છે. "પરંતુ આ જ્ઞાન કેવી રીતે મળે ? અને તેની અનુભૂતિ હૃદયના અંતરતમ ઊંડાણને કેવી રીતે થાય ?" તે શ્રીકૃષ્ણ આગળના સૂત્રમાં જણાવે છે.

તેઓ કહે છે કે, આ જ્ઞાન શ્રદ્ધાવાનને જ પ્રાપ્ત થાય છે. બુદ્ધિમાનને નહિ. મનુષ્ય જે જ્ઞાન પોતાની બુદ્ધિથી મેળવે છે, તે તો ઈન્દ્રિયો તથા તર્કશક્તિઓ દ્વારા પરિશ્રમ કરીને બહારથી ભેગું કરવામાં આવે છે. આ તો શિક્ષણ છે, જાણકારીઓ છે. જે જ્ઞાન આત્મા દ્વારા મેળવવામાં આવે છે તે વિદ્યા કહેવાય છે. આ વિદ્યા અમરત્વનું જ્ઞાન શ્રદ્ધાથી જ પ્રાપ્ત થાય છે. એમ કહેવામાં જરાય અતિશયોક્તિ નથી કે જે ક્ષણે જ્ઞાનની પ્રાપ્તિ થઈ જાય છે ત્યારથી જ તે તુચ્છ અહંકારને કાઢીને બહાર ફેંકી દે છે, તેનો નાશ કરી નાંખે છે. વ્યક્તિને શ્રદ્ધાભાવથી ભરી દે છે. કાંઈ અકારણ નથી કે આ ચર્ચા શ્રીકૃષ્ણ "જ્ઞાનમાં કર્મોનો સંન્યાસ-અર્પણ" નામના યોગના કેટલાંક અંતિમ શિક્ષણના સારરૂપમાં જણાવે છે. આનાથી ઓછામાં આત્માની અપરોક્ષ અનુભૂતિ આપણે આપણી પોતાની અંદર નહિ કરી શકીએ.

## શ્રદ્ધાવાન લભતે જ્ઞાનમ્

ઓગણચાલીસમા શ્લોક દ્વારા ભગવાન શ્રીકૃષ્ણ જ્ઞાન પ્રાપ્તિ અંગેની કેટલીક અનિવાર્ય શરતો સામે રાખે છે. તેઓ કહે છે કે જ્ઞાનની પ્રાપ્તિ એ સાધકને જ થાય છે, જે શ્રદ્ધાવાન છે, તત્પર છે, સાધનપરાયણ છે તથા સંયત ઈન્દ્રિયવાળો છે. શ્રદ્ધા પરમતત્ત્વની શોધ તરફ પ્રેરિત કરે છે. બૌદ્ધિક જ્ઞાનને અંગત અનુભવમાં પરિણત કરવાની


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

તથા આત્મજ્ઞાન દ્વારા તેને પુષ્ટિ આપવાની પ્રક્રિયા શ્રદ્ધાનું જાગરણ કરે છે. વિનોબા કહે છે કે, ''અનુભવ તર્કની સીમા બહારની બાબત છે. શ્રદ્ધા અનુભવના આધાર પર રહેવાવાળી, પરંતુ તેના કરતાં પણ અતિદૂરની બાબત છે.'' - (વિચારપોથી ૨૦). આખરે શ્રદ્ધાની પરિભાષા શું છે ? પં. રામચંદ્ર શુક્લ કહે છે કે, ''કોઈ મનુષ્યમાં સામાન્ય વ્યક્તિ કરતાં વિશેષ ગુણ તથા શક્તિનો વિકાસ જોઈને તેની બાબતમાં જે એક સ્થાયી આનંદ પદ્ધતિ હૃદયમાં સ્થાપિત કરવામાં આવે છે, તેને શ્રદ્ધા કહેવાય છે. શ્રદ્ધા મહત્ત્વની આનંદપૂર્ણ સ્વીકૃતિની સાથેસાથે પૂજ્ય બુદ્ધિનો સંચાર પણ છે.'' (ચિંતામણિ ભાગ-૧). મહાત્મા ગાંધી કહે છે, ''શ્રદ્ધા અને બુદ્ધિનાં ક્ષેત્ર જુદાં-જુદાં છે. શ્રદ્ધાથી અંતઃજ્ઞાન- આત્મજ્ઞાનની વૃદ્ધિ થાય છે, તેથી અંતઃશુદ્ધિ તો થાય છે જ. બુદ્ધિથી સૃષ્ટિના જ્ઞાન-બાહ્ય જ્ઞાનની વૃદ્ધિ થાય છે, પરંતુ અંતઃશુદ્ધિની સાથે તેનો કાર્યકારણ જેવો સંબંધ પણ રહેતો નથી. અત્યંત બુદ્ધિમાન લોકો પણ અત્યંત ચરિત્રભ્રષ્ટ જોવા મળે છે, પરંતુ શ્રદ્ધાની સાથે ચરિત્રશૂન્યતા હોવી અસંભવ છે'' (સંપૂર્ણ ગાંધી વાઙ્મય ભાગ-૪૧, પાન-૮૨)

શ્રદ્ધાની બાબતમાં પરમપૂજ્ય ગુરુદેવ કહે છે કે - ''અધ્યાત્મ ક્ષેત્રમાં શ્રદ્ધાની શક્તિ જ સર્વોપરિ છે. સાધનાથી સિદ્ધિનો મૂળભૂત આધાર શ્રદ્ધા છે. મનુષ્યનું વ્યક્તિત્વ જેમાં સંસ્કારોની (આદતોની) ઊંડી અસર હોય છે તે વાસ્તવમાં શ્રદ્ધાની પરિપક્વતા સિવાય બીજું કાંઈ નથી.'' આગળ તેઓ કહે છે - ''સાધનાનું વિશાળકાય તંત્ર એટલા માટે ઊભું કરવામાં આવ્યું છે કે, તેની લોખંડી સાંકળમાં જકડાઈને શ્રદ્ધા-વિશ્વાસરૂપી મહોદૈત્યને ઉપયોગી પ્રયોજનો પેદા કરવા માટે તાલીમ આપી શકાય. શ્રદ્ધાથી વ્યક્તિત્વનું નિર્ધારણ થાય છે. આત્માનો સૌથી વિશ્વાસુ અને ઘનિષ્ઠ સચિવ શ્રદ્ધા જ છે.'' (પં.શ્રીરામ શર્મા આચાર્ય, વાઙ્મય-ઉપાસના-સમર્પણ યોગ-ભાગ-૩ પાન ૩.૩૨, ૩૩). શ્રદ્ધાની કેટલી સુંદર વ્યાખ્યા આપી છે અને આપણને માર્ગદર્શન પણ આપે છે કે શ્રદ્ધાવાન કેવી રીતે બનીએ ? કેવી રીતે શ્રદ્ધાથી જ્ઞાનની પ્રાપ્તિ કરીએ ?

સુત્તનિપાત (૧/૪/૨) કહે છે - ''શ્રદ્ધા બીજં તપોવુટ્ઠિ'' અર્થાત્ શ્રદ્ધા બીજ છે, તપ વર્ષા છે, તથા ''સદ્ધાય તરતી ઓઘં'' અર્થાત્ મનુષ્ય શ્રદ્ધાથી સંસાર પ્રવાહને પાર કરી જાય છે. (૧/૧૦/૨ સુત્તનિપાત). ઐતરેય બ્રાહ્મણ (૭/૧૦) કહે છે - શ્રદ્ધા પત્ની છે અને સત્ય યજમાન. શ્રદ્ધા અને સત્યની આ અત્યંત ઉત્તમ જોડી છે. શ્રદ્ધા અને સત્યની જોડીથી મનુષ્ય સ્વર્ગને જીતી લે છે. ઋગ્વેદ કહે છે - ''શ્રદ્ધા હૃદય્ય યાકૂત્યા, શ્રદ્ધયા વિંદતે વસુ'' (૧૦/૧૫૧/૧૪) અર્થાત્ ''બધા જ લોકો હૃદયના દૃઢ સંકલ્પ વડે શ્રદ્ધાની ઉપાસના કરે છે કારણ કે, શ્રદ્ધાથી જ ઐશ્વર્યની પ્રાપ્તિ થાય છે.'' ગીતાકારે પણ આ જ શ્રદ્ધા શબ્દની વ્યાખ્યા ૧૭મા અધ્યાયમાં 'સત્ત્વાનુરૂપા સર્વસ્ય શ્રદ્ધા ભવતિ ભારત' કહીને આપી છે.

### શ્રદ્ધા જ નહીં, તત્પરતા તથા સંયમ પણ

આ રીતે શ્રદ્ધાનું મહત્ત્વ સમજી લેવાથી જાણી શકાય છે કે શ્રદ્ધાવાનને જ સાચું આત્મજ્ઞાન શા માટે મળે છે. શ્રદ્ધા સાથે શ્રીકૃષ્ણ બીજી બે વાતો જણાવે છે, તત્પર હોવું તથા જિતેન્દ્રિય સંયમી હોવું, પરમતત્ત્વની શોધ માટે તત્પરતા-સાધનાપરાયણતા જરૂરી છે. એકનિષ્ઠ ભાવથી સાધનાશીલ થવું અનિવાર્ય છે. બની શકે કે શ્રદ્ધા અને ભક્તિભાવથી ધ્યાન-સાધનાના ક્ષેત્રમાં અધિકતમ આંતરિક જાગરૂકતા મળી પણ જાય પરંતુ જો ઈન્દ્રિયો સારી રીતે નિયંત્રિત ન હોય તો માત્ર એકાગ્રતા જ છિન્નભિન્ન થતી નથી, પરંતુ આત્મજ્ઞાનની સર્વોચ્ચ ઉપલબ્ધિ રૂપ શાંતિ આપણે મેળવી શકતા નથી. આમ જોઈએ તો ઈન્દ્રિયોનો સ્વભાવ જ બહિર્મુખ રહેવાનો છે. તે વારંવાર વિષયો તરફ આપણું ધ્યાન ખેંચે છે. એટલા માટે જ્યાં સુધી આપણે ઈન્દ્રિયો પર નિયંત્રણ મેળવી શકતા નથી ત્યાં સુધી લક્ષ્ય પ્રત્યે શ્રદ્ધા-અસીમ ભક્તિ પણ આપણને ઈચ્છિત શાંતિ આપી શકતી નથી.

જ્ઞાન પ્રાપ્ત કરવાનાં બે સાધનો છે - શ્રદ્ધા, ગુરુ પ્રત્યે, શાસ્ત્ર વચનો પ્રત્યે અતૂટ નિષ્ઠા, આદર્શો પ્રત્યે અસીમ પ્યાર અને સાધનામાં ગતિ થવી. ઈન્દ્રિય સંયમ - અર્થ સંયમ - સમય સંયમ અને વિચાર સંયમને સાધી લેવાથી સર્વોચ્ચ સ્તરની ઉપલબ્ધિ આપણને મળે છે - તે છે શાંતિ (પરાં શાંતિમ્) તમામ વ્યાકુળતાઓમાંથી મુક્તિ, તનાવમાંથી મુક્તિ, દુઃખોમાંથી છુટકારો આપણને મળે છે. સંક્ષોભ-વિક્ષોભ પણ આપણને બેચેન બનાવે છે. જો મનમાંથી સંત્રાસ સમાપ્ત થઈ જાય તો આપણે તમામ આધિ-વ્યાધિમાંથી મુક્તિ મેળવી શકીએ છીએ. આજે સમગ્ર સંસાર આની જ શોધમાં છે. તે શાંતિ ક્યાં કોઈને


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

સહજમાં સુલભ છે ! સમગ્ર જગત અશાંતિમય છે, નિરાંતની નીંદર ક્યાં કોઈને આવે છે ! સમગ્ર જીવન પરિગ્રહમાં વીતી ગયું, તૃષ્ણા-લાલચ પૂરી કરવામાં વીતી ગયું. તેને કારણે જ અસંયમી બન્યા તથા જીવનશક્તિના સ્રોતોને ખોખલા બનાવી દીધા. મન હંમેશાં શંકાગ્રસ્ત બની રહ્યું, બુદ્ધિએ પ્રગતિના ક્ષેત્રમાં તો ચરમ શિખરને આંબી લીધું, પરંતુ શ્રદ્ધામાં ગતિ થઈ શકી નહિ અને એ જ કારણે આજે સર્વત્ર અશાંતિ છે, તનાવ છે, આતંકનું સામ્રાજ્ય છે.

કોઈક સમાધાન છે, તો તે ગીતાકાર બતાવે છે, શ્રદ્ધાવાન બનો, સાધનાશીલ બનો તથા પોતાની જાત પર પોતાનું નિયંત્રણ સ્થાપિત કરો. આનાથી આપણે આદર્શોના, સત્પ્રવૃત્તિઓના સમુચ્ચય પરમ પિતા પરમાત્માના જ્ઞાનથી ઓતપ્રોત થઈ શકીશું અને એ જ્ઞાન મળવાથી આપણને વિના વિલંબે ભગવત્પ્રાપ્તિ થશે, જે પરમશાંતિ તરફ આપણને લઈ જશે.

### અશ્રદ્ધાવાનનો સર્વનાશ સુનિશ્ચિત

શાસ્ત્ર-જ્ઞાનરહિત અજ્ઞાની, ગુરુ તથા વેદાંતરૂપી તત્ત્વદર્શનનાં વાક્યોમાં અશ્રદ્ધા રાખનાર અને શંકાશીલ વ્યક્તિ નષ્ટ થઈ જાય છે. ક્યારેય બ્રહ્મજ્ઞાન પ્રાપ્ત કરી શકતો નથી. આ વાત ચાલીસમા શ્લોકમાં એક ઉદ્દ્ઘોષણા રૂપે ભગવાન શ્રીકૃષ્ણ કહે છે. શ્રીકૃષ્ણની દૃષ્ટિએ આત્મજ્ઞાનહીન જીવન મૃત્યુ સમાન અને આનંદ વિનાનું છે. તેઓ એ પણ કહે છે કે આવા અવિશ્વાસુ માટે આલોકમાં સુખ નથી કે પરલોકમાં સુખ નથી. એટલે સુધી કહી દે છે કે તેના માટે આ સંસાર નથી કે નથી આગળનો સંસાર. તેણે સુખ મેળવવાની તો આશા જ ન રાખવી જોઈએ. કેવી આશ્ચર્યની વાત છે કે પશુઓને કોઈ પ્રકારનો સંશય થતો નથી, પરંતુ બુદ્ધિ સંપન્ન મનુષ્ય હંમેશાં મોટાભાગનો સમય સંશયી બની રહે છે. જ્યાં સ્પષ્ટ અને સુનિશ્ચિત જ્ઞાનનો ઉદય ન થયો હોય ત્યાં જ સંશય ઊઠે છે. આખરે આ સંશયોમાંથી બહાર કોણ કાઢે ? ગુરુજન, શાસ્ત્ર, જાગૃત મહાપુરુષોના પ્રવચન, સ્વાધ્યાય આ બધાં સાધન છે. જે કોઈ પણ સાધકની શ્રદ્ધા વધારે છે. બુદ્ધિ દ્વારા ગ્રહણ જ્ઞાન હૃદય દ્વારા આત્મસાત્ કરવામાં આવે અને જ્યારે સાધક ધ્યાનમાં, શાંતભાવે મનન કરવામાં રૂચિ રાખે ત્યારે જ આ શક્ય બને. અધ્યયન-મનન દ્વારા એકત્ર જ્ઞાન વ્યવહારમાં લાવવાથી તેના પ્રત્યે નિરંતર શ્રદ્ધા વધતી રહેતાં તમામ સંશયોમાંથી નિવૃત્તિ મળી જાય છે.

જે વગર પ્રશ્ને ગુરુના જ્ઞાનને ગ્રહણ કરતો જાય છે, તે એમ માને છે કે તેમની પાસે દિવ્ય દૃષ્ટિ છે, તો તેનો પ્રગતિનો પંથ પ્રશસ્ત થતો જાય છે. પરમપૂજ્ય ગુરુદેવ પોતાના જીવનકાળના મંચનું અંતિમ ઉદ્દ્બોધન અથવા ૧૯૮૬ના વસંતપર્વ પર આવ્યા હતા, અને ત્યારે તેમણે કહ્યું હતું, તમારી પાસે દૂરબીન હોય તો હું તમને બતાવી દેવા માગું છું કે સૂક્ષ્મ જગતમાં પરિવર્તન થઈ ચૂક્યું છે. યુગ નિર્માણનું કાર્ય શરૂ થઈ ચૂક્યું છે. તમે ઈચ્છો તો શ્રેય લઈ લો. બસ, ૧૪-૧૫ વર્ષ નિરંતર કાર્ય કરતા રહેવાની જરૂર છે, પછી બદલાયેલો જમાનો તમને દેખાવા માંડશે. જો આપણને ગુરુના વચનોમાં દૃઢ વિશ્વાસ હોય, આપણને શ્રદ્ધા હોય, કોઈ પણ જાતનો સંશય ન હોય, તો આપણે એમની શક્તિને આપણી અંદર ધારણ કરીને વાસ્તવમાં આગામી દિવસોમાં પરિવર્તનનું નિમિત્ત બનીશું. આપણે પણ એ જોઈશું, જમાનો પણ તે જોશે. પરંતુ જો આપણને જ વિશ્વાસ ન હોય, આપણે ગ્રહણશીલ બની શક્યા ન હોઈએ તો આપણો વિનાશ-આત્મિક દૃષ્ટિએ અવગતિ, અધોગતિ સુનિશ્ચિત છે. ગોસ્વામી તુલસીદાસજી કહે છે -

ગુરુ કે વચન પ્રતીતિ ન જેહિ, સપનેહુ સુખ સિધિ સુલભ ન તેહિ. અર્થાત્ જેને ગુરુનાં વચનોમાં વિશ્વાસ નથી તે અકારણ દુઃખ પામતો, નિરંતર કષ્ટ ભોગવતો રહે છે. આપણી પાસે એવાં કેટલાંય ઉદાહરણો છે, જેમને ગુરુનાં વચનોમાં વિશ્વાસ ન રહ્યો, તેઓ ગુરુદ્રોહી બન્યા અને અંતે કષ્ટ ભોગવ્યું. કેટલાય એવા છે જેઓ સ્વાર્થસિદ્ધિ માટે ગુરુની લાકડી પકડીને ઊભા છે પરંતુ ખુદ પોતાના અંતરમાં ડોકિયું કરે તો તેમને લાગે છે કે તેમને પોતાને ગુરુનાં વચનોમાં વિશ્વાસ નથી. શીખ ધર્મ પૂરેપૂરો ગુરુનાં વચનો પર ગહન વિશ્વાસ પર ટક્યો છે. જો આજનો યુગધર્મ નભવાનો હોય તો તે યુગપુરુષ - આપણા પોતાના ગુરુનાં વચનો પર વિશ્વાસ, ગાઢ શ્રદ્ધા ટકાવવાથી જ શક્ય બની શકશે. અખંડજ્યોતિ, મે, ૧૯૭૦માં ગુરુદેવે લખ્યું હતું, ''સદ્ભાવનાઓનું ચક્રવર્તી સાર્વભૌમ સામ્રાજ્ય જે યુગાવતારી - નિષ્કલંક ભગવાન દ્વારા થવાનું છે તે બીજું કાંઈ નહિ, વિશુદ્ધ રૂપે આપણું યુગનિર્માણ આંદોલન જ છે.'' (પૃ-૬૦) આ પછી પણ સંશયાત્મા હોઈએ તો વિનાશ સુનિશ્ચિત છે. અંતિમ બે શ્લોકોની વિસ્તારપૂર્વક વ્યાખ્યા ઓગસ્ટના અંકમાં. (ઓગસ્ટ અંકમાં આ અધ્યાયની સમાપન-કડી)

❋ ❋ ❋



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

શ્રીરામલીલામૃતમ્-૫

# ચેતનાની શિખરયાત્રા

(પરમપૂજ્ય ગુરુદેવ : એક અસમાપ્ત જીવનગાથા-૪)

## સત્યં પરં ધીમહિ

ભાગવત પંડિતજીનું પ્રિય શાસ્ત્ર હતું. કથા-પ્રવચનો સિવાય સામાન્ય સમયે પણ તેઓ આની જ ચર્ચા કરતા રહેતા. ઘેર વિદ્વાનોનો મેળાવડો રહેતો. નાના-મોટા પ્રસંગોમાં પણ તેઓ ભાગવતના શ્લોક સંભળાવતા અને દરેક જાતની સમસ્યાઓનું સમાધાન શોધી કાઢતા. જ્યારે તેઓ બહાર રહેતા ત્યારે પણ લોકો તેમને શોધતા-પૂછતા હવેલી આવી જતા. જ્યારે તેઓ ઘરે રહેતા ત્યારે તો કહેવું જ શું ? તે સમયે તાઈજી ત્રણ વર્ષના શ્રીરામને પિતાજીને સોંપી દેતાં. તેઓ લોકોની વાતો સાંભળતા, તેનું સમાધાન બતાવતા અથવા સામાન્ય નિષ્કર્ષો પર ચર્ચા કરતા, ત્યારે શ્રીરામ બેઠકમાં જ રહેતા. બાળસુલભ ક્રીડાઓમાં મગ્ન રહેતા અથવા ચૂપ બેસીને ત્યાં હાજર રહેલા લોકોની વાતો સાંભળતા. ત્રણ-ચાર વર્ષના બાળક માટે શાસ્ત્રચર્ચા, તત્ત્વદર્શન અને ભક્તિ-જ્ઞાન-વૈરાગ્યની વાતો સમજવાનું કદાચ કઠિન હોય ! પરંતુ તે એ ચર્ચાઓથી બનેલા વાતાવરણના સંસ્કાર તો ગ્રહણ કરે જ છે. બાળક તેના પૂર્વજન્મના શુભ સંસ્કારોથી અવશ્ય સમૃદ્ધ હતું જ. કહી શકાય છે કે નવા સંસ્કારોની આવશ્યકતા ન રહી હોય, પરંતુ એ વાતાવરણે સંસ્કારોને વિકસિત કરવામાં મદદ તો કરી જ છે.

પદ્મપુરાણમાં ભાગવત માહાત્મ્ય પ્રસંગ અને એકાદશ સ્કંધના વિષયો પર પિતા જ્યારે ચર્ચા શરૂ કરતા ત્યારે ત્રણ-ચાર વર્ષના શ્રીરામ ચૂપચાપ ત્યાં બેસી રહેતા. તેમના ચહેરા સામે એકીટશે જોતા રહેતા. તાઈજી કહેતા હતા કે નારદજી અને ભક્તિના સંવાદની ચર્ચા સાંભળીને તેમનો શ્રીરામ ઉદાસ થઈ જતો. આ પ્રસંગે યમુના તટ પર ભક્તિ દુઃખી અને વ્યાકુળ થઈને બેઠી છે. પાસે જ બે વૃદ્ધ વ્યક્તિ બેહોશ પડી છે. તેમને હોશમાં લાવવાનો પ્રયાસ કરતી સ્ત્રી કોઈ મદદકર્તા આવવાની પ્રતીક્ષા કરતી આસપાસ જોતી રહે છે. કેટલીક સ્ત્રીઓ તેમને ધીરજ આપી રહી છે. સંયોગવશ નારદજી ત્યાં પહોંચે છે અને યુવતીને પોતાનો પરિચય આપવા માટે કહે છે.

તે સ્ત્રી કહે છે, મારું નામ ભક્તિ છે. જ્ઞાન અને વૈરાગ્ય બન્ને મારા પુત્ર છે. કાળના પ્રવાહથી તેઓ વૃદ્ધ થઈ ગયા છે. આસપાસ જે સ્ત્રીઓ છે, તે ગંગા-યમુના વગેરે નદીઓ છે, જે મારી સેવા કરી રહી છે. તેમ છતાં દુઃખ દૂર થઈ રહ્યું નથી. ક્ષીણ થવાનું કારણ ભક્તિએ કહ્યું હતું કે પાખંડીઓએ તેની સાથે દુર્વ્યવહાર કર્યો. તેમના છળ, કપટ અને દુરાચારોથી ભક્તિ બીમાર અને અશક્ત થઈ ગઈ છે. અહીં વૃંદાવનમાં આવવાથી તેનો રોગ અને દારિદ્રય તો ઓછાં થયાં, પરંતુ બન્ને પુત્રોનું વૃદ્ધત્વ દૂર થયું નથી. આમ કહેતાં ભક્તિ વિલાપ કરવા લાગે છે. કથા આગળ વધે છે અને નારદજી ભક્તિને ભાગવતનો ઉપદેશ આપે છે.

ભક્તિને વિલાપ કરતી સાંભળી ચાર વર્ષના બાળકના અશ્રુ વહેવા લાગ્યા. તો પિતાશ્રીએ પ્રસંગ આગળ વધાર્યો. ભાગવત સાંભળીને ભક્તિનો ઉદ્ધાર થયો. તેનાં બન્ને પુત્રો પણ સ્વસ્થ, સહજ અને સ્વાભાવિક અવસ્થાએ પહોંચી ગયા. આ પ્રસંગમાં પિતાશ્રી કહેતા હતા કે ભાગવત શાસ્ત્ર બધાં શાસ્ત્રોનો સાર છે. આજે આપણે જે સનાતન ધર્મનું પાલન કરીએ છીએ, તે આ જ શાસ્ત્રમાંથી આવ્યો છે. જ્ઞાન, વિદ્યા, આચાર, અવતાર, ભક્તિ, કર્મ, મંત્ર, યોગ, સાધના, ઈતિહાસ, પુરાણ વગેરે ભાગવતમાં સમાયેલાં છે. પિતાશ્રીની મુખમુદ્રા જોઈને બાળક શ્રીરામને પણ દિલાસો મળી જતો. તે ઊઠીને રમવા-કૂદવા લાગતો.

## 'ગ' થી ગાયત્રી

હવેલીમાં થતી ચર્ચા અને ત્યાંના પરિવેશે બાળક શ્રીરામના શિક્ષણનો આરંભ કર્યો. વિધિવત્ વિદ્યારંભ ચાર વર્ષ વીત્યા બાદ થયો. પંડિતજીએ ઈચ્છયું હોત તો પોતાના સાંનિધ્યમાં જ વેદશાસ્ત્ર બધું જ ભણાવી શક્તા હતા, પરંતુ તેમનું માનવું હતું કે શિક્ષણ પ્રાપ્ત કરવા માટે ગુરુનો સંસર્ગ પ્રાપ્ત થવો જ જોઈએ. એ



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

નાનકડા ગામમાં એક અધ્યાપક રહેતા હતા. પંડિત રૂપરામ. તેઓ પોતાના ઘરમાં જ વિદ્યાલય ચલાવતા હતા. પંડિતજીએ શ્રીરામને તેમના હવાલે કર્યો. તાઈજી બતાવતા હતા કે પૂજાપાઠ બાદ ગુરુજીએ તકતી આપી દીધી. પાટિયું સફેદ રંગનું હતું અને લાકડાનું બનેલું હતું. તે વખતે સ્લેટ અને ખડિયાની પ્રથા નહોતી. જુદા જુદા વિસ્તારોમાં જુદી-જુદી રીતે અક્ષરજ્ઞાન કરાવવામાં આવતું હતું. પંડિત રૂપરામ પાણીમાં ગેરુ ભેળવીને અક્ષરનો અભ્યાસ કરાવતા. તકતી અને ગેરુનું પૂજન થયા બાદ પહેલો અક્ષર શીખવવા લાગ્યા. ઘાસની કલમને પ્રવાહી ગેરુમાં ડુબાડીને શ્રીરામના હાથમાં આપી દીધી. પછી હાથ પકડીને તકતી પર પહેલો અક્ષર લખાવતાં કહ્યું, 'ગ' શ્રીરામે તુરત અનુકરણ કર્યું અને ગુરુજીએ અક્ષરની ઓળખ બતાવવા માટે આગળ કંઈ બોલે તે પહેલાં શ્રીરામે કહ્યું, ગ - ગાયત્રીનો. ગુરુજીને એની કલ્પના જ નહોતી કે વિદ્યાર્થીને બતાવ્યા વિના જ અક્ષરની ઓળખ બતાવશે. અને એ ઓળખ પણ પોતાની આગવી રીતે.

તેઓ 'ગ' અક્ષરની ઓળખ 'ગણેશ' શબ્દથી કરાવતા હતા. તેમની માન્યતા હતી કે 'ગ' 'ગણેશ'નો બોધ કરાવવાથી વિદ્યાર્થીની બુદ્ધિ સંસ્કારિત થાય છે. ગણેશ બુદ્ધિના અધિષ્ઠાતા દેવ છે, તેથી આ સારા શ્રીગણેશ છે. બતાવ્યા વિના જ ગાયત્રીથી આરંભ કરવાથી ગુરુજી જ નહિ, ત્યાં ઉપસ્થિત બીજા લોકો પણ આશ્ચર્યચકિત થઈ ગયા. પછી ગુરુજીએ પૂછયું, શ્રીરામ તમને કોણે બતાવ્યું કે 'ગ એટલે ગાયત્રી'. વિદ્યાર્થીએ કહ્યું, કોઈએ પણ નહિ. હવેલીમાં સાંભળ્યું છે. પિતાજી પણ એની જ કથા ભાગવત સપ્તાહમાં કહે છે. ગુરુ પંડિત રૂપરામ સાથે પં. રૂપકિશોર પણ ગદ્ગદ થઈ ગયા. બન્નેએ બાળકના માથે હાથ ફેરવ્યો અને માથું સ્નેહથી સૂંઘ્યું.

તે સમયે વાલીઓ તેમના બાળકને ગુરુ પાસે રાખવાનું જ યોગ્ય સમજતા હતા. વિદ્યાર્થી ગુરુ પાસે જેટલું વધારે રહે તેટલું વધારે શીખશે. પંડિત રૂપરામની પાઠશાળામાં પંદર-વીસ વિદ્યાર્થી રહેતા હતા, આસપાસનાં ગામોમાંથી આવેલ બાળકો પણ હતાં. ભણવા માટે આવતા વિદ્યાર્થીઓની સંખ્યા એનાથી બે-અઢી ગણી હતી. આટલા વિદ્યાર્થીઓ તો મોટે ભાગે રાતદિવસ રહેતા જ હતા. કેટલાક વિદ્યાર્થી આવતા-જતા રહેતા, જેમ કે કોઈ દિવસે આવ્યા અને ત્યાં જ સૂઈ ગયા તો ક્યારેક પોતાના ઘેર જતા રહેતા. ગુરુજી બધા વિદ્યાર્થીઓ સાથે પ્રેમાળ વ્યવહાર રાખતા. એમના ભણવા, ખાવા, પીવા, સૂવા, બેસવા અને વાતચીત કરવામાં અનુશાસન દેખાતું હતું. પરંતુ એ અનુશાસન લાદવામાં આવ્યું નહોતું. સ્નેહ અને મધુર પ્રેમથી વિદ્યાર્થીની અંદર જગાડવામાં આવ્યું હતું. ઉદાહરણ તરીકે પાઠશાળા કે ગુરુગૃહમાં જ સૂતાં બાળકોને ગુરુજી સવારે પોતે જગાડતા હતા. બાળકો થાક્યાં-પાક્યાં ન હોય તો પણ મોડે સુધી ઊંઘ આવે છે. અભ્યાસ ન હોવાથી સૂતા ન હોવા છતાં પથારી પર પડ્યા રહેવામાં મજા આવે છે. સવારે વહેલા ઊઠવાની ટેવ પાડવા માટે ગુરુજી પોતે એ બાળકો પાસે જતા. એમને વહાલથી બોલાવતા, ઉઠાડતા, ઉષઃપાન કરાવતા અને નાહી લીધા પછી ભણવા માટે બેસાડી દેતા.

## ગાયત્રી બ્રાહ્મણની કામધેનુ

બાળક શ્રીરામનું સૂવું-જાગવું પોતાની હવેલીમાં જ રહ્યું. સવારે સાત વાગે આનાકાની કર્યા વિના પાઠશાળા પહોંચી જતા અને સાંજે મોડે સુધી ત્યાં જ ભણતા. ભણવાનું પૂરું થયા બાદ પાછા પોતાના ઘરે આવી જતા. પાંચ-છ વરસ આ ક્રમ ચાલ્યો હશે કે પિતાજી સાથે કાશીની યાત્રાએ જવાનું થયું. કાશી હિંદુ વિશ્વવિદ્યાલયની સ્થાપના વખતે નક્કી થયું કે શ્રીરામને માલવીયજી યજ્ઞોપવીતની દીક્ષા આપશે. એ નિર્ધારણને ધ્યાનમાં રાખી સાત-આઠ વરસની ઉંમરમાં પિતાએ ચિરંજીવનું ઉપનયન કરાવ્યું ન હતું. કાશી ગયા બાદ માલવીયજીના નિવાસ સ્થળે જ સાદા સમારોહમાં યજ્ઞોપવીત સંપન્ન થયું. સંસ્કાર સમયે માલવીયજીએ ગાયત્રીને સર્વ વેદમય અને બ્રહ્મસ્વરૂપ હોવાના જે ઉપદેશ આપ્યા હતા તે રસ્તામાં દરેક ક્ષણે કાનોમાં ગૂંજતા રહ્યા. દસ-બાર વર્ષના બાળક માટે આ ઉપદેશ ગૂઢ પણ હતા અને સહજ ગ્રાહ્ય પણ. ગ્રહણ કરી લેવામાં આવે તો સંપૂર્ણ જીવનની દિશાધારા નક્કી થઈ


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

જાય છે.

પોતાની સમજ અનુસાર બાળક શ્રીરામે પિતાશ્રી સામે ઉપદેશો વિશે કેટલીય જિજ્ઞાસાઓ પ્રગટ કરી. ગાયત્રીને બ્રાહ્મણની કામધેનુ કેમ કહેવામાં આવી છે ? બ્રાહ્મણ કોણ છે, ગાયત્રી કોને સિદ્ધ થાય છે ? જો બ્રાહ્મણને ગાયત્રી સિદ્ધ થાય છે તો આ જાતિના લોકો દીન-હીન કેમ હોય છે ? ગાયત્રીને કોણે શાપ આપ્યો ? એ શાપનું વિમોચન કેવી રીતે કરવામાં આવે વગેરે પ્રશ્નોનું સમાધાન રસ્તામાં જ થઈ ગયું. ગુરુદેવે તે પછી પિતાજી પાસેથી મળેલા બધાં સમાધાનોનો સમય સમય પર ઉલ્લેખ કર્યો છે. આ વિવેચન ગાયત્રી સાધનાના મર્મને સ્પષ્ટ કરે છે. અહીં એટલું જ કે યજ્ઞોપવીત બાદ બાળક શ્રીરામે સંધ્યા ગાયત્રી જપની શરૂઆત કરી દીધી. એ વાત મનમાં સારી રીતે દૃઢ થઈ ગઈ હતી કે સંધ્યા-ગાયત્રી ન કરવાથી યજ્ઞોપવીતનો ભંગ થઈ જાય છે. વ્યક્તિને પ્રાત્યસંજ્ઞક અર્થાત્ પતિત કહેવામાં આવે છે અને યજ્ઞોપવીત સંસ્કાર વખતે થયેલો તેનો બીજો જન્મ કે મનુષ્યજીવન સ્થગિત થઈ જાય છે. તે પોતાને દ્વિજ કહેવડાવવાનો અધિકાર ખોઈ બેસે છે.

વારાણસીથી પાછા આવ્યા બાદ બાળક શ્રીરામે હવેલીમાં પોતાના માટે એક રૂમ નક્કી કરી લીધો. ત્યાં તેઓ જપ-ધ્યાન કરતા. સંધ્યાવંદન માટે ખુલ્લામાં જતા. આ ખુલ્લાપણું ઘરની છત પર અથવા તો ગામની બહાર શિવાલયમાં રહેતું. પોતાના ખેતરમાં વટવૃક્ષની નીચે પણ તેઓ સંધ્યાવંદન માટે જતા હતા. પુત્રને જપ-ધ્યાનમાં આટલો તન્મય જોઈને પિતાશ્રી ખૂબ પ્રસન્ન થતા હતા. તેઓ કહેતા શ્રીરામ પોતાનું બ્રાહ્મણ હોવું સાર્થક કરશે, પોતાને જ નહિ, સંપૂર્ણ કુળને અને ગાયત્રી ઉપાસકોને ધન્ય બનાવશે. પિતાશ્રી જ્યારે 'બ્રાહ્મણ' કહેતા હતા, ત્યારે તેમનો આશય આ નામથી કોઈ કુળ કે જાતિમાં જન્મ લેનાર વ્યક્તિ સાથે ન હતો. તેઓ સીધા-સાદા શબ્દોમાં કહેતા હતા, જેનો આચાર શુદ્ધ હોય, તે જ બ્રાહ્મણ છે. જે બ્રહ્મને જાણવા અને પામવા માટે પોતાને તપાવી રહ્યો હોય, તે બ્રાહ્મણ છે.

ઘરમાં, છત પર, 'મંદિરમાં', વટવૃક્ષ નીચે અને ખુલ્લા આકાશ તળે બાળક શ્રીરામનાં જપ-ધ્યાન ચાલતાં. સવારે લગભગ પાંચ વાગે તેઓ ઊઠી જતા અને સ્નાનાદિથી નિવૃત્ત થઈને સંધ્યાવંદન માટે બેસી જતા. પ્રાચીમાં સૂર્યોદયની લાલાશ ફેલાય ત્યાં સુધી સંધ્યાવંદન અને ગાયત્રી જપની સાથે સવિતા દેવતાના સ્વર્ણિમ પ્રકાશનું ધ્યાન થતું. સંધ્યાનાં બધાં કૃત્યો 'અનેન સંધ્યોપાસનેન કર્મણા શ્રી પરમેશ્વરઃ પ્રીયતાં ન મમ । ૐ તત્સદ્ બ્રહ્માર્પણમસ્તુ'ના પાઠ સાથે સંપન્ન થઈ જતાં. આ પાઠની સાથે જપ-સાધનાનું પુણ્ય પરમાત્માને જ સમર્પિત કરી બાળક શ્રીરામ પાછા આવી જતા. સાત વાગે પંડિત રૂપરામની પાઠશાળામાં પહોંચી જતા. ત્યાં શિક્ષણની સાથે આચાર વગેરેનો અભ્યાસ થતો. સાંજના સમયે પણ સૂર્યાસ્ત થવાના ઠીક પહેલાં સાયંકાલીન સંધ્યા શરૂ થઈ જતી. તારાઓ દેખાય ત્યાં સુધી એ સંધ્યા કર્મ પણ પરબ્રહ્મને સમર્પિત થઈ જતું. આ ક્રમ પાંચ વર્ષ સુધી ચાલ્યો.

શાસ્ત્રીય માન્યતા છે કે નિયમપૂર્વક નિયત સમયે વિધિ-વિધાન સાથે કરવામાં આવેલ ગાયત્રી જપ ઝડપથી આધ્યાત્મિક ઊંચાઈઓ તરફ લઈ જાય છે. પોતાની સાધનામાં શ્રદ્ધા-વિશ્વાસનો સમાવેશ કરવો એ જ વિધિ-વિધાનનું તાત્પર્ય છે. જે કરવામાં આવી રહ્યું છે, જે સમજાવવામાં આવ્યું છે, એમાં પ્રત્યક્ષની જેમ વિશ્વાસ. કહેવામાં આવ્યું છે કે ગાયત્રી કામધેનુ છે, તો એ જ રૂપે માની લીધું. એવી શંકા નથી થઈ કે આ ફક્ત મહત્ત્વ બતાવવા માટે જ છે. સચ્ચાઈ કદાચ બીજી જ હોય. શાસ્ત્ર, ગુરુ અને સાધનામાં શ્રદ્ધા સિદ્ધિના માર્ગે લઈ જાય છે.

## સાધનાનો ખેલ

બાળક શ્રીરામ સવાર-સાંજ સંધ્યા અને ગાયત્રી જપની સાથે દિવસે પણ ધ્યાનનો અભ્યાસ કરતા. ગુરુજીની પાઠશાળામાં આ તેમનો પ્રિય ખેલ હતો. અધ્યયનમાંથી સમય મળતો ત્યારે તેઓ ધ્યાન-જપ માટે બેસી જતા. બીજા વિદ્યાર્થીઓ રમતા રહેતા. કેટલાક સહપાઠીઓએ પણ એમના ખેલમાં રુચિ દર્શાવી. બે-ચાર સાથી મળ્યા બાદ નવો ખેલ તૈયાર થઈ ગયો. ખેલનું નામ રાખ્યું 'સાધના'. આ ખેલમાં



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

ખેલાડી પલાંઠી વાળીને બેસી જતા. એમને કહેવામાં આવતું કે આંખો બંધ કરીને જોવાનો પ્રયાસ કરો. જ્યાં બન્ને ભ્રમરો મળે છે એ જગ્યાએ જુઓ, જોતાં અનુભવ કરો કે ત્યાં સૂર્ય ચમકી રહ્યો છે. કોણ જાણે કેટલા વિદ્યાર્થીઓ આ ખેલ સમજી શક્યા. એ બધા ચૂપચાપ બેસી જતા. પૂછવાથી કહેતા હતા કે ખૂબ મજા આવી રહી છે. ખેલના પછીના ચરણમાં ગાયત્રી, હિમાલય, ગંગા, યમુના, સરસ્વતી, સિદ્ધ, સંત અને આ પ્રકારની જ ચર્ચા ચાલતી. આ ચર્ચાઓમાં કોઈ તાલમેળ ન રહેતો. આઠ-દસ વાક્યોથી વધારે ચર્ચા ચાલતી નહોતી, પરંતુ આ ખેલ અડધા-પોણા કલાક સુધી ચાલતો. કેટલાક દિવસ પછી તેઓ ચાર-પાંચ મિત્રોને જંગલમાં પણ લઈ જવા લાગ્યા. ગીચ છાયાવાળા વૃક્ષ નીચે બેસીને ખેલ ચાલતો.

એક વાર શ્રીરામ એકલા જ ગયા અને ત્રીજા પહોરે પાછા આવ્યા. પાઠશાળાનો સમય હતો. ગુરુજીએ વિચાર્યું કે વિદ્યાર્થી કોઈ કામ માટે ઘરે ગયો હશે. ઘરના લોકોએ વિચાર્યું કે શ્રીરામ પાઠશાળામાં જ હશે. તેથી એમની શોધ ન થઈ. જે વિદ્યાર્થીઓને 'સાધના-સાધના' ખેલમાં રસ આવવા લાગ્યો હતો, તેઓ શોધતા રહ્યા. ત્રીજા પહોરે તેમના ખેલનો લીડર પ્રગટ થયો ત્યારે પૂછ્યું કે ક્યાં ગયા હતા. શ્રીરામે ઉત્તર આપ્યો, એક ગુફા મળી ગઈ હતી. ત્યાં કોઈ આવતું નથી. એમાં બેસીને આરામથી ધ્યાન કરી શકાય છે. બીજા દિવસે તેઓ સાથીઓને લઈને ગુફા પાસે ગયા. સાથીઓ કોઈ રીતે ગુફા સુધી તો ગયા, પરંતુ અંદર જવાનું સાહસ ન થયું. ડર લાગ્યો. શ્રીરામ અંદર પ્રવેશ્યા. બીજા છોકરા અંદર જઈ ન શક્યા અને પાછા વળવાની હિંમત પણ ન થઈ. તેમનો લીડર પાછો આવે ત્યાં સુધી બહાર જ ઊભા રહ્યા.

કલાક દોઢ કલાક પછી શ્રીરામ પાછા આવ્યા તો વિદ્યાર્થીઓ તેમના પર નારાજ થયા. કહ્યું કે આ ખેલમાં હવે પછી અમે સામેલ નહીં થઈએ. શ્રીરામે વિદ્યાર્થીઓનો સાથ છૂટી જવાની પરવા ન કરી. સમય મળતાં જ કલાક દોઢ કલાક માટે એકલા જ નીકળી જવાનું અને ગુફામાં ધ્યાન લગાવવાનું ચાલુ રાખ્યું. વચ્ચે વચ્ચે ક્લાસમાંથી ગાયબ થઈ જવાથી ગુરુજીનું ધ્યાન પણ ગયું. તેમણે શ્રીરામને સીધું ન પૂછતાં વિદ્યાર્થીઓને જ પૂછી લીધું. ગોપાલદાસ નામના વિદ્યાર્થીએ બધું જ બતાવી દીધું. ગુરુજીએ તેને કહ્યું, તું એના ઘરે જઈને આ વાત કહી દે. આ રીતે તાઈજીને ગુફામાં જવાની વાતની ખબર પડી ગઈ. એમણે શ્રીરામને બોલાવીને ધમકી આપી. કહ્યું કે વાઘ-ચિત્તાની ગુફા હશે, કોઈ દિવસ તને જોઈ લેશે તો ફાડીને ખાઈ જશે. માતાની ધમકી સાંભળીને શ્રીરામે મૌન સ્વીકૃતિ આપી દીધી કે હવે તેઓ નહિ જાય. સ્વીકાર કરતાં જ માતાએ પુત્રને હૈયે ચાંપી લીધો.

તે પછી એવો કોઈ દિવસ ન ગયો કે તેઓ સ્કૂલે ન ગયા હોય. કોઈ પ્રસંગ કે બીમારીના દિવસો બાદ કરતાં નિયમિત પાઠશાળા જવાનું રહેતું. તેઓ આનાકાની કે મોડું કર્યા વિના પોતાના ક્લાસમાં પહોંચી જતા. કોઈ દિવસે જવાનું ન હોય તે દિવસે હવેલીથી સૂચના પહોંચી જતી હતી કે આજે અમુક કારણે શ્રીરામ પાઠશાળાએ નહિ આવે. એક દિવસે સૂચના પહોંચી નહિ અને શ્રીરામ પણ આવ્યા નહિ. પંડિત રૂપરામે વિચાર્યું કે કોઈ કારણે સૂચના મોકલી શકાઈ નહિ હોય તેમણે ધ્યાન ન આપ્યું. તે જ દિવસે સાંજે હવેલીથી સંદેશો આવ્યો કે શ્રીરામ હજી ઘરે પહોંચ્યા નથી. શું ક્લાસ મોડે સુધી ચાલવાના છે ?

ગુરુજી સામે એ સ્પષ્ટ થઈ ગયું કે તેમનો વિદ્યાર્થી પાઠશાળા જવા માટે નીકળ્યો તો હતો, પરંતુ ક્યાંક બીજે રમી ગયો છે. પહેલી આશંકા એ થઈ કે ધ્યાનવાળી ગુફામાં બેઠા હશે, જ્યાં મહિનાઓ પહેલાં કેટલાક સહપાઠીઓ સાથે જતા હતા. તાઈજીએ કહ્યું, શ્રીરામને ત્યાં જવાની મનાઈ કરવામાં આવી હતી. તેથી ત્યાં જવાનો સવાલ જ ઊભો થતો નથી. તેમ છતાં એક વાર ગુફામાં શોધ કરવા માટે કેટલાક લોકો નીકળ્યા. અષ્ટમી કે નવમીની રાત હતી. ચંદ્રમાની મધ્યમ ચાંદનીમાં રસ્તો જોઈ શકાતો હતો છતાં જરૂર પડ્યે મશાલ પ્રગટાવવાની વ્યવસ્થા કરી લીધી. (શેષ આગામી અંકમાં)



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

(પરમપૂજ્ય ગુરુદેવની અમૃતવાણી) (જીવન નિર્માણ)

# ભગવાનના અનુદાન કઈ શરતે મળે છે

(ગતાંકથી ચાલુ)

મિત્રો ! અમારા ગુરુએ અમને જે શિખવાડ્યું અને ઋષિઓએ પોતાના શિષ્યોને જે શિખવાડ્યું તે અધ્યાત્મનું સ્વરૂપ અમે આપને શિખવાડવા માંગીએ છીએ. અમે એ જ ગૌરવશાળી સિદ્ધાંતો પર વિશ્વાસ કરીએ છીએ અને આપને એ જ ગૌરવશાળી અધ્યાત્મ અપનાવવાની પ્રાર્થના કરીએ છીએ. આ માટે જ અમે બધી વ્યવસ્થા ગોઠવી છે. જો આપ શીખી શકતા હો તો શીખી લો, કરી શકતા હો તો કરી લો. ફાયદો ઉઠાવી શકતા હો તો ઉઠાવી લો. જે અધ્યાત્મ અમે શિખવાડવા માંગીએ છીએ, જેના માટે અમે આપને આ આધ્યાત્મિક શિબિરમાં બોલાવ્યા છે તે અધ્યાત્મ કેવું છે ? તેના ત્રણ ફાયદા છે. સિદ્ધિઓ કેટલી હોય છે ? તે આઠ હોય છે, પરંતુ આ આઠ સિદ્ધિઓ અને નવ રિદ્ધિઓ મારી સમજમાં નથી આવતી. મારી સમજમાં તો ત્રણ સિદ્ધિઓ આવે છે અને તે સુનિશ્ચિતરૂપે મળે છે આઠ સિદ્ધિઓની બાબતમાં તો હું નથી કહી શકતો કે, તેના વડે હવામાં તરવાનું આવડી જાય છે. હા ગુરુજી ! સિદ્ધિઓ વડે ચમત્કાર આવડે છે. આઠ સિદ્ધિઓ, નવ નિધિઓ હોય છે. સારું, તો તમારી સમજ હવામાં તરવા માટેની છે. આપ આ જ કહી રહ્યા હતા ને કે, સિદ્ધિઓ મળી જાય. ચાલો સિદ્ધિની એક ઘટના યાદ આવી ગઈ, તે જ આપને સંભળાવું છું.

### જમીન પર ચાલીએ, હવામાં નહિ.

હસન નામના એક મોટા સિદ્ધ પુરુષ હતા. રાબિયા નામની એક સંત મહિલા પણ ખૂબ સિદ્ધ હતી. બંનેની ખ્યાતિ દૂર દૂર સુધી ફેલાયેલી હતી. રાબિયાએ હસનનાં વખાણ સાંભળ્યાં હતાં અને હસને રાબિયાના વખાણ સાંભળ્યા હતાં. એક વાર હસનને ઈચ્છા થઈ કે, ચાલો મારે જ રાબિયા પાસે જવું જોઈએ. હસન રાબિયા પાસે પહોંચી ગયા. રાબિયા ખૂબ ખુશ થઈ. તેણે કહ્યું, ''આપ આવી ગયા, અમારું ભાગ્ય ખૂલી ગયું. હું તો ક્યાંય જઈ શકતી નથી, આપે કૃપા કરી અને મારે ઘેર આવ્યા.'' તેમને બેસાડીને આગતા-સ્વાગતા કરી.

નમાઝ અદા કરવા માટેનો સમય થઈ ગયો હતો. હસને કહ્યું, ''રાબિયા ! આજે આપણે સાથે સાથે નમાઝ અદા કરીએ. નમાઝ અદા કરવાનો સમય થઈ ગયો હતો એટલે અદા કરવી જ જોઈએ. તેમણે તે માટે બિછાવવાનું આસન, જેને અરબીમાં ''મુસલ્લા'' કહે છે તે લીધું અને પાણીમાં ફેંકી દીધું. તે પાણીમાં તરવા લાગ્યું. હસને કહ્યું કે, હું તો પાણી પર બેસીને નમાઝ અદા કરીશ અને ચમત્કાર બતાવીશ. રાબિયા, તું પણ આવી શકે છે. રાબિયા સમજી ગઈ કે હસન પોતાની કરામત બતાવવા માંગે છે અને એમ સિદ્ધ કરવા ઈચ્છે છે કે હું પાણી પર સવાર થઈ શકું છું તથા ડૂબ્યા વગર બેસી શકું છું. હસન ચમત્કાર બતાવી રહ્યા હતા કે, જુઓ મારી પાસે કેટલી સિદ્ધિઓ છે.''

રાબિયાને ખૂબ દુઃખ થયું. રાબિયા તેમની પાસે તો ન ગઈ, પાણી ઉપર ''મુસલ્લા'' પણ ન ફેંક્યો. તેણે પોતાના 'મુસલ્લા' તરત હવામાં ફેંકી દીધો. તે હવામાં તરવા લાગ્યો. રાબિયાએ કહ્યું - હસન ! પાણીમાં નમાઝ અદા કરવી બરાબર નથી. પાણીમાં દેડકાં રહે છે, પેશાબ કરે છે. માછલીઓ ઈંડાં મૂકે છે તેથી તેમાં હંમેશાં ગંદકી છવાયેલી રહે છે. તેમાં કચરો તણાઈને આવે છે, વાદળોની ધૂળ આવે છે તેથી આ જગ્યા ગંદી છે. પાણી ખુદાની નમાઝ અદા કરવા માટે બરાબર નથી, ચાલો હવામાં નમાઝ અદા કરીએ.

હસન તો અવાક્ બની ગયા. પાણી પર તરવાની સિદ્ધિ તો તેમણે મેળવી લીધી હતી, પરંતુ હવામાં તરવાની સિદ્ધિ નહોતી મળી. જ્યારે હસન રાબિયાની સામે શરમિંદા થઈ ગયા, ત્યારે રાબિયાએ કહ્યું - હસન આપ ભૂલ કરી રહ્યા હતા અને હું આપનાથી પણ વધારે ભૂલ કરી રહી હતી. જે કામ એક દેડકો અને માછલી કરી શકે છે તે કામ આપ કરી રહ્યા હતા અને એમ બતાવવા માગતા હતા કે હું કોઈ ચમત્કાર બતાવું છું. હું આપના કરતાં પણ વધારે મૂર્ખ હતી કે 'મુસલ્લા' હવામાં ફેંકીને એમ જાહેર કરવાનો પ્રયત્ન કરી રહી હતી કે, જે કામ એક મચ્છર કરી શકે છે, એક કીડો, એક પતંગિયું કરી શકે છે તે કામ કરવા હું જઈ રહી હતી. હું આપના કરતાં વધારે મૂર્ખ હતી અને આપ મારા કરતાં પણ વધારે મૂર્ખ હતા.



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

આવો આપણે જમીન પર મુસલ્લા પાથરીએ અને જમીન પર ચાલીએ.

## અધ્યાત્મ : એક નગદ ધર્મ

મિત્રો ! આપ જમીન પર ચાલો, હવામાં તરવાનું બંધ કરી દો. દેવલોકની ઈચ્છા ન રાખો, સિદ્ધિઓના સ્વપ્ન જોવાનું બંધ કરી દો. આપ જમીન પર આવો અને જમીન પર ચાલવાનું શરૂ કરી દો. જેથી એ અધ્યાત્મને મેળવી શકો જે આપણા માટે સંભવ છે. સ્વાભાવિક છે. આ પ્રકારના અધ્યાત્મને મેળવીને આપ ફાયદો ઉઠાવી શકો છો, તો પછી તે પ્રાપ્ત કરવામાં શું વાંધો છે ? હવામાં ઊડવાથી આપને શું મળવાનું છે ? આપને ઊંચે ઊડવાથી હવા જ મળવાની છે. તો પછી શું ફાયદો ? મૃત્યુ પછી આપણને મુક્તિ મળવી જોઈએ, સ્વર્ગ મળવું જોઈએ એવી દરેકની ઈચ્છા હોય છે. મૃત્યુ પછી શા માટે ? જો આ જ જીવનમાં, આ જ જન્મમાં અને અત્યારે જ સ્વર્ગ અને મુક્તિ મળી જતાં હોય તો આપને શું વાંધો છે ? ના સાહેબ ! કોઈ વાંધો નથી, તો પછી આપ શું કામ કહો છો કે ભગવાન મૃત્યુ પછી મળે. અત્યારે કેમ ન મળે ? ના સાહેબ ! ભગવાન તો ધર્મલોકમાં રહે છે, વૈકુંઠલોકમાં રહે છે. ચાલો, હું આપને બીજો ફાયદો કરાવી દઉં અને અત્યારે જ ભગવાન સાથે આપની મુલાકાત કરાવી દઉં તો કોઈ વાંધો છે ? સાહેબ ! તે તો ઘણી સારી વાત છે, આપ એમ કેમ નથી કરતા?

મિત્રો ! આપ રોકડિયા ધર્મને અપનાવો અને તેની કિંમત ચૂકવો. રોકડિયો ધર્મ કેવો હોય છે? જે ધ્યાન અમે આપને શિખવાડવા માંગીએ છીએ, તેમાં ત્રણ સિદ્ધિઓ છે. ચોથી સિદ્ધિ તો તેનું વ્યાજ છે. જેને બેંકમાં જમા કરીએ છીએ તે મૂળ રકમ હોય છે. વ્યાજ શું હોય છે ? બેટા, વ્યાજ એ રકમ હોય છે, જે આપની જમા રકમ ઉપર આઠથી દસ ટકા પ્રમાણે વધારે મળે છે. આપના રૂપિયા અમારી બેંકમાં જમા કરી જાવ, અમે તમને તેના કરતાં પણ વધારે નફો આપીશું. શું નફો આપીશું ? અમે આપને વ્યાજ આપીશું. વ્યાજ આપની રકમ નથી, પરંતુ અમે તમને આપી દઈશું. કયું વ્યાજ આપ ઈચ્છો છો ? તે મૂળ રકમનું નથી તેનું ધ્યાન રાખજો. અધ્યાત્મ રોકડિયો ધર્મ છે, મૂળ ધન છે, રિદ્ધિ-સિદ્ધિઓ તેનું વ્યાજ છે.

સાથીઓ ! જે પ્રકારનું અધ્યાત્મ અમે શિખવાડવા માંગીએ છીએ, તેના માટેની રીતો અમે તમને બતાવીશું. તેની સાધના શિખવાડવાનો જ અમારો ઉદ્દેશ્ય છે. તે માટે જ તમને બોલાવવા પડ્યા છે. આપ ન શીખો, ન સમજો તો અમે શું કરી શકીએ ? આપની ઉપર તો ગેરસમજો પકડ જમાવી રહી છે. જ્યાં સુધી આ ગેરસમજો બહાર ન કાઢું ત્યાં સુધી આપને વાસ્તવિકતા કેવી રીતે બતાવું ? આપની ઉપર એવી એક ગેરસમજ છવાઈ ગઈ છે કે મંત્ર જપો એટલે ધન મળી જશે. આપને ત્યાં બેઠા બેઠા જ મૂળ રકમ જોઈએ છે. જો આપ આ રીતે ગૂંચવણમાં ફસાયેલા રહેશો તો હું આપને સાચું અધ્યાત્મ કેવી રીતે બતાવીશ ? ના ગુરુજી, આપ એવો મંત્ર બતાવો જેના વડે પૈસા મળી જાય. બેટા, તે પણ મળી જશે, ચાલ અત્યારે જ બતાવી દઉં. કેવો મંત્ર છે. બસ એ જ છે જે બાબાજી આપની પાસેથી ખૂબ દક્ષિણા લઈને બતાવી ગયા હતા. ચાલો હું પણ તે જ બતાવી દઉં. શું મંત્ર છે ? એ જ ''હ્રીં શ્રીં ક્લીં ચામુંડાયૈ વિચ્ચૈઃ'' બેટા, આના વડે તો ખૂબ રૂપિયા મળ્યા હશે. હા, ગુરુજી ! અમે જપ કર્યા હતા. સારું તો હજુ વધારે સમય બગાડ અને ''ચામુંડાયૈ વિચ્ચૈ'' જપતો રહે. દુષ્ટ, લૂંટનો માલ હડપવા માટે ઊભો છે અને કહે છે કે મંત્રનો ચમત્કાર બતાવો.

## ચમત્કારોનું જન્મસ્થળ પોતાનું અસ્તિત્વ

મિત્રો ! મંત્રોનો ચમત્કાર ક્યાંથી આવે છે ? મંત્રોનો ચમત્કાર વ્યક્તિની અંદરથી આવે છે. વૃક્ષ આપને જે બહારથી ઊભેલું દેખાય છે તે ક્યાંથી આવે છે ? વૃક્ષ પર ફળ, ફૂલ, પાંદડાં ક્યાંથી આવે છે ? સારું, પહેલાં કહો કે પાંદડાં ક્યાંથી આવે છે ? સાહેબ, પાંદડાં હવામાંથી દોડતાં આવી જાય છે અને ડાળી સાથે ચોંટી જાય છે. સારું, ફૂલ ક્યાંથી આવે છે ? ફૂલ રાત્રે તારાઓમાંથી પડે છે અને વૃક્ષ પર ચોંટી જાય છે અને ફળ ક્યાંથી આવે છે ? ગુરુજી ! ફળ તો રાત્રે વાદળો આવે છે, તેઓ ખૂબ ફળ લાવે છે. સારું તો ફળ શું કરે છે ? ફળ ટપ ટપ નીચે પડે છે અને વૃક્ષ તેને પકડીને ચોંટાડી લે છે. બેટા, તારી આ વિચારણા ખોટી છે કે ફૂલ બહારથી આવે છે. સારું આ ફૂલ પણ બહારથી આવે છે અને પાંદડાં પણ બહારથી આવે છે ? હા, સાહેબ. ના, બેટા તારી આ વિચારણા ખોટી છે. તો ગુરુજી ! આપ જ કહો કે સાચી વાત શું છે ? બેટા ! વૃક્ષનાં મૂળ જમીનમાં હોય છે, જે દેખાતાં નથી. આ મૂળિયાં જમીનમાંથી રસ ચૂસે છે અને ચૂસ્યા પછી



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

ખોરાકની માફક ઉપર થડમાં, ડાળીઓમાં, પાંદડાઓમાં, ફૂલોમાં અને ફળોમાં મોકલી આપે છે. આ ક્યાંથી લાવે છે ? બહારથી નહીં, અંદરથી આવે છે. બહારથી મતલબ દેવતાઓ તરફથી નથી આવતું. આપ સમજતા કેમ નથી ? આનું નામ જ અધ્યાત્મ છે.

અધ્યાત્મ કોને કહેવાય છે ? ''સાયન્સ ઓફ સોલ''ને અધ્યાત્મ કહે છે. સોલના સાયન્સમાં - આત્માના વિજ્ઞાનમાં દરેક વસ્તુ અંદરથી નીકળે છે. આપ બહારથી માંગો છો. દેવતાઓ પાસેથી માંગો છો. ખુશામત-ઉપહાર, અનુગ્રહ-ભેટ આ જ આપની માન્યતા છે. ખુશામત કરશો, ભેટ મેળવશો. એ જ સમજ છે ને આપની ? સારું જણાવો કે વાદળોમાં પાણી કોણે પેદા કર્યું ? ના, સાહેબ ખુશામત કરીશું, ભેટ મેળવીશું, સાષ્ટાંગ દંડવત્ કરીશું અને ભેટ-આશીર્વાદ મેળવીશું. આ બધું તમને કોણે કહ્યું હતું ? સાહેબ ! પેલા બાબાજી કહેતા હતા. પાગલ છે બાબાજી.

મિત્રો! શું કરવું જોઈએ? આપે વાસ્તવિકતાની નજીક આવવું જોઈએ. વાસ્તવિકતાના ફાયદા જણાવ્યા પછી હું આપને આધ્યાત્મિકતાની પદ્ધતિઓ બતાવીશ કે આપે શું કરવું જોઈએ ? વાસ્તવિકતાના ફાયદા જાણ્યા પછી જો આપને વધારે ઉપયોગી જણાય તો આપ અધ્યાત્મની નજીક જાવ અને ઓછા ઉપયોગી જણાય તો આપ ન જાવ તેનો કોઈ વાંધો નથી. મેં તો તેના વડે ત્રણ ફાયદા ઉઠાવ્યા છે. પહેલો ફાયદો એ મળે છે કે આપણો અંદરનો ભાગ, જેને આપણે અંતઃકરણ કહીએ છીએ તે એટલું શુદ્ધ અને પવિત્ર થઈ જાય છે કે વ્યક્તિને દરેક સમયે એક વરદાન મળતું રહે છે, જેને આપણે 'સંતોષ' કહીએ છીએ.

## અંદરની ખુશી એક દિવ્ય વરદાન

મિત્રો ! ખુશીના બે પ્રકાર હોય છે. એક ખુશી બહારથી આવે છે. દાખલા તરીકે ભોજન. ભોજનમાં કોઈ સ્વાદિષ્ટ વાનગી મળી જાય તો તે એક બાહ્ય ખુશી છે. સાહેબ શું ખાઈને આવ્યા? પેંડા ખાઈને આવ્યા, લાડૂ ખાઈને આવ્યા, સારી વાત છે. જ્યારે આપ સિનેમા જોઈને આવો છો ત્યારે એક બીજી ખુશી હોય છે. આ કેવી ખુશી છે ? આ બધી ખુશી વસ્તુઓ મળી જવાથી થાય છે, પરંતુ થોડોક સમય રોકાઈને અદશ્ય થઈ જાય છે. સિનેમા જોઈને આવ્યા - અદશ્ય. મીઠાઈ ખાઈને આવ્યા - અદશ્ય. થોડાંક જ સમયમાં આ બધી ખુશી અદશ્ય થઈ જાય છે, તે ટકાઉ હોતી નથી. ટકાઉ વસ્તુ શું હોય છે? જે વસ્તુ અંદરથી નીકળે છે, તેનું નામ છે ''શાંતિ''. શાંતિનું જ બીજું નામ 'સંતોષ' છે. શાંતિની બાબતમાં આપ સૌએ જે સાંભળ્યું છે તે સુખચેનને શાંતિ કહેવાતી નથી. કોઈ મુસીબત ન આવે, દોડધામ ન થાય, કોલાહલ ન થાય તેને શાંતિ ન કહેવાય. ના, સાહેબ ! શાંતિ તેને પણ કહેવાય છે કે કાલી કમલી લઈને ચાલ્યા જઈશું અને કોઈ ગુફામાં રહીશું, જ્યાં કોઈ ઝંઝટ, ગોટાળો ન હોય. કોઈ બોલે-ચાલે નહીં. ચોતરફ શાંતિ હોય. બેટા ! આ માન્યતા ખોટી છે. આ શાંતિની પરિભાષા નથી. શાંતિની પ્રાથમિક પરિભાષા એ છે કે વ્યક્તિને સંતોષ રહે છે. સંતોષ કોને રહેશે ? સંતોષ ફક્ત એ જ વ્યક્તિને રહેશે ? જેણે પોતાનો જીવનક્રમ એવો બનાવી લીધો છે જેને કારણે તેની અંદર કોઈ આંતરિક મથામણ નથી રહેતી.

આંતરિક યુદ્ધ શું છે ? અંતર્દ્વંદ્વ. બેટા બે સાંઢોની લડાઈ જેવું હોય છે. બે સાંઢોની લડાઈ તમે જોઈ છે ! હા ગુરુજી ! જ્યારે બે સાંઢ લડે છે ત્યારે ખેતરને, દુકાનને ખૂબ નુકસાન પહોંચાડે છે. એક વખતે બે ખૂમચાવાળા બેઠા હતા અને બે સાંઢ લડતા લડતા આવ્યા. પછી શું થયું ? એમણે ખૂમચાવાળાઓનો સામાન વેરવિખેર કરી નાંખ્યો અને મુસાફરોને ધક્કે ચડાવ્યા. બીજું શું થયું ? અને ગુરુજી ! તેણે દીવાલને ટક્કર મારી અને બીજાને ઉછાળી ફેંક્યો. એક દિવસ મેં ખેતરમાં લડતા સાંઢને જોયા હતા. તેઓ શું કરતા હતા ? તે બંને એવું લડ્યા કે બિચારો ઘઉંનો પાક અને અનાજનો પાક જમીનદોસ્ત થઈ ગયો. લડતાં-લડતાં તેમણે બધું જ નુકસાન કરી નાંખ્યું.

મિત્રો ! સાંઢ ક્યાં હોય છે ? સાંઢ આપણી અંદર રહે છે. સાંઢ કોણ હોય છે. એક તો તે જેને આપણે અનિચ્છનીયતા કહીએ છીએ, અનૈતિકતા કહીએ છીએ. બેટા, આપણી અંદર એક નૈતિક પક્ષ છે અને એક અનૈતિક પક્ષ છે. બંને વચ્ચે ઝઘડો થતો રહે છે. બંને વચ્ચે લડાઈ ચાલ્યા જ કરે છે. જે ક્યારેય બંધ નથી થતી. એક કહે છે કે આપ માની જાઓ, બીજો કહે છે આપ માની જાઓ. બંને માનતા નથી. આપણી અંદર બેઠેલો શેતાન પણ માનતો નથી અને અંદર બેઠેલા ભગવાનને કહે છે કે આપ જ ચૂપ થઈ જાવ, તો તે પણ નથી માનતા. બંને વચ્ચે અંદરોઅંદર અશાંતિ પેદા થાય


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

છે. આપણી અંદર દરેક જગ્યાએ અશાંતિ, દરેક જગ્યાએ નારાજગી, દરેક જગ્યાએ અસંતોષ છવાયેલો રહે છે.

અધ્યાત્મ વડે શું થશે ? આ શિબિરમાં હું એ અધ્યાત્મ આપ સૌને શિખવાડવા માંગુ છું, જે મારા ગુરુએ મને શિખવાડ્યું છે અને તેનું પરિણામ તત્કાળ ફળ આપનાર ધર્મ છે. એના વડે આપને શું મળશે ? એના વડે આપને અંદરથી એવી ચીજ મળશે જેને સંતોષ કહેવાય છે. સંતોષ કોને કહે છે ? બેટા, સંતોષ એને કહેવાય છે જેના કારણે વ્યક્તિ મસ્તીમાં મગ્ન રહે છે, ખુશીથી નાચી ઊઠે છે. વ્યક્તિની તકલીફો દૂર થઈ જાય છે. વ્યક્તિએ ન તો ઊંઘની ગોળીઓ ખાવી પડે છે, ન દારુનું સેવન કરવું પડે છે અને ન તો સિનેમા જોવા જવું પડે છે. વ્યક્તિ પોતાની જિંદગી શાંતિથી, હેરાનગતિ વગર જીવી લે છે. એ શાંતિની જિંદગી એવી હોય છે, જેમાં ગાઢ ઊંઘ મળે છે. ભગવાન બુદ્ધ પૂરા આઠ કલાક સૂઈ જતા હતા. એમની ઊંઘમાં એક બીજી વિશેષતા હતી કે જે પડખા તરફ હાથ રાખીને સૂઈ જતા હતા, તે સ્થિતિમાં જ સવારે ઊઠતા હતા. સૂતી વખતે જે તરફ પગ રાખતા હતા, તે સવાર સુધી ત્યાં જ રહેતો હતો, કારણ કે ખૂબ ગાઢ ઊંઘ આવતી હતી. આપે ઊંઘવાની મજા તો લીધી જ નથી. આપે શેની મજા લીધી - ખાવાની મજા લીધી. તમારે ક્યારેક અસલી મજા લેવી હોય - જે ઊંઘની હોય છે, તે લેજો. આજે માણસો ઊંઘ વગર હેરાન હોય છે અને કહે છે કે ઊંઘ જ નથી આવતી. ઊંઘ કોને આવશે ? દરેક વ્યક્તિને ઊંઘ આવશે, જેનું અંતર્દ્વંદ્વ બંધ થઈ જશે. જેમની અંદરના સાંઢ લડવાનું બંધ કરી દઈને એક જ રસ્તે ચાલશે.

## ક્રાંતિકારક અધ્યાત્મની રિદ્ધિઓ-સિદ્ધિઓ

મિત્રો ! જો આપને સંતોષ મળે અને સંતોષના કારણે શાંતિ મળે, તે પસંદ હોય તો આપ સૌએ આ અધ્યાત્મને અપનાવવું પડશે. આમાં પાક અંદરથી ઊગવાનું શરૂ કરે છે, જેને આપ અતીન્દ્રિય ક્ષમતા કહો છો. અતીન્દ્રિય ક્ષમતા શું હોય છે ? અતીન્દ્રિય ક્ષમતા દૂરદર્શનની ક્ષમતા હોય છે - અર્થાત દૂરનું જોવા અને સાંભળવાની ક્ષમતા. આપણી અંદર ટેલિવિઝન, વાયરલેસ તથા અન્ય એટલાં બધાં વૈજ્ઞાનિક સાધનો ગોઠવેલાં છે જે સામાન્ય વ્યક્તિને મળી શકતા નથી, પરંતુ આપને મળી શકે છે તે માટેની શરત ફક્ત એક જ છે કે આપની અંદર જે હલચલ ચાલી રહી હોય તેને આપ બંધ કરી દો.

સાથીઓ ! અમે આપને જે અધ્યાત્મ શીખવાડીશું તેમાં આ આંતરિક હલચલ બંધ થઈ જશે. જ્યારે આપની અંદરની આ હલચલ બંધ થઈ જશે, ત્યારે આપને દરેક જગ્યાએ જિંદગીના સ્વાદ, જિંદગીની મજા મળશે. જિંદગીની મજા સંતોષ ઉપર ટકેલી છે, ખુશી ઉપર ટકેલી છે. આપ બધા કામ ખુશી માટે જ તો કરો છો. ખુશી માટે સિનેમા જુઓ છો. બાળકોનાં લગ્નોમાં જોડાઓ છો. પરંતુ ખુશીનું સુંદર સ્વરૂપ એ છે જેને આપણે સંતોષ કહીએ છીએ. જ્યારે આપને સંતોષ મળી જાય છે, ત્યારે આપના ચહેરા પર દરેક સમયે ખુશી દેખાઈ આવશે. ચહેરા પર આપને શું દેખાશે ? બે બાબતો જણાશે - એક તો આપને ગાઢ ઊંઘ આવ્યા કરશે અને બીજું આપના ચહેરા પર ગુલાબના ફૂલની માફક પ્રસન્નતાભરી ખુશી દેખાશે. સંતોષ મળ્યા પછી આપની ખીજ, આપની ચીડ, આપની નારાજગી બધું જ દૂર થઈ જશે.

મિત્રો ! અમારા ગુરુએ જે અધ્યાત્મ શિખવાડ્યું છે અને જે અમે તમને શિખવાડીશું ત્યારે આપની જિંદગીમાંથી ખીજ દૂર થઈ જશે. જો આપને આ સિદ્ધિ મંજૂર હોય, તો અમારી પાસે આવો, અમે આપને શિખવાડીશું. આપ તે શીખો અને તેની કિંમત ચૂકવો. વ્યક્તિનો સંતોષ જે અંદરથી આવે છે, પ્રતિભા જે અંદરથી આવે છે, પ્રખરતા જે અંદરથી આવે છે - બધું અંદરથી આવે છે તો 'અંદર'ને આપ શું માનો છો ? જમીનની અંદર શું છુપાયેલું છે ? બહાર તો માટી છે, પરંતુ થોડુંક ખોદતાં જ પાણી મળે છે અને થોડું વધારે ઊંડું ખોદીએ તો પેટ્રોલ મળશે. જ્યાં આપ બેઠા છો, તે પાંચફૂટ જગ્યાને મશીનથી ખોદવાનું શરૂ કરી દઈએ અને જ્યાં સુધી જમીન છે ત્યાં સુધી ખાડો કરી નાંખીએ તો તેમાં કરોડો, અબજો, અરબો રૂપિયાની દોલત મળી જશે. બેટા, બહાર તો માટી છે, પરંતુ અંદર બહુમૂલ્ય સંપત્તિ છે.

મિત્રો ! માનવીના વ્યક્તિત્વની ભીતર કોણ જાણે શું શું ભરેલું છે ? માનવીનું બાહ્ય કલેવર - જે આપને દેખાઈ રહ્યું છે, ખોરાક ખાય છે, મળ-મૂત્ર બહાર કાઢે છે તે તો તેના ઉપરનું આવરણ છે. જે પૈસા કમાય છે, સિનેમા જુએ છે, બાળકો પેદા કરતું રહે છે આ આવરણ છે. આ આવરણમાં અનેક સમસ્યાઓ પણ એકઠી થઈ


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

જાય છે. કેવી રીતે ? અરે ભાઈ ! જેમ માથામાં જૂ પડે છે, જૂ માટે કોઈ મકાન છે ? કોઈ ઘર-સંસાર છે ? કોઈ પણ પ્રકારની ખેતીવાડી છે ? કશું જ નથી. તે તો આ રીતે જ ગુજરાન ચલાવી લે છે. આ રીતે જૂ ની માફક જ આપ જીવનનું મહત્ત્વ સમજો છો. માથામાંથી કેટલી જૂ નીકળી? પાંચ. આ પાંચ જૂ શું હોય છે ? એ પાંચ બાળકો છે. જૂ અને બાળકોની વાત એકસરખી જ છે. તદ્દન એક જ વાત છે. બાળકો આપણું બાહ્ય જીવન છે.

આંતરિક જીવન શું છે ? આંતરિક જીવન તો આપે ક્યારેય જોયું પણ નથી, ક્યારેય તેને નજીકથી માણ્યું નથી. આંતરિક જીવનનો આપને ક્યારેય અણસાર પણ નથી આવ્યો કે ગંધ પણ નથી આવી. આપ સૌએ આંતરિક જીવનનું સ્વરૂપ જોયું જ નથી. વ્યક્તિના અંતરંગનું જે સ્વરૂપ છે, તેને જો આપ જોઈ શકતા હો તો આપના જીવનમાં ખુશી આવી જાય. જો આપ આપના આંતરિક સ્વરૂપને ગૌરવશાળી બનાવી શકો, તો હું કહું છું કે આપને બે શક્તિઓ પ્રાપ્ત થઈ શકે. એક તો આપને ગાઢ ઊંઘ આવે. ગુરુજી ! આપને ગાઢ ઊંઘ આવે છે ? હા બેટા, મને એવી ગાઢ ઊંઘ આવે છે કે હું આઠ વાગ્યે અહીંથી જાઉં અને પથારી પર શરીર લંબાવતાં જ સાડા આઠ સુધીમાં ગાઢ ઊંઘમાં ચાલ્યો જાઉં છું. ત્યાર પછી સાડા બાર વાગ્યે મારી આંખ ખૂલી જાય છે અને અડધા કલાકમાં સ્નાનાદિથી મુક્ત થઇને એક વાગ્યે પોતાનું કામ શરૂ કરી દઉં છું. પૂજા-ઉપાસના કરું છું. હું કેટલા કલાક ઉંઘ લઉં છું ? ચાર કલાક. આ ચાર કલાક દરમિયાન મને એટલી ગાઢ ઊંઘ આવે છે કે ભલે જમીન ફાટી જાય કે આસમાન તૂટી પડે, સામાન્ય ઘટનાઓ અમને અસર કરતી નથી.

## સંતોષ ધન : સૌથી મોટી મૂડી

અમને આટલી ગાઢ ઊંઘ કેમ આવે છે ? કારણ કે અમને કોઈ ચિંતા નથી. આપના શાંતિકુંજની, ગાયત્રી તપોભૂમિની કે યુગ નિર્માણની અમને બિલકુલ ચિંતા નથી. શા માટે? કારણ કે અમે ભગવાન પર વિશ્વાસ રાખીએ છીએ. આપને ચિંતા કેમ છે ? કારણ કે આપ ભગવાન પર વિશ્વાસ રાખતા નથી. ભગવાનનું નામ લો છો, પરંતુ ભગવાન પર વિશ્વાસ રાખતા નથી. અમે ભગવાન પર વિશ્વાસ કરીએ છીએ અને એટલું માનીએ છીએ કે આખી દુનિયા તેના જ ચક્ર પર ફરી રહી છે અને અમે પણ તેના જ ઈશારે કઠપૂતળીની જેમ કામ કરીએ છીએ. ભગવાનને જે કામ કરવું હશે તે બરાબર થઈ જશે. આથી અમને પૂરી ઊંઘ આવે છે અને રાત્રે જરાપણ અસંતોષ થતો નથી. ચિંતા જરા પણ થતી નથી. બીજું શું રહે છે ? બેટા, મારા ચહેરા પર હાસ્ય છવાયેલું રહે છે.

મિત્રો ! ગાંધીજીના ચહેરા પર હંમેશાં હાસ્ય રહેતું હતું, તેઓ અવારનવાર હસતા રહેતા. તેઓ મજાક પણ કરતા હતા. ગાંધીજીને એક વખત પૂછ્યું કે આપ તો વારંવાર હસો છો. તેમણે કહ્યું - હસીશું નહીં તો જીવીશું કેવી રીતે ? હાસ્ય ઉપર તો અમારી જિંદગી ટકેલી છે. જે માણસો હસતા નથી, તેઓ અપશુકનિયાળ હોય છે. અપશુકનિયાળ અર્થાત્ રાક્ષસ, શેતાન જેને જોઈને બાળકો ભાગી જાય છે. અપશુકનિયાળ કોણ હોય છે ? જેમ કે પિતા. પિતા કોને કહેવાય છે? અપશુકનિયાળને. પિતા જ્યારે ઘરમાં ઘૂસે છે, ત્યારે બધા પર રોફ જમાવવા માંડે છે. પત્ની, બાળકો, સાઇકલ, ભોજન, થાળી બધા પર રોફ જમાવવા માંડે છે. આ કોણ છે ? અપશુકનિયાળ છે, રાક્ષસ છે જેઓ હસવા-હસાવવાનું જાણતા નથી.

મિત્રો ! જો આપની અંદર કદાચ અધ્યાત્મ આવી જશે તો આપના ચહેરા પરથી મીઠાશ ફેલાશે. આપની વાણીમાંથી રસ ઝરવા માંડશે. આપના વ્યવહારમાં કોણ જાણે કેવી કેવી શાનદાર બાબતો આવી જશે. અધ્યાત્મ એવું તત્ત્વ છે જે આપની અંદર સંતોષ લાવી દેશે. આ થઈ સિદ્ધિ નંબર એક. જો આપને આ સિદ્ધિ સ્વીકાર્ય હોય તો ચાલો અમે આપને સાધના બતાવીશું. ગુરુજી ! સાધના શીખવવામાં તો ખૂબ સમય લાગશે ? ના બેટા, તે તો મિનિટોની જ વાત છે. ઓપરેશનમાં ક્યાં વાર લાગે છે ? દવા ખવડાવવામાં કેટલી વાર લાગે છે ? ઇંજેક્શન તો એક મિનિટમાં લગાવી દઈશું. બીજું શું કરીશું ? દરદી ખાવા-પીવામાં પરેજી પાળશે એટલે તદ્દન સાજો થઈ જશે. બેટા, અસલી ઉપાય તો પરેજી છે. ના સાહેબ, સોય છે. સોયમાં કેટલી તાકાત છે ? સોયમાં તો બેટા જરાપણ તાકાત નથી, પરંતુ પરેજીમાં ખૂબ છે.

સારું, હવે આપ શું શીખવાડી રહ્યા છો ? બેટા, હવે અમે પરેજી બતાવી રહ્યા છીએ અને ફીલોસોફી શીખવાડી રહ્યા છીએ. આગળ બીજું શું બતાવીશું - મંત્ર ? મંત્ર તો ગમે ત્યારે બતાવી દઈશું. મંત્રોમાં ક્યાં મોડું થાય છે ? તે તો સેકંડનું કામ છે. ચાલતાં-ચાલતાં જ્યારે



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

તમે કહેશો ત્યારે બતાવી દઈશું. ખરેખર તો તેની ફિલોસોફી શીખો. બેટા, અમે આપને એવું અધ્યાત્મ શીખવાડવા માટે ઈચ્છુક હતા જેને આપ શીખવા માંગો તો આપને બીજી એક ચીજ મળી શકે. એ શીખવાથી આપને વધુ એક સિદ્ધિ મળશે. પહેલી સિદ્ધિ અંદરથી મળશે જેનું નામ છે - સંતોષ. સંતોષને કારણે આપને સ્વાસ્થ્ય, ખુશી, આપનું યૌવન, દબાઈ ગયેલી અતીન્દ્રિય ક્ષમતાઓનો વિકાસ વગેરે અંદરથી મળશે.

દુનિયા પાસેથી, બહારથી શું મળશે ? બેટા, દુનિયા પાસેથી પણ એક સિદ્ધિ મળશે. દુનિયા આપને કેવી રીતે આપશે ? તમે ક્યારેય દુનિયા જોઈ છે ? મોટર સાઈકલો જ્યારે ભાગે છે ત્યારે તેની પાછળ-પાછળ પાંદડાં ઊડે છે. આપ સૌએ જોયાં છે કે નહિ ? પાંદડાંઓને કોઈ બોલાવે છે ખરું ? તે બધાં જ આડેધડ ખેંચાતાં આવે છે. અરે બાબા ! આપ ક્યાં જઈ રહ્યા છો ? અમે તો ક્યાંય જતાં નથી. આ દોડતી મોટરની સાથે જઈ રહ્યાં છીએ. મોટર કોણ છે ? તમારી માસી કે સંબંધી ? કોઈ નથી. જ્યારે એ મોટર ભાગે છે ત્યારે તેનું આકર્ષણ અમને ખેંચે છે. રેતીના કણ, ધૂળ, પાંદડાં તેની પાછળ પાછળ ભાગતાં ફરે છે. *અંદરવાળું આકર્ષણ અને* અંદરવાળું મેગ્નેટ જ્યારે વિકસિત થાય છે ત્યારે બેટા, દુનિયા આપને ભેટ આપે છે, જેનું નામ છે - સમ્માન. બહારની આ સિદ્ધિ મેળવીને આપ સમ્માનિત તથા આબરૂદાર વ્યક્તિ બની જશો.

### સમ્માન વરસશે

મિત્રો ! જે અધ્યાત્મ અમે આપને શિખવાડવાના છીએ, ખબર નથી કે તે આપ શીખશો કે નહીં અને અમે સફળ થઈશું કે નહિ, પરંતુ જો તમે શીખી લેશો, તો એક બીજી ચીજ આપને મળશે. દુનિયાની દૃષ્ટિએ આપને સમ્માન મળશે. ગુરુજી ! આમ તો સમ્માન કોઈને મળતું નથી. હા, ખુશામત જરૂર મળે છે. હા બેટા, ખુશામત તો ખરીદી પણ શકાય છે, પૈસા આપો, ખુશામત ખરીદી લો. ખુશામત આપ ગમે ત્યાંથી પણ ખરીદી લો. વિદૂષકો પાસેથી, વેશ્યા પાસેથી, ચમચાઓ પાસેથી - ગમે તેની પાસેથી ખુશામત ખરીદી લો અને પોતાનો ફોટો છપાવી લો, પરંતુ આપ જે ઈચ્છો છો, તે સમ્માન નથી. આ તો ખુશામત છે અને જ્યારે આપની ખરીદવાની તાકાત ઓછી થઈ જશે ત્યારે તેઓ નારાજ થઈ જશે. દારૂ પાનાર, પાન ખવડાવનાર, વેશ્યા પણ આવકાર આપે છે, પરંતુ પૈસા ખલાસ થઈ ગયા પછી તે પણ કાન મરડીને, લાત મારીને કાઢી મૂકે છે.

બેટા ! જેને આપ ઈજ્જત કહો છો, તે પૈસાથી ખરીદી શકાતી નથી. હું જે સમ્માનની વાત કહું છું, તે એવી ચીજ છે, જે એવા લોકો પર વરસે છે જેમને હું અધ્યાત્મવાદી કહું છું. તેમની ઉપર સમ્માન વરસે છે, શ્રદ્ધા વરસે છે અને તેનાથી જે ફાયદા થશે તેને આપ નહિ સમજી શકો.

મિત્રો ! શ્રદ્ધાની સાથે, સમ્માનની સાથે એક બીજી બાબત જોડાયેલી હોય છે, જેનું નામ છે - મદદ. શ્રદ્ધાની સાથે મદદ જોડાયેલી હોય છે. જો જનસમાજને આપના પ્રત્યે સમ્માન હશે અને શ્રદ્ધા આપની સાથે આવશે તો બેટા મદદ પણ જરૂર આવશે. નાનક પ્રત્યે શ્રદ્ધા હતી તેથી લોકોની મદદ મળી. સુવર્ણ મંદિર બન્યું છે તે તેનું સાક્ષી છે. બુદ્ધ પ્રત્યે શ્રદ્ધા પેદા થઈ અને એમના પ્રત્યે લોકોને સમ્માન જાગ્યું. રાજા અશોકે તો કમાલ જ કરી દીધી હતી. આમ્રપાલીથી માંડીને અંગુલિમાલ સુધી કોણ જાણે કેટલી વ્યક્તિઓનો સહયોગ જે રીતે મળ્યો હતો તે હું આપને શું કહું ? જ્યાં સમ્માન હશે, ત્યાં સહયોગ જરૂર મળશે.

*-ક્રમશઃ (આગલા અંકે સમાપ્ત)*

**પોતાની યોગ્યતાનું શ્રેય પોતાને જ મળે, આ પ્રવૃત્તિને કારણે કૌરવો યુદ્ધમાં પોતાની શક્તિઓનો પૂરો પ્રયોગ ન કરી શક્યા. 'મને સેનાપતિ બનાવો તો ચમત્કાર દેખાડું'નો આગ્રહ અનેક શ્રેષ્ઠ યોદ્ધાઓએ રાખ્યો. પાંડવોએ સામૂહિક પ્રવૃત્તિનો પરિચય આપ્યો. યુદ્ધની મર્યાદા માટે ધૃષ્ટદ્યુમ્નને સેનાપતિ બનાવ્યો પરંતુ બધા યોદ્ધાઓ જરૂર પ્રમાણે આગળ આવીને પોતાની વિશેષતાઓનો લાભ આપતા રહ્યા અને વિજયી બન્યા.**



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# તમને કેવી રીતે ભૂલીશું

- દ્વારિકાપ્રસાદ ચૈતન્ય

શ્રદ્ધેય પંડિત લીલાપત શર્માજીનો જન્મ સન્ ૧૯૧૨માં રાજસ્થાનમાં ભરતપુર જિલ્લામાં અંધિયારી ગામે એક સામાન્ય બ્રાહ્મણ કુટુંબમાં થયો. આર્થિક સ્થિતિ સારી ન હતી, પરંતુ પરિવારનું વાતાવરણ પૂર્ણતઃ ધાર્મિક હતું. દોઢ વર્ષની ઉંમરે માતાનો આંચલ અને દસ વર્ષની ઉંમરે પિતાનો સ્નેહ છીનવાઈ ગયા. તેમને કોઈ ભાઈ-બહેન પણ ન હતાં. પોતાની જવાબદારી પોતાના ઉપર જ આવી પડી હતી. બૌદ્ધિક પ્રખરતા, અતૂટ આત્મબળ અને દઢ નિશ્ચય જેવા ગુણોના કારણે પોતાની શ્રમશીલતા અને સત્યનિષ્ઠાના બળે નાનકડી નોકરી મળી ગઈ. પ્રગતિ કરતાં કરતાં ઉચ્ચ અધિકારીના પદે નિયુક્ત થયા. વહીવટ અને વ્યાપારમાં પૂજ્ય પંડિતજીને વિશેષ સમ્માનિત સ્થાન મળ્યું. પૂજ્ય પંડિતજી કહેતા હતા - ''જેઓ આદર્શો અને સિદ્ધાંતો પર ચાલે છે, તેમની પાછળ સમ્માન ચાલે છે.''

### બ્રાહ્મણત્વનો બોધ :

પૂજ્ય પંડિતજીને બાળપણથી જ પોતે બ્રાહ્મણ હોવાની જાણ હતી અને બ્રાહ્મણનું યજ્ઞોપવીત થવું એ તેઓ જરૂરી સમજતા હતા. તે સમયે યજ્ઞોપવીત કરાવવાનું ખૂબ ખર્ચ થતું હતું. તે વખતે સ્વતંત્રતા આંદોલનના સંદર્ભમાં પંડિત રેવતીશરણ ભરતપુર આવ્યા. પૂજ્ય પંડિતજીએ સાહસ કરીને તેમને મનની વ્યથા કહી નાખી. બીજા દિવસે તેમણે પંડિતજીનો યજ્ઞોપવીત સંસ્કાર કરાવ્યો અને ગાયત્રી મંત્રની દીક્ષા આપતાં ત્રણ શીખ આપી.

પ્રથમઃ શ્રમશીલતા અર્થાત્ શ્રમ એક દેવતા છે, એની સતત આરાધનાથી જીવન ધન્ય બની જાય છે.

બીજીઃ સત્યનિષ્ઠા અને કર્તવ્યપરાયણતા અર્થાત્ ઈમાનદારી સાથે પોતાની જવાબદારીઓનું પાલન કરવાથી વ્યક્તિનું સર્વત્ર સમ્માન થાય છે. આ જ સર્વશ્રેષ્ઠ નીતિ છે.

ત્રીજીઃ પ્રતિભાવૃદ્ધિ તથા નિયોજન. અર્થાત્ પોતાની યોગ્યતા સતત વધારતા રહી સત્કાર્યોમાં નિયોજિત કરતા રહેવું જોઈએ.

### પૂજ્ય પંડિતજીની ઉદારતા :

પૂજ્ય પંડિતજીએ સંપૂર્ણ ધ્યાન વ્યાપારમાં લગાવી દીધું અને નદવઈમાં મિલ સ્થાપવા માટે ઘણી જમીન ખરીદી. એ દરમિયાન દેશ સ્વતંત્ર થયો. પાકિસ્તાનથી આવેલ શરણાર્થીઓની વ્યથા-વેદનાથી પંડિતજીની આંખો દ્રવી ઊઠી. એમણે પોતાની સંપૂર્ણ જમીન શરણાર્થીઓને આપી દીધી અને તેમના ભોજનની વ્યવસ્થા પણ કરી. આજે ત્યાં સિંધીઓની સારી કોલોની વસેલી છે.

### ઔદ્યોગિક ક્ષેત્રમાં પ્રવેશ :

પૂજ્ય પંડિતજી નદવઈથી પોતાનો કારોબાર સમેટીને ડબરા (ગ્વાલિયર) આવી પહોંચ્યા. તેમની શ્રમશીલતા અને સત્યનિષ્ઠાથી સફળતા તેમની આગળ આગળ ચાલતી રહી અને તેમને ડબરાની ચોખાની મિલોના સંગઠનના અધ્યક્ષપદે લાવીને બેસાડી દીધા.

### ગુરુસત્તા સાથે સાક્ષાત્કાર :

અમારા મોટાભાઈ સન્ ૧૯૪૪થી અખંડ જ્યોતિના સભ્ય હતા. અમે પણ સન્ ૧૯૫૨માં અખંડ જ્યોતિ વાંચીને પૂજ્ય ગુરુદેવના વિચારોથી ખૂબ પ્રભાવિત થયા. તે જ સમયે ગાયત્રી મંદિરના નિર્માણ માટે પોતાના ખિસ્સાખર્ચમાંથી બચત કરીને એક રૂપિયો અનુદાન મોકલ્યું. જૂન ૧૯૫૬માં પંચકુંડી યજ્ઞનો સંકલ્પ લીધો. મિશનનું સાહિત્ય અને અખંડ જ્યોતિ સમાજમાં પ્રતિષ્ઠિત એવા પૂજ્ય પંડિતજીને અમે આપતા હતા. તેમને યજ્ઞમાં સહભાગી થવા માટે પણ આમંત્રિત કર્યા. જન સહયોગમાં અમને ફક્ત ચોવીસ રૂપિયા પ્રાપ્ત થયા, તો નિરાશા થઈ. પૂજ્ય પંડિતજીને મળ્યા તો એમણે ઉદ્યોગપતિઓ પાસેથી સહાયતા અપાવીને તરત યજ્ઞની વ્યવસ્થા કરાવી આપી. યજ્ઞમાં આવેલ પરમપૂજ્ય ગુરુદેવ સાથે અમે તે સમયે પંડિતજીનો પરિચય કરાવ્યો. પંડિતજી પૂજ્ય ગુરુદેવની સરળ, સાત્ત્વિક રહેણીકરણીથી અત્યંત પ્રભાવિત થયા અને તેમણે એક સાચા સંતના દર્શન કરી પોતાનું જીવન ધન્ય માન્યું. સાંજે પરમપૂજ્ય ગુરુદેવના ઉદ્બોધન દ્વારા તેમણે ગુરુદેવને એક સાચા સમાજસુધારક અને યુગદષ્ટાના રૂપમાં જાણ્યા. પરમપૂજ્ય ગુરુદેવ દ્વારા આયોજિત જાતીય સંમેલનમાં પંડિતજી ગાયત્રી તપોભૂમિ, મથુરા આવ્યા. આ આયોજનમાં ગુરુદેવે



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

ઉપજાતીય પ્રથાની સમાપ્તિ, આદર્શ લગ્ન અને ઝોલા પુસ્તકાલય ચલાવવા પર ઘણો ભાર મૂક્યો. પંડિતજી ડબરા આવીને શ્રીરામના હનુમાનની જેમ પોતાની જવાબદારી નિભાવવામાં લાગી ગયા. સાપ્તાહિક ગાયત્રી યજ્ઞ, સત્સંગ, ગોષ્ઠિ અને જન્મદિવસ સંસ્કાર ઉજવવા જેવા કાર્યક્રમની શરૂઆત કરી દીધી. ઉપજાતિ પ્રથાને સમાપ્ત કરી લગ્નસંબંધ કરાવ્યા. મલકાને હિંદુઓ અને ધર્મ પરિવર્તિત જાટવો અને મુસલમાનોને સનાતન ધારા સાથે જોડવાનું અભૂતપૂર્વ કાર્ય કર્યું, જેથી જાટવોનો એક ઘણો મોટો સમુદાય મુસલમાન બનવામાંથી બચી ગયો. પૂજ્ય ગુરુદેવ પત્રો દ્વારા પંડિતજીને પ્રેરણા તથા પ્રોત્સાહન આપતા રહ્યા. આ પત્રોને 'પત્ર-પાથેય' નામના ગ્રંથમાં પ્રકાશિત કરવામાં આવ્યા છે. એક પત્રમાં ગુરુદેવે તેમને લખ્યું - ''અમે અમારું સ્થાન ખાલી કરી રહ્યા છીએ. તેની પૂર્તિ આપે કરવાની છે. ગાયત્રી પરિવારનું કામ મોટું છે. તે આજ સુધી અમે સંભાળતા રહ્યા છીએ. હવે તે આપે સંભાળવાનું છે. તેથી હાલની જવાબદારી બીજાના ખભે નાખવાની જ છે. આ ખભા ખૂબ મજબૂત હોવાં જોઈએ. અમે આપનામાં એવી મજબૂતાઈ જોઈ રહ્યા છીએ.''

પૂજ્ય પંડિતજીએ યુગનિર્માણ યોજના, પ્રજ્ઞા અભિયાન, યુગ શક્તિ ગાયત્રીનું સંપાદન તથા અનેક પુસ્તકોનું લેખન અને સંપાદન કર્યું. પૂજ્ય પંડિતજીએ તેમના પુસ્તક ''પૂજ્ય ગુરુદેવનાં માર્મિક સંસ્મરણો''માં લખ્યું છે, ''હવે અમે વિચાર્યું છે કે અત્યાર સુધી અમે ગુરુદેવ સાથે પત્રવ્યવહાર કરતા હતા, તો હવે મથુરા જઈને ગુરુદેવ-માતાજીનાં દર્શન કરવાં જોઈએ. અમે મથુરા આવ્યા. કાર્યકર્તાઓએ જણાવ્યું કે ગુરુદેવ કોઈ કામથી બહાર ગયા છે. વંદનીય માતાજીને જાણ થઈ તો એમણે અમને ઉપર બોલાવ્યા. અમે માતાજીના ચરણસ્પર્શ કરી તેમની પાસે બેસી ગયા. માતાજીએ બધા બાળકો તથા પરિવારની કુશળતા પૂછી. ચા પિવડાવી અને ભોજન કરાવ્યું. અમે વાસણ ઉઠાવીને સાફ કરવા કરવા નીકળ્યા, તો માતાજીએ અમારા હાથમાંથી થાળી લઈ લીધી. માતાજીએ કહ્યું, બેટા ! એ બતાવ કે થાળી મા માંજે છે કે દીકરો. બેટા ! હું તારી મા છું, તું મને ભૂલી ગયો છે. માતાજીએ આ શબ્દો મને કહ્યા તો મારી આંખોમાંથી અશ્રુધારા વહેવા લાગી. દોઢ વર્ષની ઉંમરે જ મારી માતાનો સ્વર્ગવાસ થઈ ગયો હતો. કોઈ માતાએ મને આવા શબ્દો કહ્યા ન હતા. માતાજીએ અમારું મગજ જ બદલી નાંખ્યું.''

### પત્રો દ્વારા માર્ગદર્શન :

પૂજ્ય પંડિતજી સન્ ૧૯૬૭માં મથુરા આવી ગયા. હવે પૂજ્ય પંડિતજીના પત્રો અમને તથા બીજા કાર્યકર્તાઓને સતત માર્ગદર્શન આપતા રહ્યા, જેથી અમારું મનોબળ અને કાર્યક્ષમતા વધતાં રહ્યાં. આ પત્રો અમારા માટે જ નહિ, બધા ભાવનાશીલ કાર્યકર્તા ભાઈબહેનો માટે પ્રેરણાદાયક છે. એ બધા પત્રો હવે ઉપલબ્ધ નથી. કેટલાક પત્રોના અંશ અહીં આપી રહ્યા છીએ. પૂજ્ય ગુરુદેવના પત્રોએ અમને મિશન પ્રત્યે સમર્પણ માટે પ્રેરિત કર્યા. મહાપૂર્ણાહુતિની સ્મરણિકામાં પૃષ્ઠ ૮૯ પર એક પત્ર છપાઈ ગયો છે. પંડિતજીના પત્રો આગામી પેઢી માટે પ્રેરણા પ્રદાન કરશે. પંડિતજીએ અમને તા. ૨૦-૧૧-૬૮ના પત્રમાં લખ્યું, ''આપની સાથે કોઈ ગમે તેવો વ્યવહાર કરે, આપે દરેક સ્થિતિમાં સારા વિચારો રાખવા જોઈએ. કર્તવ્યપરાયણ મનુષ્ય હંમેશાં પોતાના કર્તવ્યને જ ધ્યાનમાં રાખે છે.'' જ્યારે અમે ડબરામાં કામ કરતા હતા ત્યારે અમારું મન હતું કે પૂજ્ય ગુરુદેવના વિચારોને સંકલિત કરી એક પુસ્તકના રૂપમાં પોતાના નામથી છપાવીએ. પંડિતજી પાસે માર્ગદર્શનની ઈચ્છા જાહેર કરી તો ૧૯૬૨માં એમણે લખ્યું, ''આપ અત્યારે અખંડ જ્યોતિ માસિકનો જ વધુમાં વધુ પ્રચાર કરો. એના કરતાં સારા વિચારો ક્યાંય મળતા નથી. તેને જ સ્વયં વાંચો અને તેના પર અમલ કરો. બીજાઓને પણ વંચાવવાનો પ્રયત્ન કરો. નામના ચક્કરમાં પડવું યોગ્ય નથી.''

તા. ૧૬-૪-૬૯ના રોજ ઓરિસ્સાથી અમને પંડિતજીએ પત્રમાં લખ્યું, ''દેશમાં ખૂબ પ્રચાર ચાલી રહ્યો છે. ખૂબ જાગૃતિ આવી છે. આપે બતાવેલ કાર્ય જ કરી રહ્યો છું. મારો અને આપનો પૂર્વજન્મનો સંબંધ છે. અમે અને આપ એકસાથે હતા, આપને યાદ નથી, મને બહુ સારી રીતે યાદ છે. પહેલાં અમે અને આપ એક જ પરિવારમાં હતા. આપના કારણે જ ડબરા આવવું પડ્યું. વિચાર એવો હતો કે આપ મથુરા આવત અને હું આપનાં બાળકોને સંભાળત, પરંતુ ઊલટું થઈ ગયું. મારે મથુરા આવવું પડ્યું . કાર્ય સારું ચાલી રહ્યું છે. પૂજ્ય ગુરુદેવની બહુ કૃપા છે. મારું તો જીવન સફળ થઈ ગયું. આ બધું આપની કૃપા છે.'' અમે પંડિતજીની આત્મીયતા અને સ્નેહ પામી પોતાના આત્મામાં તેમને


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

પિતા સમાન સ્વીકારી લીધા. ઈશ્વરની કૃપાથી અમારો આ સંબંધ જીવનભર નભી પણ ગયો. વંદનીય માતાજીએ પણ તા. ૨૮-૨-૮૬ના પત્રમાં અમને લખ્યું, ''પંડિતજી ગાયત્રી તપોભૂમિના સંરક્ષક અને તમારા સૌના માતાપિતા છે. તેમની આજ્ઞાઓ અમારી આજ્ઞાઓ માનીને પૂરી કરો. એનાથી ગાયત્રી તપોભૂમિ દિવસે દિવસે પ્રગતિ કરતી જશે.'' તા. ૮-૬-૮૬ના રોજ વંદનીય માતાજીએ લખ્યું, ''પંડિતજી તમારા માતાપિતા સમાન છે, તેમના સંરક્ષણમાં કામ કરો. તમારા માટે આ હિતકર જ રહેશે.''

પંડિતજીએ સન ૧૯૬૫માં અમને લખ્યું, ''અમારો આત્મા હવે નોકરી કરવાથી રોકે છે. એવો વિચાર આવે છે કે હવે મકાન વેચી નાખવું જોઈએ અને સેવાકાર્ય અપનાવી લેવામાં આવે, કેમ કે જો બીજી જગ્યાએ પણ નોકરી કરીશું તો ત્યાં પણ પાપ જ કરવાં પડશે. હવે કોઈ પણ ખોટું કાર્ય કરવા માટે આત્મા સાથ આપતો નથી.'' એક પત્રમાં પંડિતજી લખે છે, ''પરમપૂજ્ય પ્રાતઃસ્મરણીય ગુરુજીના વિચારો વાંચીને આત્મા ઊછળે છે. જો અત્યારે આગ લાગી રહી હોય તો અત્યારે જ બુઝાવવી પડશે. આપણે કહીએ કે બે વર્ષ બાદ બુજાવીશું તો એ અમને યોગ્ય લાગતું નથી. હવે કામ કરવાનો સમય છે. ગુરુજીના વિચારો પર જ સંસારે ચાલવું પડશે. જો નહિ ચાલે તો નહિ રહે સંસાર કે નહિ રહે વ્યક્તિ. જ્યારે ઈશ્વરે આવો મોકો આપ્યો છે, તો પછી કાદવમાં ફસાવાથી શું થશે ? આપનો પત્ર જ્યારે પણ વાંચુ છું ત્યારે આંખોમાં આંસુ આવી જ જાય છે. આપનો બહુ પ્રેમ છે.''

તા. ૫-૫-૬૮ના રોજ ગાયત્રી તપોભૂમિથી પંડિતજીએ લખ્યું, ''આપની કૃપાથી હું તો સ્વર્ગમાં જ આવી ગયો છું અને ઈશ્વરની કૃપાથી થોડોક જ સમય આર્થિક તંગી રહેશે. એક વર્ષમાં રામનું કામ સારી રીતે ચાલે એવી પૂર્ણ આશા છે. આમ પ્રલોભનો તો ઘણાં આવ્યાં. બધાને ઠુકરાવી દીધાં. શેષ જીવન એમના જ વિચારોના પ્રસારમાં લગાડવાનું છે. આવો નિશ્ચય છે. હવે ક્યાંય જવું નથી. ભગવાનની પૂર્ણ કૃપા છે. આ બધું આપે જ બતાવેલ રસ્તાનો આનંદ લઈ રહ્યો છું. આપને વારંવાર ધન્યવાદ આપતો રહીશ.''

તા. ૧૯-૩-૬૯ના પત્રમાં અમને પ્રોત્સાહન આપતાં પંડિતજીએ લખ્યું છે, ''આ મિશન મહાત્મા ગાંધીની જેમ ફેલાવાનું છે. જે કોઈ થોડી પણ પરમાર્થની ભાવના રાખશે, તેનું જીવન સફળ થશે. જે હિંમત નહિ બતાવે તે પસ્તાશે. મિશનને આપ જેવી વ્યક્તિઓની ખૂબ જરૂર છે. પરમાર્થપરાયણ જીવન થોડી મુશ્કેલીઓથી ભરેલું જરૂર હોય છે. શારીરિક સુખોને ભુલાવવું જ પડે છે. આપ પણ પોતાની મનોભૂમિને એવી રીતે તૈયાર કરી રાખો, કેમ કે મિશનને આપની ગમે ત્યારે જરૂર પડી શકે છે. થોડી હિંમત રાખવાથી બધા કાર્યો પૂરાં થઈ જાય છે. જેમણે ત્યાગ અને બલિદાન કર્યાં છે, તેઓ જ આજે અમર છે. પૂજ્ય ગુરુદેવ પછી આ કાર્ય આપણે બધાએ કરવાનું છે.''

પૂજ્ય પંડિતજીના આ પ્રકારના અનેક પ્રેરણાપ્રદ પત્રોથી અમારું મનોબળ વધતું રહ્યું અને માર્ગદર્શન મળતું રહ્યું. બધા ભાઈબહેનોને આ પત્રો મનોબળ, પ્રેરણા અને માર્ગદર્શન આપતા રહે એ ઉદ્દેશ્યથી પત્રોના આ અંશો પ્રકાશિત કર્યા છે.

### પૂજ્ય ગુરુદેવની દૃષ્ટિમાં :

ઓગસ્ટ ૧૯૬૭ની યુગ નિર્માણ યોજનામાં પૂજ્ય ગુરુદેવે પંડિતજી વિશે લખ્યું, ''હવે જ્યારે અમારો કાર્યકાળ સમાપ્ત થઈ રહ્યો છે ત્યારે એવી વ્યક્તિઓની જરૂર હતી જેઓ પોતાની ઉચ્ચ આંતરિક સ્થિતિના આધારે આ ભારે બોજને પોતાના ખભે ઉપાડી શકે અને જે મહાન મિશનની મશાલ પ્રગટાવવામાં આવી તેને પૂરી જવાબદારી સાથે પોતાના હાથોમાં સંભાળીને રાખી શકે. આપણો સંપૂર્ણ પરિવાર શ્રી લીલાપત શર્માથી પરિચિત છે. તેઓ ગાયત્રી તપોભૂમિના ટ્રસ્ટી છે. કેટલીય મોટી મોટી મિલોના સફળ મેનેજર પણ રહી ચૂક્યા છે અને ઉચ્ચ વેતન પ્રાપ્ત કરતા રહ્યા છે. હવે એમણે એ સમ્માનિત અને લાભદાયક પદને ઠોકર મારીને પોતાનું ભાવિ જીવન યુગનિર્માણ માટે સમર્પિત કરી દીધું છે. વેતનની બચત કરેલી રકમ, જે તેમના આદેશાનુસાર બતાવી શકાતી નથી, પરંતુ હજારોની સંખ્યામાં છે તે લાવીને આ મિશન માટે સમર્પિત કરી દીધી છે. એમની સચ્ચરિત્રતા, પ્રતિભા, સજ્જનતા, સદ્ભાવના તથા સક્રિયતા એવી ઉત્કૃષ્ટ છે કે તેની આગળ કોઈનું પણ મસ્તક શ્રદ્ધાથી ઝૂકી જાય છે.''

### પૂજ્યવરની વિદાય પછી :

૨૦ જૂન ૧૯૭૧ના વિદાય સમારોહના ઉદ્બોધનમાં પૂજ્ય ગુરુદેવે પંડિતજીને પોતાના સંગઠનાત્મક વારસદાર તરીકે ઘોષિત કર્યા અને બધાને તેમને મોટા ભાઈ માનવાનો નિર્દેશ કર્યો. પૂજ્ય


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

ગુરુદેવની વિદાય પછી ગાયત્રી તપોભૂમિની વ્યવસ્થા તથા પ્રગતિ માટે પંડિતજી પ્રબળ સંઘર્ષ કરતા રહ્યા. ગાયત્રી તપોભૂમિથી યજ્ઞ શૃંખલાને સંપન્ન કરાવવા માટે ટોળીઓ મોકલવામાં આવી તથા વિવિધ પ્રકારનાં સત્રોનું આયોજન પણ કરવામાં આવ્યું. નવી સુસજ્જિત યજ્ઞશાળા, યુગ નિર્માણ વિદ્યાલય અને ભોજનાલયનું નિર્માણ થયું. તે પછી પ્રજ્ઞાનગરનું નિર્માણ પણ થયું. પ્રકાશન માટે આધુનિક પ્રેસ અને મશીનો વગેરે ગોઠવવામાં આવ્યાં. ગાયત્રી તપોભૂમિનું રજત જયંતી વર્ષ ૧૯૭૮માં સમગ્ર દેશમાં ઉજવવામાં આવી રહ્યું હતું કે યમુનામાં પૂર આવ્યું અને તપોભૂમિનો એક માળ પાણીમાં ડૂબી ગયો. ભીષણ નુકસાન થયું. એવું લાગ્યું કે નવેસરથી બધી વ્યવસ્થા કરવી પડશે. પૂજ્ય પંડિતજી પોતાના સાહસ અને પ્રચંડ પુરુષાર્થથી કાદવમાં ફસાયેલી વ્યવસ્થા ફરીથી શરૂ કરવામાં સફળ થઈ શક્યા.

પરમપૂજ્ય ગુરુદેવના મહાપ્રયાણ બાદ શ્રદ્ધાંજલિ સેટના રૂપમાં ત્રણસો પુસ્તકો સદ્જ્ઞાન ગ્રંથમાળાના નામે પ્રકાશિત કરાવ્યાં. અશ્વમેઘ યજ્ઞોમાં પૂજ્ય પંડિતજીએ વિરાટ જ્ઞાનયજ્ઞ કાર્યક્રમ જોડી દીધો અને બ્રહ્મભોજ સાહિત્ય અંતર્ગત કરોડો રૂપિયાનાં પુસ્તકો અડધી કિંમતે ઘેર ઘેર પહોંચાડ્યાં. વંદનીય માતાજીની શ્રદ્ધાંજલિ રૂપે ૧૦૮ નવાં પુસ્તકો માતૃસત્તા શ્રદ્ધાંજલિ પુસ્તકમાળા અંતર્ગત પ્રકાશિત કરવામાં આવ્યાં. પૂજ્ય પંડિતજીએ "પ્રજ્ઞાવતાર અમારા ગુરુદેવ", "યુગઋષિનું અધ્યાત્મ યુગઋષિની વાણીમાં", "ધર્મતંત્રને વિકૃતિઓથી બચાવીએ", "યજ્ઞપિતા ગાયત્રી માતા", "કર્મકાંડ કેમ અને કેવી રીતે" વગેરે પુસ્તકો લખ્યાં. પૂજ્ય પંડિતજીએ સન્ ૧૯૯૭માં ગાયત્રી જયંતી પર શાંતિકુંજ, હરિદ્વારથી આવેલ પરમપૂજ્ય ગુરુદેવ તથા વંદનીય માતાજીના પ્રતીક પ્રખર પ્રજ્ઞા-સજલ શ્રદ્ધાની પ્રાણપ્રતિષ્ઠા કરાવી અને તે જ દિવસે સાત આંદોલનોની ઘોષણા પણ કરી.

જ્ઞાનયજ્ઞને વ્યાપક બનાવવા માટે શ્રીરામ ઝોલા પુસ્તકાલય, માતા ભગવતી સ્વચાલિત પુસ્તકાલય, ગાયત્રી જ્ઞાનયજ્ઞ યોજના, પ્રજ્ઞા લઘુ પુસ્તકમાળા, યુગ ચેતના સાહિત્ય, સ્ટીકર આંદોલન, પત્રાચાર પાઠ્યક્રમ વગેરે યોજનાઓના માધ્યમથી પૂજ્ય પંડિતજીએ ભગીરથ પ્રયાસ કર્યા. તેમના પ્રયાસોથી યુગ નિર્માણ યોજના માસિકનો વિસ્તાર છ ગણો થઈ ગયો અને પ્રજ્ઞાપુરાણ કથાને જ્ઞાનયજ્ઞના વિસ્તારનું માધ્યમ બનાવવામાં આવ્યું. યુગસેનાની રચના કરાવીને સાતેય આંદોલનોને ગતિ આપી. પૂજ્ય પંડિતજી ગાયત્રી તપોભૂમિના વ્યવસ્થાપક, યુગ નિર્માણ યોજના ટ્રસ્ટના પ્રબંધ ટ્રસ્ટી તથા યુગ નિર્માણ યોજના માસિકના સંપાદકનો કાર્યભાર સંભાળતા રહ્યા. પૂજ્ય પંડિતજીની ઈચ્છા હતી કે ગાયત્રી તપોભૂમિમાં ગાયત્રી મંદિરમાં જ્યાં ગુરુદેવ અને માતાજીનાં ચિત્ર સ્થાપિત છે, ત્યાં મૂર્તિઓ સ્થાપવામાં આવે. મૂર્તિઓ તૈયાર થઈ ગઈ છે. પૂજ્ય પંડિતજીની ઈચ્છા મુજબ એક વિશેષ સમારંભમાં તેમની પ્રાણપ્રતિષ્ઠા થવાની છે. ગાયત્રી જયંતી ૨૦૦૩માં ગાયત્રી તપોભૂમિની સ્થાપનાનાં પચાસ વર્ષ પૂરાં થઈ જશે. તેથી પૂજ્ય પંડિતજીએ ગાયત્રી જયંતી ૨૦૦૨થી ગાયત્રી જયંતી ૨૦૦૩નું વર્ષ સુવર્ણજયંતીના રૂપમાં ઉજવવાની ઘોષણા કરી અને યુગ નિર્માણ યોજના, જૂન ૨૦૦૨નો અંક સુવર્ણ જયંતી વર્ષ વિશેષાંકના રૂપમાં પ્રકાશિત કરવામાં આવ્યો. શ્રદ્ધેય પંડિતજી એક શ્રેષ્ઠ વક્તા પણ હતા. ક્ષેત્રીય સંમેલનોમાં તેમને પરમપૂજ્ય ગુરુદેવનું સાંનિધ્ય મળ્યું. પંડિતજી તેમની સરળ સુબોધ ભાષામાં ઓજસ્વી વાણીમાં પ્રવચન કરતા હતા અને શ્રોતાઓને ખૂબ હસાવતા, રડાવતા, ધમકાવતા અને ભરપૂર પ્રોત્સાહન આપી પોતાની વાતને તેમના અંતઃકરણમાં સારી રીતે ઠસાવી દેતા હતા. આજે પણ તેમની વાણીના અંશો વારંવાર કાનમાં ગૂંજતા રહે છે, જેને આપણે ક્યારેય ભૂલી નહિ શકીએ.

પૂજ્ય પંડિતજીનું સ્થૂળ શરીર ૧૪ મે, ૨૦૦૨ના દિવસે પંચતત્ત્વમાં વિલિન થઈ ગયું. આ ઘટનાથી સંપૂર્ણ ગાયત્રી પરિવારને ઊંડો આઘાત લાગ્યો છે. તેઓ આપણા સંરક્ષક અને વાલી હતા. બધાં પરિજનોને તેમનું સંરક્ષણ તથા આશીર્વાદ મળતા રહેતા હતા. પૂજ્ય પંડિતજી નથી રહ્યા તો તેમના માટે આપણી સાચી શ્રદ્ધાંજલિ એ જ હોઈ શકે છે કે આપણે પૂજ્ય પંડિતજીનાં અધૂરાં કાર્યોને પૂરાં કરીએ અને તેમના આદેશ મુજબ પરમપૂજ્ય ગુરુદેવને સાહિત્યના રૂપમાં ઘેર-ઘેર પહોંચાડવામાં પોતાના સમય, શ્રમ તથા ધનનો એક અંશ સતત લગાવતા રહીએ. જ્ઞાનયજ્ઞની લાલ મશાલને પોતાના સ્નેહથી સતત પ્રજ્જવલિત રાખીએ.



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

## આત્મીય અનુરોધ — સુવર્ણજયંતી ગાયત્રી મહામંત્ર લેખન અભિયાન

આજે મહાવિનાશ અને મહાસર્જન સામસામે ઊભા છે. સામૂહિક માનવીય ચેતનાએ એમાંથી એકની પસંદગી કરવી પડશે, એવી ચેતના કે જેનું પ્રતિનિધિત્વ જાગૃત અને વરિષ્ઠ પ્રતિભાઓ કરતી રહે છે, એવી પ્રતિભાઓ જે પ્રામાણિકતા અને પ્રખરતાથી સુસંપન્ન હોય. વિસ્ફોટક ગતિએ વધતી જનસંખ્યા, ખાદ્ય અને ખનિજ પદાર્થોમાં સતત થઈ રહેલો ઘટાડો, વધતું વાયુ પ્રદૂષણ, જળ પ્રદૂષણ, અણુ વિકિરણ, જંગલોનો નાશ, ધરતીની ઉપજાઉ પડોનું ઘસાતા જવું અને રસાયણોની વિપુલતાથી તેની ઊપજશક્તિનો નાશ, વધતા શહેરો અને ઘટતા ગામો, ઔદ્યોગિકરણના કારણે બેરોજગારી, વ્યભિચાર જેવી દુષ્પ્રવૃત્તિઓ, લોભ, મોહ, વિલાસ અને પ્રદર્શનથી ભરપૂર સંકુચિત સ્વાર્થીપણું, કુપ્રથાઓ પ્રત્યે અંધવિશ્વાસ જેવી અનેક સમસ્યાઓ આજે તોફાની ગતિએ આવી રહી છે. તેમની વધતી તોફાની દિશાધારા માનવી ગરિમાને પોતાના પ્રભાવમાં ઘસડી જઈ શકે છે અને મહાપ્રલયના દશ્ય ઉપસ્થિત કરી શકે છે. ધરતીનું વધતું તાપમાન, જળ પ્રલય, હિમ પ્રલય, પ્રચંડ તાપ, ભૂખમરો, દુકાળ, મહામારી જેવા સ્તરના સંકટ ઉત્પન્ન કરી શકે છે, જેમાં માનવી સભ્યતાનું નામનિશાન પણ નહિ રહે. સંપૂર્ણ વિશ્વમાં હાહાકાર મચેલો છે. પાછલા નાના-મોટા યુદ્ધોના પરિણામ જોઈને પણ ત્રીજા વિશ્વયુદ્ધની તરસ શાંત થઈ નથી. યુદ્ધનું ગાંડપણ અણુશસ્ત્રોનો ખડકલો ઊભો કરવા માટે ઉત્સુક છે. જો આ યુદ્ધ થયું તો ધરતી પર કદાચ એક પણ જીવધારી નહિ બચે. જો આવું ન થયું તો પણ અણુકચરો અને વિકિરણથી જ સામાન્ય જનતા અર્ધમૃત બનવા જેવી સ્થિતિ પેદા થઈ શકે.

કોઈ પણ શક્તિ કે સાધનનો દુરુપયોગ ખરાબ હોય છે. મર્યાદાઓ તૂટશે અને અનિચ્છનીયતાઓનું ઉલ્લંઘન તીવ્ર ગતિએ થશે તો તેના પરિણામ યથાવત્ જ હોઈ શકે છે. એવું જ થઈ પણ રહ્યું છે. સમસ્યાઓ, વિભીષિકાઓ અને વિપત્તિઓની સંખ્યા વધી રહી છે. પતન અને પરાભવનો ક્રમ જે ઝડપથી ગતિ પકડી રહ્યો છે, તે જોતાં આગામી દિવસોની ભયંકરતામાં કોઈ શંકા રહેતી નથી.

મનુષ્યનું ચિંતન, ચરિત્ર અને વ્યવહાર વ્યક્તિ તથા સમાજને પ્રભાવિત તો કરે જ છે, પરંતુ સૂક્ષ્મ જગત પણ તેનાથી બાકાત રહેતું નથી. વિકૃત ચિંતન અને ભ્રષ્ટ ચરિત્ર સૂક્ષ્મ જગતના અદશ્ય વાતાવરણને પ્રદૂષણથી ભરી દે છે. પ્રકૃતિની સરળ સ્વાભાવિકતા બદલાઈ જાય છે અને તે નારાજ થઈને દૈવી વિપત્તિઓ વરસાવવા લાગે છે. આજે અતિવૃષ્ટિ, અનાવૃષ્ટિ, પૂર, દૂકાળ, ભૂકંપ જેવી વિપત્તિઓ વિશાળ ક્ષેત્રોને પ્રભાવિત કરી રહી છે. શારીરિક જ નહિ માનસિક રોગોમાં પણ વધારો થઈ રહ્યો છે. માનવી સદ્ભાવના અને વ્યક્તિત્ત્વના સ્તરનું ખૂબ જ પતન થઈ રહ્યું છે. જે લોકો આ પરિસ્થિતિઓમાં સુધાર કરવાની સ્થિતિમાં છે, તેમનામાં પણ આ કર્તવ્યો પ્રત્યે જરૂરી ઉત્સાહ રહ્યો નથી. સદુપયોગથી એ જ શક્તિઓ સુખસગવડતા યુક્ત સ્વર્ગીય વાતાવરણ બનાવી શકે છે. દુરુપયોગ તો નરક સિવાય કશું જ બનાવી નહિ શકે.

જો આ પ્રવાહ ઊલટાવવામાં નહિ આવે તો એવી સ્થિતિ પણ આવી શકે છે, જેને પ્રલય સમાન ગણાવી શકાય. અંતરિક્ષનું વધતું તાપમાન ધ્રુવ પ્રદેશોનો બરફ પિગળાવીને જળપ્રલય જેવી સ્થિતિ ઉત્પન્ન કરી શકે છે. અસંતુલનના બીજા પક્ષના કારણે હિમ પ્રલયની સંભાવનાઓ વિશેષજ્ઞો દ્વારા વ્યક્ત કરવામાં આવી રહી છે. ધરતીના અંતરિક્ષ કવચ એવા ઓઝોનનું પડ નબળું પડીને ફાટી ગયું તો બ્રહ્માંડના કિરણો ધરતીના જીવનને ભૂતકાળનો વિષય બનાવી શકે છે. આ બધું બીજું કોઈ નહિ પણ મનુષ્યની એવાં કાર્યોની પ્રક્રિયા છે, જે પાછલી બે સદીઓમાં વિનાશનો ઉપક્રમ અપનાવીને મહાવિનાશને આમંત્રણ આપી રહી છે.


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

સ્રષ્ટા આવું નહિ થવા દે. એણે આ ધરતીને, તેની પ્રકૃતિને સંપદાને અને માનવી સત્તાને ખૂબ પ્રેમથી સંભાળી છે. સૃષ્ટિના આરંભથી માંડીને અત્યાર સુધી અનેક વખત અનેક પ્રકારની વિકટ પરિસ્થિતિઓ આવી છે, તેમને ટાળી શકનારાઓએ સમય રહેતાં દૂર કરી છે અને ઊંધી દિશામાં વહેતા પ્રવાહને વાળી સીધો કર્યો છે ''યદા યદા હિ ધર્મસ્ય''નું વચન વખતોવખત પૂર્ણ થતું રહ્યું છે અને હવે પણ તે પૂર્ણ થઈને રહેશે. તે જ થવા જઈ રહ્યું છે, તેથી સતર્કતા રાખીને પણ નિરાશ થવાની આવશ્યકતા નથી.

વ્યાપી ગયેલી અસુરતા પણ જો તેના વિનાશની ઘડી જોઈને સંપૂર્ણ શક્તિ સાથે હુમલો કરે તો નવાઈ નથી. પ્રાચીનકાળમાં પણ જ્યારે અસુરોએ તેમની દુષ્ટતા ખતમ થતી જોઈ ત્યારે તેમણે દેવત્વ પર બધી શક્તિ સાથે આક્રમણ કર્યું. યુગસંધિની વેળામાં આવું જ થાય છે, તેથી કોઈ આશ્ચર્યની બાબત નથી. દેવતાઓની સંયુક્ત શક્તિથી અસુર નિકંદિની દુર્ગાનો અવતાર થયો હતો. એમને સંઘશક્તિ પણ કહેવામાં આવે છે. ઋષિઓનું લોહી ભેગું કરીને ઘડો ભરવામાં આવ્યો, જેથી સીતા ઉત્પન્ન થઈ, જેણે લંકાની અસુરતાનો નાશ કરવામાં મહત્ત્વની ભૂમિકા નિભાવી. સમુદ્ર પર સેતુ બનાવવાનું ભયંકર રાક્ષસોનો નાશ કરવાનું અને રામરાજ્યનું સતયુગી વાતાવરણ બનાવવાનું કાર્ય રીંછ-વાનરોની સેના દ્વારા જ શક્ય બન્યું. એ પુણ્ય પ્રયોજનમાં ગીધ અને ખિસકોલી જેવા પ્રાણીઓએ પણ ફાળો આપ્યો. બુદ્ધના ધર્મચક્ર પ્રવર્તને સંસારને હચમચાવી નાખ્યું. આ પુરુષાર્થ ભિક્ષુ અને ભિક્ષુણીઓના સત્પ્રયાસનો જ હતો. ગાંધીના સત્યાગ્રહો જ ખોવાઈ ગયેલી આઝાદી પાછી લાવવામાં સમર્થ બન્યા. યુગસંધિના બેવડા મોરચે લડવાનું વરિષ્ઠ પ્રાણવાનો માટે જ શક્ય બનશે. અનિષ્ટોનો નાશ કરવાનું અને ઉજ્જવળ ભવિષ્યને ધરતી પર સ્વર્ગ ઉતારવા જેવું ઉદાહરણ રજૂ કરવાનું દેવમાનવોની સંયુક્ત શક્તિથી જ સંભવ છે. આ જ ઉમંગને અદૃશ્ય ભગવાનનું સાકાર રૂપમાં અવતરણ કહી શકાય છે.

## પરિજનોની ભૂમિકા :

પ્રયાસોની ત્રણ દિશાધારાઓ છે.

૧. લોકમંગલ માટે જે પ્રત્યક્ષ ઉપાયો અપનાવવામાં આવી રહ્યા છે એમાં સહકાર આપવો.

૨. વિચારક્રાંતિને વ્યાપક બનાવવાની વિશિષ્ટ ભૂમિકા અદા કરવી.

૩. સામૂહિક આધ્યાત્મિક સાધનાથી સૂક્ષ્મ વાતાવરણમાં વ્યાપેલી પ્રતિકૂળતાને અનુકૂળતામાં ફેરવવી.

પ્રથમ સોપાનને રાજતંત્ર, અર્થતંત્ર તથા સ્વયંસેવી સંસ્થાઓ પૂર્ણ કરી રહી છે, તો પણ પ્રજ્ઞા પરિજનોએ એમાં યથાશક્તિ સહકાર આપવો જોઈએ. બાકીના બે ઉપેક્ષિત કાર્યો એવાં છે જેમને વિશેષ રૂપે યુગશિલ્પીઓએ પોતાના ખભે ઉપાડવાના છે. જનમાનસની શુદ્ધિ, સત્પ્રવૃત્તિઓ વધારો અને દુષ્પ્રવૃત્તિઓની નાબૂદી એક એવું મહત્ત્વનું કાર્ય છે, જેની મદદથી એ દુર્બુદ્ધિનો સામનો કરવાનો છે. આ વર્ષને ''સાધના તથા સંગઠન સશક્તિકરણ વર્ષ'' ઘોષિત કરવામાં આવ્યું છે. ગુરુવરનું કથન છે, આપણે એક નવું યુદ્ધ લડીશું. આપણે પરશુરામની જેમ લોકમાનસમાં જામેલી અનિચ્છનીયતાઓને વિચારરૂપી શસ્ત્રો વડે કાપીશું. માથા કાપવાનો અર્થ વિચાર બદલવાં એવો પણ થાય છે.

આપણે દરેક જણના મનમાં ઊંડે સુધી ઊતરેલા અજ્ઞાન અને અનાચારના આસુરી ધ્વજો ઉખાડી ફેંકીશું. આ યુગનું સૌથી મોટું અને સૌથી અંતિમ યુદ્ધ આપણું જ હશે. જે મહાભારત કરતાં ઓછું નહિ હોય. આ જ અવતાર છે, જે યુગ અવતાર નિષ્કલંક ભગવાન દ્વારા થવાનો છે, તે બીજું કોઈ નહિ પણ વિશુદ્ધ રૂપથી આપણું યુગ નિર્માણ આંદોલન છે.

## પરિવર્તનની ધરી-સાધનાની શક્તિ:

યુગ પરિવર્તન સુનિશ્ચિત છે. અણસમજ દૂર કરીને આપણે સૌએ એ જ કાર્યને પૂર્ણતા સુધી પહોંચાડવાના લક્ષ્યમાં સામેલ થઈ જવું જોઈએ, પરંતુ આ કાર્ય ટોળાં કે તંત્ર દ્વારા શક્ય નથી. પરિવર્તન અધ્યાત્મની ધરી પર જ


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

થશે, સાધનાની શક્તિથી જ થશે. સાધના મિશનનો પ્રાણ છે.

પૂજ્ય ગુરુદેવ દ્વારા અખંડ દીપ પ્રજ્જવલન તથા તપસાધનાથી મિશનનો શુભારંભ થયો. ત્યારથી દરેક મહત્ત્વપૂર્ણ સોપાન પર આપણા દેવ પરિવારને નવી પ્રખરતા તથા શક્તિ આપીને આગળ વધારવાનો ક્રમ ઋષિસત્તા દ્વારા ચલાવવામાં આવતો રહ્યો છે હવે જ્યારે જીવનના દરેક ક્ષેત્રે આધ્યાત્મિક જીવનસૂત્રોની ઉપયોગિતા સમજાઈ રહી છે ત્યારે આપણે સમયની માંગને પૂર્ણ કરવા માટે એક નવા જોશ સાથે ઊતરવું પડશે. તેથી જ આ વર્ષને સાધના તથા સંગઠન સશક્તિકરણ વર્ષ કહેવામાં આવ્યું છે. એ માટે સૂત્ર છે 'યુગઋષિ દ્વારા જીવન સાધના'ના એ સૂત્રોને જીવનમાં ઊતારીએ, જેના માધ્યમથી સમયના પડકારો મુજબ પ્રખર તથા પરિષ્કૃત સંગઠનને બળવાન અને વ્યવસ્થિત બનાવી શકાય.

ગાયત્રી પરિવારના સંગઠનાત્મક માળખાને વ્યવસ્થિત અને પ્રભાવી બનાવવા માટે સમર્થ સમયદાનીઓની વધુ પ્રમાણમાં જરૂર છે. બે કરોડ નિષ્ઠાવાનોને નવસર્જનના કાર્યોમાં સુનિયોજિત કરતા રહેવા માટે બે લાખ તેજસ્વી અગ્રદૂત તેમનામાંથી જ તૈયાર થઈને આવશે.

## મહાપુરશ્ચરણોનો વિશિષ્ટ ઉદ્દેશ્ય :

સાધનાને શક્તિ આપવા માટે એમાં સાહસિકતાનો સમાવેશ સૌથી વધારે મહત્ત્વનો છે. એકાકી ભજન એકાકી પરિણામ જ પેદા કરી શકે છે, પરંતુ સામૂહિક સાધનાનો પ્રભાવ બીજાઓને પ્રકાશ, પ્રોત્સાહન તથા અનુકરણની ઉમંગોનું પ્રદાન કરે છે, વાતાવરણમાં ઉપયોગી પ્રવાહ ઉત્પન્ન કરે છે.

મનુષ્યોની એક દિશામાં પ્રવાહિત થનારી માનસિક ધારાઓ જ્યારે મળે છે ત્યારે તેનો સૂક્ષ્મ જગતમાં એક પ્રવાહ બની જાય છે. સૂક્ષ્મદર્શીઓ જાણે છે કે જન સમુદાયની ભાવભરી મનઃસ્થિતિ જ્યારે પણ એકત્રિત થાય છે ત્યારે પ્રતિક્રિયાઓ અસામાન્ય પ્રતિફળ પ્રદાન કરે છે. મહાપુરશ્ચરણોથી બ્રહ્માંડમાં વ્યાપ્ત કુસંસ્કારોના શમન અને શક્તિ ઉત્કર્ષણની એક એવી વિજ્ઞાનસંમત પ્રક્રિયા ઉત્પન્ન થશે, જેથી નજીકના સમયમાં જ માનવીય પ્રગતિ અને તેની સુખશાંતિની પરિસ્થિતિઓ ખેંચાતી આવશે.

સાધનાનું સ્તર વધાર્યા વિના, પ્રખરતાનું ઉપાર્જન કર્યા વિના એ મહાયજ્ઞની તૈયારી થઈ નહિ શકે. સાધનાનો અર્થ છે- સમર્પણ, અહંનું વિસર્જન, વિલય. સમર્પણ જેટલું સમગ્ર હશે, તેટલા જ વ્યાપક પ્રમાણમાં આપણે ગુરુસત્તાની ચેતના, સિદ્ધિઓ તથા શક્તિઓને ધારણ પણ કરી શકીશું. તેટલી જ ઝડપથી જીવન પણ પરિવર્તિત થવા લાગશે. પરમપૂજ્ય ગુરુદેવે માનવ ઈતિહાસમાં પ્રથમ વાર જીવન અને સાધનાને એકરૂપ કરી બતાવ્યું. સાધનાને જીવન જીવવાની કળાનું નામ આપીને તેમણે સાર્વજનિક બનાવી તથા લાખો હીરાઓને ચમકાવીને તેમના જીવનસ્તરને ઊંચે ઊઠાવી દીધા. પૂજ્ય ગુરુદેવે લખ્યું છે કે ''સંસારના દરેક દેશમાં, જનજીવનના દરેક ક્ષેત્રમાં અનેક ભાગીદારોનું સૃર્જન કરવું તે અમારી તપશ્ચર્યાનું પ્રયોજન છે. અમે જે અગ્નિમાં આગામી દિવસોમાં તપીશું, તેની' ગરમી અસંખ્ય જાગૃત આત્માઓ અનુભવશે. લોકસેવીઓની એક એવી ઉત્કૃષ્ટ ચતુરંગીની સેના ઊભી કરવાની છે, જે અશક્યને શક્ય બનાવી દે. નરકને સ્વર્ગમાં ફેરવી નાંખે. આ અમારા જ્વલંત જીવનક્રમનો અંતિમ ચમત્કાર હશે.''

ઉપરના વાક્યોમાંથી જે આગ ઝરતી દેખાય છે, તેની ગરમી આપણે સૌ અનુભવી શકીએ છીએ. આપણે સૌને જો સ્વયં તેમના શિષ્ય હોવાની અનુભૂતિ જાગૃત આત્મામાં થાય છે, તો આપણે પણ પોતાને એ ચતુરંગીનીનું એક અંગ માનીને ઉત્કૃષ્ટ સ્તરના સાધકના રૂપમાં ગાયત્રી જયંતી ૨૦૦૨થી પોતાની તૈયારી શરૂ કરી દેવી જોઈએ. આ કેવી રીતે થાય, કેવી રીતે તેમાં વધારો થઈ શકે અને જન જન સુધી સાધના દ્વારા આત્મશક્તિના ઉપાર્જનનો સંદેશ પહોંચે તેનું માર્ગદર્શન યુગ શક્તિ ગાયત્રીના આગામી અંકોમાં પ્રકાશિત થતું રહેશે.


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

આપણે સૌએ સમયની વિષમતા, સંધિકાળની ગંભીરતા તથા સામૂહિક સાધનાના માધ્યમથી સમષ્ટિ-મનના જાગરણ અને અદૃશ્ય જગતના અનૂકૂલનની પ્રક્રિયાને સમજવી જોઈએ તથા તે મુજબ જ પોતાના જીવનની રીતિનીતિનું નિર્ધારણ કરવું જોઈએ.

ચોવીસ-ચોવીસ લાખના ચોવીસ વર્ષના ચોવીસ મહાપુરશ્ચરણોનું પૂજ્ય ગુરુદેવનું તપ એક મૂડીના રૂપમાં ફિક્સ ડીપોઝીટની જેમ સુરક્ષિત રાખવામાં આવ્યું છે. જેને તેમની સૂક્ષ્મ અને કારણ સત્તા દ્વારા યુગ પરિવર્તન માટે જ નિયોજિત કરવામાં આવનાર છે. આજે આપણે જે સ્થિતિમાં આવીને ઊભા છીએ, તે વિશ્વવસુધાના ભાગ્યને નવેસરથી લખવા માટેની ઘડી કહી શકાય છે. આવા સમયે જો કોઈ પણ પરિજન આ સુયોગથી વંચિત રહે, તો તેને એક વિડંબના સિવાય કશું કહી ન શકાય. એક શ્રેષ્ઠ સાધકના રૂપમાં સ્વયંનું નિર્માણ કરી પોતાની સંગઠન ક્ષમતામાં વધારો કરીને વધુમાં વધુ વ્યક્તિઓને મંત્રલેખન સાધનાથી જોડવી તે મહાનતમ યુગધર્મ કહી શકાય. આવા વિષમ સમયમાં બીજા બધા કાર્યો એક બાજુએ રાખીને માત્ર મહાકાળની ઈચ્છાનુસાર જ પોતાની ઈચ્છા-આકાંક્ષાઓનું નિયોજન કરવું જોઈએ. આ સમય જીવનસાધના દ્વારા પોતાની આત્મશક્તિ વધારવા માટે નિયોજિત થવો જ જોઈએ, સાથે સાથે તેને પોતાની સાથે વધુમાં વધુ પરિજનોને સુરક્ષા કવચ નીચે લાવવા માટે લગાડવો જોઈએ. વિશ્વશાંતિ માટે દરેક ગામે મંત્રલેખન મહાઅભિયાન કરવાનું છે. જેમના ખભે સંગઠનકર્તા, યુગસર્જક, યુગસેના નાયક જેવી ગંભીર જવાબદારીઓ છે, તેમણે ભારતના સાત લાખ ગામડાઓમાં પોતાના સહયોગીઓના માધ્યમથી ભારતના દરેક ક્ષેત્રને ગાયત્રી સાધનામય બનાવવાનું છે. ગાયત્રી તપોભૂમિના સુવર્ણ જંયતી વર્ષમાં સંગઠનનો વિસ્તાર કરવાનો છે, નવા સાધક બનાવવાના છે અને શક્તિપીઠો, પ્રજ્ઞાપીઠો, પ્રજ્ઞામંડળો, મહિલામંડળો વગેરેના માધ્યમથી ગાયત્રી મંત્રલેખનની સ્થાપના માટે સૌના સહકારથી ખૂબ મોટા પાયે ગાયત્રી મંત્રલેખન કરાવવાનું છે. આપ સૌ પરિજનોના સહકારના આધારે એ સંકલ્પ લેવામાં આવ્યો છે કે દેશભરમાં પ્રથમ ચરણમાં એક હજાર પ્રજ્ઞા સંસ્થાનો પર ગાયત્રી મંત્રલેખન સ્થાપવામાં આવે. આ પ્રજ્ઞા સંસ્થાનોમાં ચોવીસ હજાર સાધકો દ્વારા ચોવીસ સો ગાયત્રી મંત્રલેખન અનુષ્ઠાનના પુસ્તકો લખાવીને સ્થાપવામાં આવશે. પૂજ્ય ગુરુદેવે લખ્યું છે કે પ્રત્યેક ગાયત્રી ઉપાસકના હાથે લખેલા ગાયત્રી મંત્ર ભાવના, તપસ્યા, શ્રમ, સાધના, શ્રદ્ધા તથા આત્મશક્તિનું એક સ્થળે કેન્દ્રીકરણ થવાથી એ સ્થળે એક પ્રચંડ બ્રહ્મતેજ પ્રજ્જવલિત રહેશે. એ સ્થળે માત્ર બેસવાથી કોઈ પણ અશાંત વ્યક્તિને શાંતિ મળી શકે છે. આ આધ્યાત્મિક શક્તિકેન્દ્રના નિર્માણમાં પ્રત્યેક ગાયત્રી ઉપાસકે ભાગ લેવો જોઈએ.

## કેવી રીતે કરશો :

પૂર્ણ સમયદાની, પરિવ્રાજક, વાનપ્રસ્થી, સમર્થ સશક્ત શક્તિપીઠો તથા જાગૃત શાખાઓના કર્મઠ ભાઈબહેન પોતાના ક્ષેત્રમાં ચોવીસ હજાર સાધકો દ્વારા ૨૪૦૦-૨૪૦૦ ગાયત્રી મંત્રલેખનના અનુષ્ઠાન કરાવવા માટે ૨૪૦ એવા ગાયત્રી પ્રચારક તૈયાર કરે, જેઓ ૧૦૦-૧૦૦ સાધકો દ્વારા એક-એક અનુષ્ઠાન કરાવી શકે. સો સાધક તૈયાર કરવા માટે ૨૦-૨૫ ઘરોનો સંપર્ક કરવાથી લક્ષ્ય પૂરું થઈ જાય છે, કેમ કે પ્રત્યેક ઘરમાં ચાર-પાંચ સુશિક્ષિત વ્યક્તિ મળી જાય છે, જે મંત્રલેખન કરી શકે છે. પ્રત્યેક મંત્રલેખન સાધક સપ્તાહમાં એક દિવસ રવિવાર અથવા ગુરુવારે એક સમય ભોજન કરીને ઉપવાસ કરશે. ઉપવાસથી થયેલ ન્યૂનતમ પાંચ રૂપિયાની બચત જ્ઞાનયજ્ઞ માટે ખર્ચવાની ભલામણ કરવામાં આવી રહી છે. આખા વર્ષના બાવન ઉપવાસોથી બસો સાઈઠ રૂપિયાની બચત થાય છે. પચાસ પોકેટ બુક્સની સુવર્ણ જયંતી પુસ્તક માળા (દરેકના ૫૦ પૈસા) પ્રકાશિત કરવામાં આવી રહી છે. પ્રત્યેક સાધક પાસેથી ૨૫૦ રૂપિયા લઈને પાંચસો પુસ્તકો આપવાના છે. સાધક તેમનો સ્વાધ્યાય કરીને વહેંચી દેશે. આ રીતે જપના રૂપમાં જ્ઞાનદાન થઈ જશે. બધા સાધકો તેમના ક્ષેત્રમાં ગાયત્રી જયંતી ૨૦૦૩ સુધી પોતાના અનુષ્ઠાનની પૂર્ણાહુતિ કરી લેશે. એકકુંડી યજ્ઞ અથવા દીપયજ્ઞના માધ્યમથી પૂર્ણાહુતિ કરાવીને ત્યાં પ્રજ્ઞામંડળની સ્થાપના કરવામાં આવશે.

જ્યાં એકલા કાર્યકર્તા હોય, પ્રજ્ઞાપીઠ કે શક્તિપીઠ ન હોય, વધારે પ્રાણવાન પરિજન બનાવવાની ક્ષમતા ન હોય ત્યાં દરેક કર્મઠ પરિજન દસ ગામોમાં દસ પ્રચારક તૈયાર કરે તથા એ દસ પ્રચારકોના માધ્યમથી એક હજાર સાધકો દ્વારા ૨૪ લાખ મંત્રલેખનનું એક



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

અનુષ્ઠાન કરી શકે છે. એક હજાર મંત્રલેખન બુક લખાવીને પોતાના શાખા કાર્યાલયમાં દેવમંચના બાજઠ પર સ્થાપના કરી શકાય છે.

બધા સાધકો પાસેથી પુર્ણાહુતિ વખતે એક-એક સોપારી એકત્રિત કરી લેવામાં આવે. ચોવીસ હજાર કર્મઠ પ્રચારક પોતપોતાના સાધકોની સોપારીઓ પોતાની સાથે લઈને ગાયત્રી જયંતી ૨૦૦૩ના રોજ ગાયત્રી તપોભૂમિ, મથુરા આવીને બધા સાધકો વતી પૂર્ણાહુતિ યજ્ઞમાં સોપારીઓ સમર્પિત કરશે, જેથી સુવર્ણજંયતિ પૂર્ણાહુતિમાં બધા સાધકોનું પ્રતિનિધિત્વ થઈ શકશે.

જનશક્તિની ચંડી અન્ય બધા દેવતાઓ કરતાં વધારે શક્તિશાળી છે, શતચંડી, સહસ્ત્રચંડી, લક્ષચંડીની પાઠપૂજા એક સમયે જે કાર્ય કરી શકતા હતા તે કાર્ય હવે સંઘશક્તિના સંગઠનથી જ શક્ય છે. વ્યાપક અસુરતાનો સામનો કરવા માટે આ જ મહાશક્તિનું અનુષ્ઠાન જરૂરી છે. આ જ લક્ષ્યને સામે રાખી આ વખતે ગાયત્રી મહામંત્ર લેખન અભિયાનનું આયોજન કરવામાં આવ્યું છે. જેની અતંર્ગત એક હજાર સ્થળોએ મંત્રલેખન બુકો સ્થાપવાની છે.

આ ગાયત્રી મંત્રલેખન મહાયજ્ઞ, બે કરોડ ચાળીસ લાખ સાધકો દ્વારા ૨૪૦૦ ગાયત્રી મંત્રલેખનના લઘુ અનુષ્ઠાનના તપઅંશના સંગ્રહનું આયોજન વિશ્વવ્યાપી સંકટો નિવારવા માટે તથા વિશ્વશાંતિ માટે કરતા રહી અંતરિક્ષમાં છવાયેલાં આ કાળા વાદળોને હટાવવા માટે આધ્યાત્મિક શસ્ત્રના રૂપમાં તૈયાર કરવામાં આવી રહ્યું છે. ગાયત્રી પરિવારના સાધકોના તપઅંશ સંગ્રહનું આ સંગઠનાત્મક સહસ્ત્રચંડી પુરશ્ચરણ છે. જયાં અશ્વમેધ યજ્ઞ થઈ ચૂક્યા છે એવી મુખ્ય શક્તિપીઠો અને જે જિલ્લાઓની શાખાઓ સમર્થ અને સશક્ત છે ત્યાં ૨૪૦ કાર્યકર્તા તથા પ્રચારકો સો-સો સાધક તૈયાર કરીને પ્રજ્ઞામંડળ સ્થાપી ૨૪૦૦૦ સાધકો દ્વારા ૨૪૦૦ મંત્રલેખનના એક અનુષ્ઠાનનો તપઅંશ સંગ્રહ કરવામાં સમર્થ છે, એવા એક હજાર સ્થળોએ મંત્રલેખન બુકો સ્થાપવાનું અમારું લક્ષ્ય છે.

પ્રાચીનકાળમાં ઋષિઓ-દેવતાઓએ શક્તિ એકત્રિત કરીને મહાચંડી તથા સીતાને ઉત્પન્ન કર્યા હતા. તેમના દ્વારા જ અસુરોનો સંહાર થયો હતો. આજે પણ વિશ્વવ્યાપી અસુરતા તેની આગળ અસફળ જ થાય છે. આ અસફળતા તથા પરાજયોની શક્તિ જે ચંડીમાં, જનશક્તિમાં અને સંઘશક્તિમાં છે તેનું આહ્વાન કરવાનું આજે આવશ્યક બની ગયું છે. મહાકાળની દિવ્ય શક્તિઓની દિવ્ય પ્રેરણાનો આદેશ સહસ્ત્રચંડી માટે થયો છે.

### મંત્રલેખન બુકો તથા સુવર્ણજયંતી પુસ્તકમાળાના પચાસ પુસ્તકો મંગાવવા માટેની વ્યવસ્થા કેવી રીતે કરશો :

સ્થાનિક સ્તરે સમર્થ તથા ઉદાર દાની આત્માઓને કાર્યક્રમનું મહત્ત્વ સમજાવીને પ્રથમ ચરણમાં ચોવીસ હજાર મંત્રલેખન બુકો અથવા એક હજાર બુકો, જેવો સંકલ્પ હોય તે મુજબ એકસાથે મંગાવવા માટે એક લાખ વીસ હજાર રૂપિયા ચોવીસ હજાર મંત્રલેખન બુકો માટે અને પાંચ હજાર રૂપિયા એક હજાર બુકો માટે આપસમાં પાછા આપવાની શરતે સમાન વિચારધારાના લોકો પાસેથી અથવા પોતાના ઈષ્ટમિત્રો પાસેથી પ્રાપ્ત કરી સંપૂર્ણ રકમનો ડ્રાફ્ટ યુગનિર્માણ યોજના, શાખા અમદાવાદના નામે સત્વરે ઓર્ડર મોકલી આપવો, જેથી છપાવીને મોકલવાની વ્યવસ્થા કરી શકાય. આનાથી પ્રચારકાર્યમાં બાધા નહિ આવે. કાગળની વ્યવસ્થા કરવામાં, છપાવવામાં અને મોકલવામાં સમય થાય તે સ્વાભાવિક છે. તેથી ઓર્ડર મોડાં મળવાથી મોકલવામાં વિલંબ થઈ શકે. મંત્રલેખન બુકમાં આઠ પૃષ્ઠ વધારી રહ્યા છીએ. તેનું મૂલ્ય ન વધારતાં નુકસાનની ભરપાઈ અનુદાન દ્વારા પૂર્ણ કરીશું. મંત્રલેખન બુકોનું વેચાણથી વિતરણ થવાથી એ જ રકમથી પચાસ પુસ્તકોના સેટ મંગાવીને સાધકો પાસેથી બસો પચાસ રૂપિયા પ્રાપ્ત કરી ધનસંગ્રહ કરી શકાય છે. મધ્યમ પરિવારો પાસેથી માસિક રકમ લઈને દર મહિને બુકો આપી શકાય છે. ઉધાર લેવામાં આવેલ રકમ એક વર્ષનું અભિયાન પૂરું થયા બાદ પાછી આપી શકાય છે. શાખા, શક્તિપીઠ અથવા ધનવાન પરિજનો પાસે તેમનું પોતાનું ધન હોય તો ખર્ચીને સંકલ્પ પૂર્ણ થયા બાદ પોતાનું ધન પાછું લઈ શકાય છે. આ પ્રક્રિયાથી આપ સૌની ઉપર તથા આપની સંસ્થા તપોભૂમિ પર આર્થિક દબાણ નહિ પડે અને યથાસમયે પ્રચાર સામગ્રી મોકલવામાં સુવિધા થશે, પ્રચાર કાર્યમાં બાધા નહિ આવે.



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# ઋષિ ચિંતનના સાંનિધ્યમાં ગ્રંથની સ્થાપના માટે અનેરો ઉત્સાહ......

અમૃતભાઈ બી. પટેલ, પોસ્ટ નવા રેવાસ જી. સાબરકાંઠા, ગાયત્રી પ્રજ્ઞાપીઠ રાંદેર સુરત, ગાયત્રી પ્રજ્ઞાપીઠ થરાદ જી. બનાસકાંઠા, ઉર્મિલાબેન પટેલ વલ્લભવિદ્યાનગર, ગાયત્રી પરિવાર ટ્રસ્ટ ગાંધીધામ, ગાયત્રી શક્તિપીઠ પાટણ, ગાયત્રી શક્તિપીઠ ગાંધીનગર, હર્ષિદાબેન ત્રિવેદી સરદારગંજ આણંદ, ગાયત્રી પરિવાર મહિલા સ્વાધ્યાય મંડળ ભોલાવ જી. ભરુચ, યુગ નિર્માણ સાહિત્ય વિતરણ કેન્દ્ર માંજલપુર વડોદરા, મહિલા સ્વાધ્યાય મંડળ શાંતાબહેન બી. પટેલ શાહીબાગ અમદાવાદ, ગાયત્રી શક્તિપીઠ મહેસાણા, ગાયત્રી શક્તિપીઠ સંતરામપુર, ગાયત્રી શક્તિપીઠ એ.બી.સી. લીમીટેડ ભરુચ, ગાયત્રી પરિવાર શાખા મોરબી, ગાયત્રી પરિવાર શાખા ચંદુભાઈ મારવાડી રાજપીપળા, ગાયત્રી પરિવાર મહિલા મંડળ જી.આઈ.ડી.સી. વાપી, પરેશભાઈ કે. પ્રજાપતિ નવરંગપુરા અમદાવાદ, ચંદ્રિકાબેન આર. પટેલ પોસ્ટ કુકરવાડા જી. મહેસાણા, ભગવાનદાસ આહુજા ગાયત્રી જ્ઞાનઘટ ભુજ, ગાયત્રી પરિવાર શાખા માંડવી જી. સુરત, ગાયત્રી જ્ઞાન પ્રચાર કેન્દ્ર બીપીનચંદ્ર વૈદ્ય આણંદ, વેદમાતા ગાયત્રી ટ્રસ્ટ શાંતિકુંજ હરિદ્વાર, ગાયત્રી શક્તિપીઠ માધાપર જી.કચ્છ, કનૈયાલાલ ટી. સુથાર દેવગઢબારીયા, ગીતાબેન આર. ભાવસાર પંચતીર્થ એપાર્ટમેન્ટ ગાંધીનગર, ગાયત્રી પરિવાર શક્તિકુંજ શાખા નરોડા અમદાવાદ, ગાયત્રી પ્રજ્ઞા મંદિર રાણીપ, યુગ સાહિત્ય પ્રચાર કેન્દ્ર વરાછા રોડ સુરત, બાબુભાઈ આઈ. પટેલ ઘાટલોડિયા અમદાવાદ, જયેન્દ્રભાઈ બી. મિશ્રા કોડિનાર જી. જૂનાગઢ, લક્ષ્મીશંકર વી. ઉપાધ્યાય શાહીબાગ અમદાવાદ, શંકરભાઈ એમ. પંચાલ મહાવીરનગર હિંમતનગર, અનસૂયાબેન પંડ્યા ઈસનપુર અમદાવાદ, અશ્વિનભાઈ પટેલ 'ઘ' રોડ ગાંધીનગર, ગાયત્રી શક્તિપીઠ વિજાપુર, ગાયત્રી પરિવાર શાખા પાલનપુર, ગાયત્રી શક્તિપીઠ કલ્યાણનગર જી. સુરેન્દ્રનગર, ભાવનગર જિલ્લા ગાયત્રી પરિવાર ટ્રસ્ટ ભાવનગર, આશાબેન જે. ઉપાધ્યાય ભાવનગર, પ્રવિણભાઈ આર. ત્રિવેદી ભાવનગર, બીપીનભાઈ માધવાણી ભાવનગર, નિકુંજભાઈ સી. ભટ્ટ ભાવનગર, પ્રતાપસિંહ બી. ઝાલા ભાવનગર, નંદલાલભાઈ ધાંધલિયા ભાવનગર, ધીરજલાલ કોકરિયા ગાયત્રી શક્તિપીઠ ઘોઘા રોડ ભાવનગર, ઘનશ્યામભાઈ ગોહિલ ભાવનગર, ગાયત્રી પ્રજ્ઞાપીઠ પાલિતાણા, ગાયત્રી શંક્તિપીઠ ગારિયાધાર, મંજુલાબેન ઝાલાવાડિયા ભાવનગર, ગાયત્રી શક્તિપીઠ ધોળકા, ગાયત્રી પરિવાર પ્રજ્ઞા મંડળ મંગલમૂર્તિ ઘોડાસર અમદાવાદ, બાબુભાઈ ડી. પટેલ ઘોડાસર અમદાવાદ, કનુભાઈ હરિભાઈ પટેલ મિત્રમિલન સોસાયટી નારણપુરા અમદાવાદ, ગાયત્રી જ્ઞાન મંદિર 3822, W LOUISE SKOKIC IL-60076 U.S.A., KALIDASBHAI D. PANCHMATIA WITHINGTON MANCHESTER U.K., SRI AJIT J. & J. K. PATEL 4298 VASSAR DR TROY MI 48098 U.S.A., GAYATRI GYANMANDIR 8106 OAKTON STREET NILES U.S.A., ગાયત્રી પ્રજ્ઞાપીઠ આંબાવાડી વિસનગર, ગાયત્રી શક્તિપીઠ બહુચરાજી, ગાયત્રી શક્તિપીઠ પાટણ, રામજીભાઈ પટેલ મુલુંડ મુંબઈ, વનવારીલાલ ભારદ્વાજ રાજપીપળા, ગાયત્રી પરિવાર નવરંગુપરા અમદાવાદ, વસંતભાઈ ખમાર કલોલ, ગાયત્રી શક્તિપીઠ કલોલ, ગાયત્રી પરિવાર મેમનગર અમદાવાદ, ચતુરભાઈ ચોકસી રાણીપ, ગાયત્રી પરિવાર ચાંદખેડા, ગાયત્રી પરિવાર બોપલ, ગાયત્રી પરિવાર શ્રેયસ ટેકરા અમદાવાદ, ગાયત્રી પરિવાર મહિલા મંડળ આંબાવાડી અમદાવાદ, ગાયત્રી પરિવાર શાખા જી.ઈ.બી. કોલોની ગાંધીનગર, સુમનબેન રમેશભાઈ પટેલ અમદાવાદ, કંચનલાલ ફોગટલાલ પંચાલ સેટેલાઈટ અમદાવાદ, અનસૂયાબેન પંડ્યા અમદાવાદ, ગાયત્રી પ્રજ્ઞામંદિર વટવા, ગાયત્રી શક્તિ મંદિર શીવરાજપુર જી. રાજકોટ, ગાયત્રી પ્રજ્ઞાપીઠ બબલભાઈ ચૌધરી વીસનગર, નરેન્દ્રભાઈ ત્રિવેદી વડોદરા, ચેતનાબેન પરેશભાઈ મહેતા સેટેલાઈટ અમદાવાદ, ભાવનાબેન જી. પંચોલી સેટેલાઈટ અમદાવાદ, વિજયભાઈ મોર સેટેલાઈટ અમદાવાદ, વસંતબેન આસુતોષ મહેતા સેટેલાઈટ અમદાવાદ, પ્રાણલાલભાઈ સોની નારણપુરા, તુલસીભાઈ પી. પટેલ નારણપુરા, જયંતિભાઈ સોલંકી ચાંદલોડિયા

-ક્રમશઃ

---

*નોંધ : પાંચ કે તેથી વધુ ગ્રંથ એક સાથે મેળવનાર પ્રચારકોની યાદી આ ક્રમમાં પ્રકાશિત થાય છે.*


## ૨૦૦ થી વધુ ગ્રંથ સ્થાપના

- ગાયત્રી શક્તિપીઠ ગાંધીનગર
- હર્ષિદાબેન ત્રિવેદી આણંદ
- યુગનિર્માણ સાહિત્ય વિતરણ કેન્દ્ર માંજલપુર વડોદરા
- ગાયત્રી શક્તિપીઠ મહેસાણા
- ગાયત્રી શક્તિપીઠ ભરુચ
- વેદમાતા ગાયત્રી ટ્રસ્ટ શાંતિકુજ હરિદ્વાર
- હરિશંકરભાઈ પંડ્યા ગાયત્રી પરિવાર ટ્રસ્ટ ડાયમંડચોક ભાવનગર




**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

R. N. I. 23434/71 YUG SHAKTI GAYATRI GUJARATI MONTHLY REGD No. AG/MTR-39 Licened to post without Prepayment. LICENCE-AG/MTR-01




ગાયત્રી તપોભૂમિ મથુરાના સુવર્ણ જયંતી વર્ષની પૂર્વ વેળામાં આયોજીત સુવર્ણ જયંતી શિબિરોની શૃંખલામાં ઉદ્‌બોધન કરતા વિચારક્રાંતી અભિયાનનાં વ્યવસ્થાપક આદરણીય શ્રી ચૈતન્યજી



ગોષ્ઠીમાં સામિલ પરિજનો

માલિક યુગ નિર્માણ યોજના ટ્રસ્ટ મથુરા માટે  મૃત્યુંજય શર્મા દ્વારા પ્રકાશિત તથા યુગ નિર્માણ યોજના પ્રેસ મથુરામાં મુદ્રિત અને યુગ નિર્માણ યોજના ટ્રસ્ટ મથુરાથી પ્રકાશિત-સંપાદક ડૉ. પ્રણવ પંડ્યા, સહ સંપાદક-ઘનશ્યામભાઈ પટેલ



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.